ॐ हीँ अहँ नम :

શ્રી બુધ્ધિઅજિત સાગર સૂરિ ગુરુભ્યો નમ :



# જ્યોતિષ રહસ્ય



: સંપાદક :

પરમપૂજ્ય સાહિત્ય ભુષણ જ્યોતિષ માર્તંડ મુનિશ્રી
કસ્તુરસાગરજી મહારાજ સાહેબ

.: પ્રકાશક :

શ્રી બુધ્ધિઅજિત સાગરસુરી જૈન જ્ઞાન મંદિર

: વ્યવસ્થાપક :

કનૈયાલાલ ગીરધરલાલ મહેતા
ઠે. ૯, કારીઆ નિવાસ ૧લે માળે,
નેતાજી સુભાષ રોડ, મુલુન્ડ (વેસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૮૦.

પરમ પૂજ્ય સાહિત્ય ભુષણ જ્યોતિષ માર્તંડ
મુનિશ્રી કસ્તુરસાગરજી મહારાજ સાહેબ ની શુભ
પ્રેરણાથી આગળથી ગ્રાહકો થનારની શુભ નામાવલી

| નકલ | નામ | ગામ |
|---|---|---|
| ૨૫૦ | શાહ કરમશી દેવજી છેડા | લુણી (કચ્છ) |
| ૧૨૫ | શ્રી જેઠીબાઈ ધારશી વીરા<br>હા. વેલજી ધારશી | પ્રતાપુર (કચ્છ) |
| ૧૨૫ | શ્રી ભીખાલાલ હુકમચંદ શાહ<br>હા. જેઠાલાલભાઈ | ધાનેરા (બનાસકાંઠા) |
| ૭૫ | શાહ ખીમજી હરશી<br>હા. લહેરચંદ | ગુંદાલા (કચ્છ) |
| ૪૦ | શ્રી શાંતાબેન અમૃતલાલ<br>હા. પ્રકાશચંદ્ર | મુન્દ્રા (કચ્છ) |
| ૨૫ | શ્રી શાંતીલાલ એમચંદ શાહ | મોઢેરા (ઉ. ગુ.) |
| ૨૫ | શ્રી અશોકભાઈ નાનાભાઇ મરચન્ટ | સુરત. |
| ૨૫ | બાબુલાલ દલછારામ શાહ | કંથરાવી (ઉ. ગુ.) |
| ૨૫ | [illegible]કલાલ ભાઈચંદ શાહ | પોરબંદર |
| ૧૫ | શ્રી મનહરલાલ વૃજલાલ | અમરેલી. |
| ૧૫ | શ્રી પુષ્પાબેન કાકુભાઈ વેલજી | નાનાઆસંબીયા (કચ્છ) |
| ૧૫ | શ્રી મહેન્દ્રકુમાર રસિકલાલ કામદાર | સુરેન્દ્રનગર. |
| ૧૫ | શ્રી મંગળદાસ અમીચંદ શાહ | ધ્રાંગધ્રા. |
| ૫ | શ્રી નેમચંદ કાલીદાસ | ધાનેરા. |

ॐ ह्रीँ अर्हँ नम :

શ્રી બુદ્ધિઅજિત સાગર સૂરિ ગુરુભ્યો નમ :



# જ્યોતિષ રહસ્ય






: સંપાદક :

પરમપૂજ્ય સાહિત્ય ભુષણ જ્યોતિષ-માર્તંડ મુનિશ્રી

કસ્તુરસાગરજી મહારાજ સાહેબ



: પ્રકાશક :

શ્રી બુધ્ધિઅજિત સાગરસુરી જૈન જ્ઞાન મંદિર

: વ્યવસ્થાપક :

કનૈયાલાલ ગીરધરલાલ મહેતા

ઠે. ૯, કારીઆ નિવાસ ૧લે માળે,

નેતાજી સુભાષ રોડ, મુલુન્ડ (વેસ્ટ).

મુંબઈ-૪૦૦ ૦૮૦.

: વ્યવસ્થાપક :

કનૈયાલાલ ગીરધરલાલ મહેતા

અમરેલીવાલા

ઠે. ૯, કારિઆ નિવાસ ૧લે માળે,

નેતાજી સુભાષ રોડ,

મુલુન્ડ (વેસ્ટ).

મુંબઈ-૪૦૦ ૦૮૦

卐


પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

વીર સંવત ૨૫૦૨

વિક્રમ સંવત ૨૦૩૨

પડતર કિંમત ચાર રૂપીઆ

પોસ્ટેજ અલગ

વ્યવસ્થાપક ને ત્યાંથી મંગાવવા.


જ્યોતિષ જ્ઞાનના અભ્યાસી

પુજ્ય સાધુ સાધ્વીજી

તથા

જ્ઞાન ભંડારને ભેટ

પોસ્ટેજ ૫૦ પૈસા મોકલવા

卐

: ભેટ માટે પ્રાપ્તિ સ્થાન :

શ્રી સામાયિક સમિતિ

લક્ષ્મીચંદ ભીખાભાઈ

ઠે. ત્રિપાઠી ભુવન

૧૧, કૃષ્ણકુંજ ૧લે માળે,

ગોરેગામ (વેસ્ટ)

મુંબઈ-૪૦૦ ૦૬૨.





શ્રી કેવલીબેન હરગોવનદાસ સામેત્રાવાલા તરફથી
આ ગ્રુપ ફોટો દર્શનાર્થે મુકવામાં આવેલ છે.
હા: ભોગીલાલ હરગોવનદાસ શાહ
મુ: પાપડી ( વસઇ )

ગ્રંથના સંપાદક



પરમપૂજ્ય સાહિત્યભૂષણ જ્યોતિષમાર્તંડ
મુનિશ્રી કસ્તુર સાગરજી મહારાજ સાહેબ

પ્રસ્તાવના લેખક



પરમપૂજ્ય મુનિશ્રી
પ્રસન્નચંદ્ર વિજયજી મહારાજ સાહેબ

# પ્રસ્તાવના

મંથન કર્યા પછી નવનીત મળે છે. અનુભવ પછી જીવનમાં અમૃત લાધે છે. સાહિત્યભૂષણ જ્યોતિષ માર્તંડ મારા સ્નેહી મિત્ર મુનિવર્ય શ્રી કસ્તુર સાગરજી મહારાજ જ્યોતિષ શાસ્ત્રના સારા અભ્યાસી છે. જ્યોતિષ શાસ્ત્રના સાર રૂપે જ્યોતિષ રહસ્ય નામના નાનકડા પુસ્તકમાં જ્યોતિષના વિવિધ વિષયોને આવરી ટુંકાણમાં ગાગરમાં સાગર સમાવી નાખ્યો છે;

જ્યોતિષ શાસ્ત્ર એ એક પ્રાચીન શાસ્ત્ર છે. શુભ અશુભ કર્મના ઉદયોને બતાવનારૂં દીપક છે. ત્રિવિધ તાપથી તપતા મનુષ્યોના મનને સાંત્વન આપે છે. હિંમતપૂર્વક જીવન જીવવાની પ્રેરણા આપે છે. ધર્મના માર્ગે આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે. આ એક એવું સુક્ષ્મ શાસ્ત્ર છે એમાં જેટલા ઉંડા ઉતરીએ એટલું ઓછું છે. મુનિવર્ય શ્રી મિત્ર છે એ નાતે નહિ પરંતુ એક સારા જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસી છે. અને જ્યોતિષનો બહોળો પ્રચાર કરે છે. શસ્ત્ર અને શાસ્ત્રમાં ખાસ ફરક નથી. ફક્ત એક લીટીનો જ ફરક છે. જો સમજીને અધ્યયન કરીને સારા ક્ષેત્રમાં તેનો ઉપયોગ થાય તો અનેકોના માર્ગરક્ષક બની માર્ગદર્શક બને છે. મુનિશ્રીના ભક્તજનોનો

સમુદાય દિવસે ને દિવસે વધતો જાય છે. અતિ શ્રદ્ધાન્વિત થઇને બહુમાનની નજરે નિહાળતા હોય છે. શાસનદેવને આપણે પ્રાર્થના કરીએ છીએ મુનિશ્રી શાસનના વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી જીવનને ધન્ય બનાવે એજ શુભેચ્છા....

પરમ પૂજ્ય શતાવધાની આચાર્ય વિજય
**શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી**
મહારાજ સાહેબના પાદપંકજ
**મુનીશ્રી પ્રસન્નચંદ્ર વિજય**
જ્ઞાનમંદિર આરે રોડ, ગોરેગામ.
વીર સંવત ૨૫૦૨ માઘ શુકલ પ્રતિપદા


# જૈન ટી. વી. સેન્ટર

અમારે ત્યાં દરેક કંપનીના ટી. વી. સેટો તથા
ટેપ રેકર્ડો રીપેર કરવામાં આવે છે.
તેમજ ખરીદી માટે પણ અમારો સંપર્ક સાધો.

卐

ઠે. દવે બીલ્ડીંગ યુનીયન બેંકની બાજુમાં
એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).
મુંબઈ નં. ૪૦૦ ૦૬૨.

# પ્રકાશકીય નિવેદન

卐

શ્રી બુદ્ધિઅજિત સાગરસૂરિ જૈન જ્ઞાન મંદિર તરફથી ટુંક સમયમાં આ બીજું પ્રકાશન થાય છે. પ્રથમ પ્રકાશનમાં વિવિધ વિષય વિચાર વાટિકા પુસ્તક કે જેમાં મુખ્યત્વે પ. પૂ. સાહિત્ય ભૂષણ જ્યોતિષમાર્તંડ મુનિશ્રી કસ્તુર સાગરજી મહારાજ સાહેબના વિવિધ વિષયો ઉપર ચર્ચાત્મક પ્રશ્નો તથા બોધદાયક દૃષ્ટાંતો જે મુંબઇ સમાચાર જેવા લબ્ધ પ્રતિષ્ઠિત પેપરમાં પ્રસિદ્ધ થતા હતા તેનો સંગ્રહ કરીને છાપવામાં આવેલ. જે પુસ્તકને સારો એવો આવકાર પ્રાપ્ત થયો હતો. આ બીજું પુસ્તક પૂજ્ય મહારાજશ્રીએ પોતાના અભ્યાસ દરમ્યાન જે જે સંગ્રહ કર્યો હતો તે હવે વ્યવસ્થિત રીતે અન્યને પણ ઉપયોગમાં આવે તે હેતુથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ પુસ્તક સામાન્ય જનતા માટે ઉપયોગી નથી. જેને જ્યોતિષ શાસ્ત્ર વિષે થોડું જ્ઞાન હોય તેવા અભ્યાસીઓ માટે ખરેખર માર્ગ દર્શન રૂપ છે. આ પુસ્તક પ્રકાશનમાં સામાયિક સમિતિના સક્રિયસભ્ય શ્રી લક્ષ્મીચંદભાઇ ધાનેરા-વાલાની મુખ્ય પ્રેરણા છે.

અગાઉથી ગ્રાહકો બની જેમણે સહાય કરી છે તે સૌનો આભાર માનવામાં આવે છે. પુસ્તક પ્રકાશનમાં જે ખર્ચ થયો છે તે હિસાબે તેની પડતર કિંમતજ રાખવામાં આવી છે.

નિવેદક,

શ્રી બુદ્ધિઅજિત સાગરસૂરિ જૈન જ્ઞાન મંદિર વતી

**છગનલાલ અમરશી મોદી**

ઠે. કાલબાદેવી રોડ, ૧૯/૨૧ ઓવલવાડી, વિઠ્ઠલવાડી.

મુંબઈ નં. ૪૦૦ ૦૦૨. ટે. નં. ૨૫૩૮૯૦

# 卐 વિષય દર્શન 卐


| વિષય | પાનું |
|---|---|
| ગ્રહશાંતિસ્તોત્ર ... | ૧ |
| નવગ્રહના જાપ ... | ૩ |
| નવગ્રહનો સંયુકત મંત્ર .... | ૬ |
| સરસ્વતી મંત્ર ... | ૬ |
| લાભાલાભ પૃચ્છાચક્ર .... | ૭ |
| વ્યાપાર લાભ પ્રશ્ન ... | ૮ |
| વ્યાપાર લાભ પ્રશ્નોત્તર ... | ૯ |
| નષ્ટ વસ્તુ પ્રશ્ન .... | ૧૧ |
| બહારગામ ગયેલો પ્રશ્ન | ૧૨ |
| પંથારાહુ ચક્ર .... | ૧૩ |
| તિથીવાર નક્ષત્રથી યોગો | ૧૫ |
| શુભાશુભ યોગ વિચાર | ૧૬ |
| પ્રવાસચક્ર ... | ૧૭ |
| આનંદાદિ યોગો .... | ૧૮ |
| ચંદ્રબલ-શુભાશુભ કાર્યમાં | ૧૯ |
| સુર્ય રાહુ વિચાર ... | ૨૧ |
| કાર્ય સિદ્ધિ પ્રશ્ન ... | ૨૨ |
| લાભાલાભ પ્રશ્ન ... | ૨૪ |
| પ્રવાસી પ્રશ્ન .... | ૨૪ |
| અભ્યાસ પ્રશ્ન ... | ૨૫ |
| પુત્ર પુત્રી પ્રશ્ન ... | ૨૬ |
| પોતાનું વર્ષ કેવું જશે | ૨૬ |
| ચાલુ સંવત માસ કેવું જશે | ૨૭ |
| કેદી વિષે પ્રશ્ન ... | ૨૭ |

| વિષય | પાનું |
|---|---|
| હોદ્દા અધિકાર પ્રશ્ન ... | ૨૮ |
| પગાર વધશે પ્રશ્ન ... | ૨૮ |
| ખોવાયેલી ચીજ કયાં છે | ૨૮ |
| રોગી પ્રશ્ન વિચાર ... | ૨૯ |
| રોગ અને નક્ષત્ર .... | ૩૦ |
| નક્ષત્ર ચક્ર ... | ૩૧ |
| રાશિમેળ પરસ્પર વિચાર | ૩૨ |
| વરકન્યા મેળાપક .... | ૩૩ |
| પાઘડીએ મંગળ .... | ૩૪ |
| રાશિ ચક્ર .... | ૩૫ |
| ગ્રહ ચક્ર .... | ૩૬ |
| પૃથ્વી શયન વિચાર ... | ૩૭ |
| ખાત શિલા સ્થાપન ... | ૩૭ |
| ગૃહારંભ વિચાર ... | ૩૮ |
| ભૂમિ શલ્ય વિચાર ... | ૩૯ |
| પ્રતિમા વિચાર ... | ૪૦ |
| તીર્થંકર રાશિમેળ .... | ૪૧ |
| ૧૬ પ્રશ્નો વિચાર ... | ૪૨ |
| બત્રીશ લક્ષણો ... | ૬૦ |
| માન ઉન્માન પ્રમાણ ... | ૬૪ |
| સ્વાન વિચારો ... | ૬૪ |
| સ્વરોદય વિભાગ ... | ૭૧ |
| જન્મકુંડલી વિભાગ ... | ૮૪ |
| હસ્તરેખા વિજ્ઞાન ... | ૧૦૫ |
| મંત્ર વિભાગ ... | ૧૪૩ |

# જ્યોતિષ વિભાગ

સંપાદક : સાહિત્યભૂષણ જ્યોતિષ માર્તંડ
મુનિશ્રી કસ્તુરસાગરજી મહારાજ

卐 卐 卐 卐 卐

સુવર્ણ અક્ષરે લખતી વિધાતા, જે નશીબ ઘડતી
ભૂંસાવી ના શકે લીટી, કદાપિ ના તને ગમતી
જશે ફોગટ અખૂટ શકિત, અને બુદ્ધિ સમજ શકિત
વહે છો લાખ તુજ આંસુ, નહિં અક્ષર શકે પલટી

સંસારવર્તી દરેક જીવોને જેમ આધિ વ્યાધિ તથા ઉપાધિ આવે છે તેમ પ્રત્યેક મનુષ્યને એક પછી એક એમ નવેગ્રહો સારા નરસા નો ભાગ ભજવી બતાવે છે. શુભાશુભ કર્મના ઉદયથી જીવનમાં આવતા પ્રસંગો ગ્રહોના ગણિત શાસ્ત્રથી જાણી શકાય છે. પ્રતિકુળ ગ્રહો હોય ત્યારે ગભરાઇ જવું હતાશા અનુભવવી તે જરા પણ યોગ્ય નથી. પરંતુ તેવા સમયે જેમ વૈદ્ય ડોકટરો શારીરીક વ્યાધિ ને દૂર કરવા માટે ઔષધ કરે છે તેમ આપણાં પરોપકારી પૂર્વાચાર્યોએ ગ્રહોને શાંત કરવા સરલ અને સ્પષ્ટ ઉપાયો બતાવ્યા છે. તે તરફનો જ્ઞાન પ્રાપ્ત કરી તેની આરાધના કરવી જરૂરી છે. જેનાથી અનિષ્ટકાળ આપો આપ દૂર થઈ જશે અજ્ઞાની મનુષ્યો ઘણીવાર ગ્રહપીડાથી કંટાળી અફસોસ થી જીવન ગુજારે છે અને કેટલીકવાર બ્રાહ્મણો પાસે જાપ કરાવી પૈસા બરબાદ કરે છે. છેવટે ધારેલ કામમાં તો સફળતા મળતીજ નથી બીજો ખાય અને આપણું પેટ કેમ ભરાય? તેજ રીતે બ્રાહ્મણ જાપ કરે અને આપણને લાભ કઈ રીતે મળે? માટે ગ્રહની પ્રતિકૂળતામાં આરાધના સ્વયં પોતાનેજ કરવાની હોય છે. તેથી અમે આ સ્થળે ગ્રહશાંતિના રામબાણ જેવા અસરકારક ઉપાયો, સરલ નિર્દોષ અને શાસ્ત્ર સમંત છે તેવા ઉપાયો બતાવવામાં આવ્યા છે. જો માણસ શ્રદ્ધાપુર્વક અને વિધિપુર્વક જાપ પોતાની મેળે કરશે તો અવશ્ય તે ગ્રહ પીડામાંથી શાંતિ અનુભવી શકશે.

## શ્રી પંચમ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામી વિરચિત ગૃહપીડા નિવારણ

# ગ્રહશાન્તિ સ્તોત્ર

જગદ્ગુરૂં નમસ્કૃત્ય, શ્રુત્વાસદ્ગુરૂ ભાષિતમ્
ગ્રહશાંતિ પ્રવક્ષ્યામિ, ભવ્યાનાં સુખ હેતવે ॥ ૧ ॥

જન્મલગ્નેચરાશૌચ, યદાપીડયન્તિ ખેચરા:
તદાસંપુજ્યેત્ ધીમાન્: ખેચરૈ: સહિતાન્ જિનાન્ ॥ ૨ ॥

પુષ્પ ગંધૈ ધુપ દીપૈ: ફલ નૈવેદ્ય સંયુતૈ;
વર્ણસદ્દશ દાનૈશ્ચ, વસ્ત્રૈચ દક્ષિણાન્વિતૈ ॥ ૩ ॥

પદ્મપ્રભશ્ચ માર્તંડ:, ચંદ્રશ્ચદ્ર પભસ્યચ
વાસુ પૂજ્યશ્ચ ભૂ:સુત:, બુધોપ્યષ્ટ જિનેશ્વરા: ॥ ૪ ॥

વિમલાનન્ત ધર્માડરા:, શાન્તિ કુન્થુર્નમિસ્તથા
વર્ધમાંનો જિનેન્દ્રાણાં, પાદપદ્મે બુધોન્યસેત્ ॥ ૫ ॥

ઋષભાજિત સુપાર્શ્વા, શ્ચાભિનંદન શીતલૌ
સુમતિ: સંભવ સ્વામી, શ્રેયાંસશ્ચ બૃહસ્પતિ: ॥ ૬ ॥

સુવિધે: કથિત: શુક્ર, સુવ્રતસ્ય શનૈશ્ચર:
નેમેનાથસ્ય રાહુ: સ્યાત્, કેતુ શ્રીમલ્લિ પાર્શ્વયો: ॥ ૭ ॥

જિનાનામગ્રત: કૃત્વા, ગ્રહાણાં શાન્તિ હેતવે
નમસ્કાર શતં ભકત્યા, જપેદષ્ટોત્તરં શતમ્ ॥ ૮ ॥

ભદ્રબાહુ રુવાચૈવં, પંચમશ્રૃત કેવલી
વિદ્યા પ્રવાદત: પૂર્વાદ્, ગ્રહશાન્તિ વિધિ શ્રુતમ્ ॥ ૯ ॥

# નવગ્રહના વિધિપૂર્વક જપવાના જાપ

**સૂર્ય** = ૐ પદ્મપ્રભુ જિનેન્દ્રસ્ય, નામોચ્ચારેણ ભાસ્કર ।
શાંતિં, તુષ્ટિંચ, પુષ્ટિંચ રક્ષાંકુરુકુરુશ્રીયમ્ — ॥

દર રવીવારના એકવીશ દિવસ સુધી આયંબીલ તપ ની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવાની તથા સૂર્યની પીડા ચાલુ હોય ત્યાં સુધી દરરોજ ૐ હ્રીં નમો સિધ્ધાણં. એ મંત્રની દશ માળા ગણવાની.

**ચંદ્ર** = ૐ ચંદ્રપ્રભ જિનેન્દ્રસ્ય, નામ્ના તારા ગણાધિપ ।
પ્રસન્નોભવ શાંતિંચ, રક્ષાંકુરુ જય ધ્રુવમ્ ॥

દર સોમવારના એકવીશ દિવસ સુધી આયંબિલ તપ ની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવાની તથા ચંદ્રની પીડા ચાલુ હોય ત્યાં સુધી દરરોજ ૐ **હ્રીં નમો અરિહંતાણં** એ મંત્રની દશ માળા ગણવાની.

**મંગળ** = ૐ સર્વદા વાસુપૂજ્યસ્ય, નામ્ના શાંતિં જય શ્રીયમ્ ।
રક્ષાં કુરુ ધરા સૂનો ! અશુભોડપિ શુભોભવ ॥

દર મંગળવારના એકવીશ દિવસ સુધી આયંબિલ તપ ની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવામી તથા મંગળની પીડા ચાલુ હોય ત્યાં સુધી દરરોજ ૐ **હ્રીં નમો અરિહંતાણં** એ મંત્રની દશ માળા ગણવાની.

**બુધ** = ૐ વિમલાનન્ત ધર્મારા:, શાંતિ કુન્થુર્નમિસ્તથા ।
મહાવીરશ્ચ તન્નામ્ના, શુભો ભૂયા: સદા બુધ: ॥

દર બુધવારના એકવીશ દિવસ સુધી આયંબિલ તપની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવાની. તથા બુધની પીડા ચાલુ હોય ત્યાં સુધી દરરોજ ૐ હ્રીઁ નમો ઉવ્વજ્ઝાયાણં એ મંત્રની દશમાળા ગણવાની.

**ગુરૂ** = ૐ રૂષભાજિત સુપાર્શ્વાં, શ્ચાભિનંદન શીતલૌ ।
સુમતિ: સંભવસ્વામી, શ્રેયાંસશ્ચ જિનોત્તમ: ॥
એતત્તીર્થં કૃતાં નામ્ના, પૂજ્યોઽશુભ: શુભોભવ ।
શાંતિ. તુષ્ટિંચ પુષ્ટિંચ, કુરુદેવ ગણાર્ચિંત! ॥

દર ગુરૂવારના એકવીશ દિવસ સુધી આયંબીલ તપની આરાધના કરી ને ઉપરના મંત્રની માળા ગણવાની તથા ગુરૂની પીડા ચાલુ હોય ત્યાં સુધી દરરૌજ ૐ હ્રીઁ નમો આયરિયાણં એ મંત્રની દશ માળા ગણવાની.

**શુક્ર** = ૐ પુષ્પદંત જિનેન્દ્રસ્ય, નામ્ના દૈત્યગણાર્ચિંત! ।
પ્રસન્નો ભવ શાંતિંચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ॥

દર શુક્રવારના એકવીશ દિવસ સુધી આયંબીલ તપની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવાની તથા દરરોજ જ્યાંસુધી શુક્ર પીડા કરતો હોય ત્યાં સુધી ૐ હ્રીઁ નમો અરિહંતાણં એ મંત્રની દશ માળા ગણવાની.

**શનિ** = શ્રી સુવ્રત જિનેન્દ્રસ્ય, નામ્ના સૂર્યાંગ સંભવ! ।
પ્રસન્નોભવ શાંતિંચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ॥

દર શનીવારના એકવીશ દિવસ સુધી આયંબીલ તપની આરાધના કરીને ઉપરના મંત્રની એક માળા ગણવાની તથા શનિ પીડા કરતો હોય ત્યાંસુધી દરરોજ ૐ **નમો લોએ સવ્વસાહૂણં** એ મંત્રની દશ માળા ગણવાની.

રાહુ – ૐ નેમિનાથ તીર્થેશ, નામત: સિંહિકાસુત: ।
પ્રસન્નો ભવ શાંતિંચ, રક્ષાં કુરુ કુરુ શ્રીયમ્ ।।

દર શનીવારના અથવા રાહુ જે ગ્રહની સાથે રહીને પીડા કરતો હોય તે વારના એકવીશ આયંબિલ તપની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવાની તથા રાહુ પીડા કરતો હોય ત્યાં સુધી ૐ **હ્રીં નમો લોએ સવ્વ સાહૂણં** એ મંત્રની દશ માળા દરરોજ કરવાની.

કેતુ = ૐ રાહો: સપ્તમ રાશિસ્થ, કુરુચ પ્રસન્નોભવ ।
શ્રી મલ્લિ પાર્શ્વયો નામ્ના, કેતો! શાંતિજય શ્રિયમ્ ।।

દર શનીવારના અથવા કેતુજે ગ્રહની સાથે રહીને પીડા કરતો હોય તે વારના એકવીશ આયંબિલ તપની આરાધના કરીને ઉપરના મંત્રની માળા ગણવા ની તથા કેતુ પીડા કરતો હોય ત્યાં સુધી ૐ **હ્રીં નમો લોએ સવ્વસાહૂણં** એ મંત્રની દરરોજ દશ માળા ગણવાની.

# નવગ્રહનો સંયુક્ત મંત્ર

ૐ હ્રીઁ સૂર્યસોમાંગારક બુધ બૃહસ્પતિ શુક્રશનૈશ્ચરરાહુ કેતવ : સર્વેગ્રહા : મમ સાનુગ્રહા : ભવન્તુ સ્વાહા : ૐ હ્રીઁ અ, સિ, આ, ઉ, સા, નમ:

વિધિ–આયંબિલ તપ કરીને આ મંત્રના સાડા બાર હજાર જાપ કર્યા પછી નિરંતર એકમાળા ફેરવવાથી દરેક ગ્રહોની શાંતિ થાય છે.

## જપ માળાના રંગનો ઉપયોગ

દરેક ગ્રહોના જાપ કરતી વખતે પંચ પરમેષ્ઠીના રંગ પ્રમાણે જપ માળાનો ઉપયોગ કરવાનો અને તે માળા સુતરની હોવી જોઇએ તેજ વધારે શ્રેષ્ઠ છે.

નમો અરિહંતાણં — સફેદ રંગની માળા
નમો સિધ્ધાણં — લાલ રંગની માળા
નમો આયરિયણં — પીળા રંગની માળા
નમો ઉવ્વજઝાયાણં — લીલા રંગની માળા
નમો લોએ સવ્વસાહૂણં — કાળા રંગની માળા

# સરસ્વતી મંત્ર વિદ્યા માટે

ૐ હ્રીઁ, શ્રીઁ, ક્લીઁ, વદવદ વાગ્વાદિની સરસ્વતી ભગવતી
મમજિહ્વાગ્રે વાસં કુરુ કુરુ સ્વાહા :
દરરોજ એક માળા ગણવાથી વિદ્યા ચઢે છે

## લાભાલાભ પૃચ્છાચક્ર (કોઈ બીજ લે વેંચ પ્રશ્ન)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રવિ<br>૫ | સોમ<br>૭ | મંગળ<br>૯ | બુધ<br>૧૧ | ગુરૂ<br>૧૩ | શુક્ર<br>૧૫ | શનિ<br>૧૭ |
| અશ્વિની<br>૬ | ભરણી<br>૮ | કૃત્તિકા<br>૧૦ | રોહિણી<br>૧૨ | મૃગશર<br>૧૪ | આદ્રા<br>૧૬ | પુનઃવશુ<br>૧૮ |
| પુષ્ય<br>૨૦ | આશ્લેષા<br>૨૨ | મઘા<br>૨૪ | પૂ. ફા.<br>૨૬ | ઉ. ફા.<br>૨૭ | હસ્ત<br>૨૩ | ચિત્રા<br>૨૧ |
| સ્વાતિ<br>૧૯ | વિશાખા<br>૧૭ | અનુરાધા<br>૧૫ | જયેષ્ઠા<br>૧૩ | મૂલ<br>૧૧ | પૂ. ષા.<br>૯ | ઉ. ષા.<br>૭ |
| અભિજિત<br>૫ | શ્રવણ<br>૩ | ધનિષ્ઠા<br>૪ | શતતારા<br>૬ | પૂ. ભા.<br>૮ | ઉ. ભા<br>૧૧ | રેવતી<br>૧૨ |
| કાર્તિક<br>૯ | માગશર<br>૧૧ | પોષ<br>૧૩ | માહા<br>૧૫ | ફાગણ<br>૧૭ | ચૈત્ર<br>૧૯ | વૈશાખ<br>૨૧ |
| જેઠ<br>૨૩ | અષાઢ<br>૨૫ | શ્રાવણ<br>૨૪ | ભાદરવો<br>૨૨ | આસો<br>૨૦ | પુનમ<br>૧૯ | પડવો<br>૧૨ |
| બીજ<br>૧૪ | ત્રીજ<br>૧૩ | ચોથ<br>૧૮ | પાંચમ<br>૨૦ | છઠ્ઠ<br>૨૨ | સાતમ<br>૨૪ | આઠમ<br>૨૬ |
| નોમ<br>૨૫ | દશમ<br>૨૩ | અગી.<br>૨૧ | બારસ<br>૧૯ | તેરશ<br>૧૭ | ચૌદશ<br>૧૫ | અમાસ<br>૧૩ |

## સમજુતી

કોઈ આવીને પુછે હું આ કામ કરૂં અથવા આ વસ્તુની ખરીદ કરૂં તેમાં મને લાભ છે કે નહિ? તે દીવસે તે વાર નક્ષત્ર માસ તથા તિથિ સર્વેનો સરવાળો કરવો તેમાં પુછનારના નામના અક્ષરો મેળવવા પછી તેમાં જે વસ્તુ લેવી દેવી હોય તેના આકડા મેળવવા. બધો સરવાળો કરી ચારથી ભાગ દેવો. ૧-વધે તો લાભ ૨-વધે તો થોડો લાભ. ૩-વધે તો સમતા લાભ (ગેરલાભ નહિ) ૪-વધે તો નુકશાન. આ પ્રમાણે જાણવું આ ચક્રનો ઉપયોગ દિવસે કરવો રાત્રે નહિ.

# વેપાર લાભાલાભ પ્રશ્ન

卐 卐 卐

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૫ | ૬ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |

सर्व्वारिष्ठा प्रणाशाय सर्व्वाभिष्ठार्थ दायिने ।
अनंत लब्धि निधानाय गोतमस्वामीने नमः ॥

ઉપરના શ્લોક થી સાતવાર જાપ કરી સવા રૂપીયો તથા શ્રીફળ ગૌતમ સ્વામીની છબી આગળ ધરી પછી ખાનામાંથી એક અક્ષર ઉપર આંગળી મુકાવવી અને તેના નંબર પ્રમાણે ઉત્તર.

# વ્યાપાર લાભાલાભ પ્રશ્નોત્તર

૧–સર્વકાર્ય સિદ્ધ થાય, વેપારમાં લાભ, થાય, આશા પુરી થાય કેદી બંદી ખાનેથી ૭ દિવસે છુટે સાથળમાં તલ છે તે નિશાની.

૨-વ્યાંપાર વિવાહમાં લાભ ધન લાભ, ચિંતા ટળે, મન વાંચ્છિત ફળે, છાતીએ તલ છે તે નિશાની.

૩--બહુ જ ચિંતા પીડા ઉપજે. બીજા ગામથી લાભ ન થાય, ધાર્યું નિષ્ફળ થાય, ૨૧ દિવસ પછી કામ કરવું શરીરે લાખુ છે.

૪–ધન લાભ, સ્ત્રી લાભ, વ્યાપાર લાભ, ધાર્યું કામ સફળ થાય. જમણે પગે તલ છે.

૫–રોગી મરે ચિંતા ઉપજે, ધાર્યું નિષ્ફળ, પાંચ દિવસ સાવધાન રહેવું. સાત દિવસની અંદર ઝઘડો થાય તે નિશાની.

૬–ધાર્યું કામ થશે. તારો બોલ ઉપર આવશે. ઝઘડામાં જીત થશે. સ્ત્રી લાભ થશે, જમણા નાકમાં પવન આવે છે તે એંધાણ.

૭–ચિંતવ્યું કામ થશે, આગળ લાભ છે, વાટ જુએ છે તે મલશે આશા ફળશે. કાને તલ છે તે એંધાણ.

૮–ઘણા કષ્ટો છે. ચિંતા થશે ભાગીદાર કપટી છે સાવધાન રહેજે શુકન ના પાડે છે કાર્ય કરીશ મા. શરીરે ગુંમડા થયા હોય તે આધાર.

૯–સારૂં થાશે રાજમાન મળશે સ્ત્રી લાભ ધન લાભ, ચિંતવ્યું કામ થશે. કપાળે તલ છે તે નિશાની.

૧૦–રાજાથી માનપાન, ૧૫ દિવસમાં ચિંતવ્યું કામ થશે સ્ત્રી લાભ આશા ફળશે. પ્રિય વાત સાંભળવા મલશે સ્વપ્નામાં નંદીદેખી તે એંધાણ

૧૧–વેપારલાભ. બહારગામથી સારા સમાચાર મલે, સ્ત્રી મિત્ર લાભ પ્રિય વાતનો સંદેશો મલે સર્વ કાર્ય સિદ્ધ. છાતીએ તલ છે.

૧૨–રોગીને કષ્ટ થાય ચિંતા ઉપજે, કાર્યમાં નિષ્ફળતા, કામકરવાની સુકન ના પાડે છે દીવસ ૭ માં સર્પ જોયો હતો નિશાની.

૧૩–ચોર ભય, ચિતા ઉંપજે, બંદીખાને જવું પડે, ભાગીદાર કપટી છે. માર્ગમાં ભય ધનહાની થાય, કામ માટે શુકન ના પાડે છે.

૧૪–મન ચિંતવ્યુ કામ થશે. આપત્તિઓ દૂર થશે. આશા ફળશે, ગયેલો પાછો આવશે, સંત સમાન થશે, પેટે તલ છે.

૧૫–ધનલાભ, સ્ત્રીલાભ, પ્રિયસંદેશો મલે, ધાર્યું કામમાં સફળતા જમણે હાથે તલ છે.

૧૬–રાજમાન ધનલાભ રોગી સાજો થઈ ઊઠે સ્ત્રી લાભ, ચિતવ્યુ કામ થાય સાથળમાં તલ છે તે એંધાણ.

# નષ્ટ વસ્તુ પ્રશ્ન

卐 卐 卐 卐 卐

| મંદ | મધ્ય | સુલોચન | અંધ |
|---|---|---|---|
| અશ્વિની | ભરણી | કૃત્તિકા | રોહિણી |
| મૃગશીર્ષ | આર્દ્રા | પુનર્વસુ | પુષ્ય |
| આશ્લેષા | મઘા | પૂ. ફાલ્ગુની | ઉ. ફાલ્ગુની |
| હસ્ત | ચિત્રા | સ્વાતિ | વિશાખા |
| અનુરાધા | જ્યેષ્ઠા | મૂળ | પૂ. ષાઢા |
| ઉ. ષાઢા | અભિજીત | શ્રવણ | ધનિષ્ઠા |
| શતતારા | પૂ. ભાદ્રપદ | ઉ. ભાદ્રપદ | રેવતી |
| દક્ષિણદિશા | પશ્ચિમદિશા | ઉત્તર દિશા | પૂર્વ દિશા |
| પ્રયત્નેલાભ પ્રાપ્તિદિન ૩ | દૂરે શ્રાવણ પ્રાપ્તિ દિ. ૩૦ | મલેજ નહિ | શીઘ્રલાભ પ્રાપ્તિ દિ. ૧ |

જ્યારે વસ્તુ ખોવાઈ હોય તે દિવસે પંચાગમાં નક્ષત્ર જોઈને તે પ્રમાણે દિશા તથા દિવસોમાં વસ્તુની પ્રાપ્તિ થાય છે.

# બહારગામ ગયેલો પ્રશ્ન

ત્રણ નવરકારગણી પ્રશ્ન કરનારે કોઠામાં આંગળી મુકવી

| | | | |
|---|---|---|---|
| ૯ | ૫ | ૧૬ | ૪ |
| ૩ | ૬ | ૧૦ | ૧૫ |
| ૧ | ૮ | ૧૩ | ૧૨ |
| ૧૪ | ૭ | ૧૧ | ૨ |

કોઠામાં મુકેલી આંગળીના અક્ષરો પ્રમાણે ઉત્તર

૧–બહુ જ જાળમાં બેઠો છે.

૨–ઘણી ચિંતામાં છે.

૩–એક ક્ષણમાં આવી જશે.

૪–ક્ષેમ કુશળ આવે છે.

૫–વહેલો આવી જશે.

૬–ધાર્યો લાભ લઈ આવી રહ્યો છે.

૭–જ્યાં ગયો છે ત્યાં મનમાં વિચાર કરીને બેઠો છે.

૮–મરણાંત કષ્ટમાં પડયો છે.

૯–ગાયોના સ્થાનમાં કે માર્ગે છે.

૧૦–દુ:ખી અવસ્થામાં છે.

૧૧–એક દિવસમાં આવશે.

૧૨–તુરતમાં આવશે ફિકર કરવા જેવું નથી.

૧૩–લાભ પ્રાપ્ત કરીને વહેલા સર આવશે.

૧૪–જલ્દી ચાલ્યો આવે છે.

૧૫–તુરતમાં આવશે.

૧૬–ચાર છ દિવસમાં આવી જશે.

## 卐 પંચા રાહુ ચક્ર 卐

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધર્મ | અશ્વિની | પુષ્પ | આશ્લેષા | વિશાખા | અનુરાધા | ધનિષ્ટ | શત તારા |
| અર્થ | ભરણી | પુનર્વસુ | મઘા | સ્વાતિ | જ્યેષ્ઠા | શ્રવણ | પુ. ભાદ્ર |
| કામ | કૃતિકા | આર્દ્રા | પુ. ફા | ચિત્રા | મૂલ | અભિ જીત | ઉ. ભાદ્ર |
| મોક્ષ | રોહિણી | મૃગશર | ઉ. ફા, | હસ્ત | પુ.ષાઢા | ઉ. ષાઢા | રેવતી |

## 卐 શુભ ફળ 卐

ધર્મ માર્ગ સૂર્યચલે, મોક્ષે ચંદ્ર જાય,
સુખસંપત દે, સહજમાં ધનલાભ તો થાય. ૧
અર્થમાર્ગ સુર્યચલે, કામે ચંદ્ર જાય,
સર્વ કાર્ય સિદ્ધિ કરે, સુખ સંપત નર થાય. ૨
અર્થ માર્ગ સુર્ય ચલે, મોક્ષે ચંદ્ર જાય,
માર્ગ સુખ સંપત ભલી, લાભ લક્ષ્મીનો થાય. ૩
અર્થ માર્ગ સુર્ય ચલે, ધર્મે ચંદ્ર જાય,
પ્રયાણે સુખ સંપદા, લક્ષ્મી પ્રાપ્તિ થાય. ૪
કામ માર્ગ સુર્ય બને, ધર્મે ચંદ્ર જાય,
ધનલાભ યશ કીર્તિ તો, પ્રયાણે સુખ થાય. ૫
કામ માર્ગ સુર્ય બને, મોક્ષે ચંદ્ર જાય,
સુવર્ણલાભ કોઈ શ્રીમંતથી, દ્રવ્ય લાભ પણ થાય. ૬
કામ માર્ગ સુર્ય બને, અર્થે ચંદ્ર જાય,
વિઘ્ન નાશ તે તો કરે, સકલ કાર્ય સિધ્ધ થાય ૭
મોક્ષ માર્ગી સુર્ય બને, ધર્મે ચંદ્ર જાય,
હેમલાભ અધિકો કરે, કાર્ય સિધ્ધિ તો થાય. ૮
મોક્ષ માર્ગી સુર્ય બને, કામે ચંદ્ર જાય,
સકલકાર્ય સિદ્ધ કરે, સહેજે સંપત થાય ૯

# 卐 અશુભ ફળ 卐

ધર્મ માર્ગ સુર્ય ચલે, અર્થે ચંદ્ર જાય,
ગમના ગમને ભય કરે,શત્રુ તણો ભય થાય...૧

ધર્મ માર્ગ સુર્ય ચલે, કામે ચંદ્ર જાય,
ધનભય ઔર ચોરભય, વેર વિરોધ પણ થાય...૨

ધર્મે સુર્ય ચંદ્ર તો ગમના ગમને હાણ,
કાર્ય ભંગ તે તો કરે, લાભે હાની જાણ...૩

અર્થે સુર્ય ચંદ્ર તો, કાર્ય સિદ્ધિ પ્રમાણ,
આખર એળે જાય છે, ધાર્યું ધુળ સમાન...૪

મોક્ષ માર્ગી સુર્ય બને, મોક્ષે ચંદ્ર જાય,
વેરવિરોધ બહુ કરે, કાર્ય નાશ તો થાય....૫

કામ માર્ગ સુર્ય બને કામે, ચંદ્ર જાય,
બડા વિઘ્ન વિગ્રહ કરે, મન સંતાપી થાય...૬

મોક્ષ માર્ગ સુર્ય ચલે, અર્થે ચંદ્ર જાય,
રાજ્ય ભય ઔર ચોર ભય, સર્વ સંપત્તિ જાય...૭

જે દિવસે પ્રયાણ કરવું હોય તે દિવસે સુર્યચંદ્રના નક્ષત્ર જોઈ પંથા રાહુ ચક્રમાં તેના શુભાશુભ ભાવનો વિચાર કરી પ્રયાણ કરવાથી અનેક રીતે સુખ શાંતિ થાય છે.

# તિથિવાર અને નક્ષત્રથી થતા શુભા શુભ યોગો

| નામ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|
| ફાંકડુ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ક્રકચ | ૧૨ | ૧૧ | ૧૦ | ૯ | ૮ | ૭ | ૬ |
| વિષ | ૪ | ૬ | ૭ | ૨ | ૮ | ૯ | ૭ |
| દગ્ધાતિથિ | ૧૨ | ૧૧ | ૫ | ૩ | ૬ | ૮ | ૯ |
| હુતા શન | ૧૨ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| મૃત્યુ | ૧-૬-૧૧ | ૨-૭-૧૨ | ૧-૬-૧૧ | ૩-૮-૧૩ | ૪-૯-૧૪ | ૨-૭-૧૨ | ૫-૧૦-૧૫ |
| સિદ્ધ | | | ૩-૮-૧૩ | ૨-૭-૧૨ | ૫-૧૦-૧૫ | ૧-૬-૧૧ | ૪-૯-૧૪ |
| યમઘંટ | મઘા | વિશા | આદ્રા | મૂલ | કૃત્તિકા | રાહિણી | હસ્ત |
| વજ્ર મુશલ | ભરણી | ચિત્રા | ઉ.ષાઢા | ધનિષ્ઠા | ઉ. ફા. | જયેષ્ઠા | રેવતી |
| ઉત્પાત | વિશા | પૂ. ષાઢા | ધનિ | રેવતી | રોહિણી | પુષ્ય | ઉ. ફા. |
| મૃત્યુ | અનૂ | ઉ. ષાઢા | શત | અશ્વિની | મૃગશર | આશ્લેષા | હસ્ત |
| કાણ | જયેષ્ઠા | અભિ | પૂ. ભાદ્ર | ભરણી | આદ્રા | મઘા | ચિત્રા |
| હાલાહલ | ૫ હસ્ત | ૬ મૃગ | ૭ અશ્વિની | ૮ અનુરાધા | ૯ પુષ્ય | ૧૦ રેવતી | ૧૧ રોહિણી |
| યમ દ્રષ્ટા | મઘા ધનિ | મુલ વિશા | ભરણી કૃતિ | પુન રેવતી | અ. ઉ. ષા. | રોહિ અનૂ | શ્રવ શત |
| શત્રુ | ભરણી | પુષ્ય | ઉ. ષાઢા | આદ્રા | વિશાખા | રોહિણી | શત |
| ચર | પૂ. ષાઢા ઉ. ષાઢા | આદ્રા | વિશા | રોહિણી | શત | મઘા | મુલ |
| સર્વાર્થ સિધ્ધ | અશ્વિ. મૂ. હ. પૂષ્ય ૩ ઉત્તરા | રો. મૃ. શ્ર. અનૂ પુષ્ય | અશ્વિ. કૃ ઉ. ભા. આશ્લે | કૃ. રો. મૂ. હસ્ત અનૂ | પુન: પુષ્ય આશ્વ. રે. અનૂ | અશ્વિ રે. શ્ર. પુનઃ અનૂ પૂ. ફા. | શ્ર. રો. સ્વા |

## શુભાશુભ યોગ વિચાર

રવિયોગ=સૂર્ય નક્ષત્રથી દિવસ નક્ષત્ર ૪-૬-૯-૧૦-૧૩-૨૦ મું આવે ત્યારે થાય છે.

ફળ=ચોથે સુખ, છઠ્ઠે શત્રુજિત, ૯ મે લાભ, ૧૦ મે સર્વકાર્ય સિદ્ધિ, ૧૩મે પુત્રોત્પતિ ૨૦ મે રાજ્ય લાભ.

ખરાબ રવિયોગ=૧-૫-૭-૮-૧૧--૧૫-૧૬ મું આવે તો પ્રાણ હાની થાય છે.

ઉપગ્રહયોગ=૫-૮-૧૪-૧૮-૧૯-૨૨-૨૩-૨૪ મું આવે ત્યારે શુભ કાર્ય વર્જવું.

અમૃત સિદ્ધિ નિષેધ=મંગળવારે ગૃહ પ્રવેશમાં ગુરૂવારે વિવાહમાં, શનિવારે પ્રયાણમાં.

પુષ્ય નક્ષત્ર ત્યાગ=વિવાહમાં તથા દીક્ષામા

જ્વાલામુખી યોગ=૧ મૂળ, ૫-ભરણી, ૮ કૃત્તિકા. ૯ રોહિણી, ૧૦ અશ્લેષા, આતિથીઓ તથા નક્ષત્રના યોગથી થાય છે. સારા કામમાં વર્જવો.

કાલમુખી યોગ=૪ ત્રણ ઉત્તરા, ૫ મઘા, ૯ કૃત્તિકા, ૩ અનુરાધા, ૮ રોહિણી આતિથીઓ તથા નક્ષત્રમાં આવે છે. સારા કાર્યમાં ત્યાગવો.

ખપ્પરયોગ=જ્યારે સૂર્ય રાશિ બદલે તેજ વારમાં અમાવાસ્યા આવે તો આયોગ થાય છે.

ભૂકંપયોગ=રાહુથી સાતમે મંગળ, મંગળથા પાંચમે બુધ, બુધ થી કેન્દ્રમાં ચંદ્ર હોય તો ત્યારે આ યોગ થાય છે.

દિગ્દાહયોગ=સૂર્યથી ચંદ્ર પાંચમે કે સાતમે હોય, અને મંગળ છઠ્ઠા માં હોય ત્યારે આયોગ થાય છે. તેનું ફળ અનિષ્ટ છે.

રાજભંગાદિયોગ=શનિ રવિ ને મંગળે. અમાવાસ્યા જોગ,
જો મળે સ્વાતિ અશ્વિનીને, આયુષ્યમાનનો યોગ,
આયોગમાં પૃથ્વીપર સંહાર થાય છે.

સિધ્ધિ યોગ=ચોથ નોમ ને ચૌદશે. શનીવાર લહંત
એક એક કામે નિસર્યા, સોસો કામ કરંત.

## 卐 પ્રવાસ ચક્ર 卐

| દિશા | દિશા શૂલ | સામો કાળ | યોગિની તિથિ | સન્મુખ ચંદ્ર | નક્ષત્ર શૂલ | નક્ષત્ર ત્યાગ |
|---|---|---|---|---|---|---|
| પૂર્વ | શનિ, સોમ | શનિવાર | ૧-૯ | મેષ, સિંહ ધન | જ્યે. પૂ. ષા. ઉ. ષા. | રોહિણી |
| અગ્નિ | સોમ, ગુરૂ | શુક્રવાર | ૩-૧૧ | | | |
| દક્ષિણ | ગુરૂવાર | ગુરૂવાર | ૫-૧૩ | વૃષભ, કન્યા મકર | પૂ. ભા. વિશા શ્રવ-ધનિ. | ચિત્રા |
| નૈઋત્ય | શુક્ર, રવિ | બુધવાર | ૪-૧૨ | | | |
| પશ્ચિમ | શુક્ર, રવિ | મંગળ | ૬-૧૪ | મિથુન, તુલા કુંભ | રોહિ, પુષ્ય મૃગ | શ્રવણ |
| વાયવ્ય | મંગળ | સોમ | ૭-૧૫ | | | |
| ઉત્તર | મંગળ બુધ | રવિવાર | ૨-૧૦ | કર્ક, વૃશ્ચિક મીન | પૂ. ફા. ઉ. ફા. હસ્ત. વિશા. | હસ્ત |
| ઈશાન | બુધ શનિ, | | ૮-૩૦ | | | |

**દિશા શૂળ ડાબી ભલી, યોગિની ભલી પૂંઠ**
**ચંદ્રમા સન્મુખ હુએ તો લંકા લાવે લૂંટ...**

પ્રયાણમાં ચંદ્રમાં સન્મુખ તથા જમણો સારો ગણાય છે. પ્રવેશમાં જમણો તથા ડાબો ચંદ્રમા સારો સમજવો. યોગિની ડાબી બાજુ હોય તો સુખ આપે. પાછળ હોય તો ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય. જમણી હોય તો ધનનો નાશ કરે. અને સન્મુખ મરણાન્ત કષ્ટ આપે.

### મૃત્યુ કારક નક્ષત્ર દિશા

ઉત્તરે હસ્ત દક્ષિણે ચિત્રા, પૂર્વા રોહિણી ચલરે પુતા
પશ્ચિમ શ્રવણા મકરીશ ગમણાં, હરિહર પુરંદર મરણાં....

## * આનંદાદિ શુભાશુભ યોગનું કોષ્ટક. *

| યોગ | ફળ | રવિ. | સોમ. | મંગળ | બુધ. | ગુરૂ. | શુક્ર. | શનિ. |
|---|---|---|---|---|---|---|---|---|
| આનંદ | સિદ્ધિ | અશ્વિ. | મૃગ | આશ્લે | હસ્ત | અનુ | ઉ. ષા. | શત |
| કાલદંડ | મૃત્યુ | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યે | અભિ | પુ. ભા. |
| ધૂમ્રાક્ષ | અસુખ | કૃત્તિકા | પુન : | પુ. ફા. | સ્વાતિ | મુલ | શ્રવણ | ઉ. ભા. |
| પ્રજાપતિ | સૌભાગ્ય | રોહિણી | પુષ્ય | ઉ ફા. | વિશા | પુ ષા | ધનિ | રેવતી |
| સૌમ્ય | ધનયશ | મૃગ | આશ્લે | હસ્ત | અનુ | ઉ. ષા. | શત | અશ્વિ |
| ધ્વાંક્ષ | ધનનાશ | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યે | અભિ | પુ. ભા. | ભરણી |
| ધ્વજ | સુખ | પુન : | પુ. ફા. | સ્વાતિ | મુલ | શ્રવણ | ઉ. ભા. | કૃત્તિકા |
| શ્રીવત્સ | લાભ | પુષ્ય | ઉ. ફા. | વિશા | પૂ. ષા. | ધનિ | રેવતી | રોહિ |
| વજ્ર | ક્ષય | આશ્લે | હસ્ત | અનુ | ઉ. ષા | શત | અશ્વિ | મૃગ |
| મુગ્દર | ધનનાશ | મઘા | ચિત્રા | જ્યે | અભિ | પુ ભા. | ભરણી | આર્દ્રા |
| છત્ર | રાજમાન | પૂ. ફા. | સ્વાતિ | મુલ | શ્રવણ | ઉ. ભા | કૃત્તિકા | પુન: |
| મિત્ર | લાભ | ઉ. ફા. | વિશાખા | પુ. ષા. | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય |
| માનસ | સુખ | હસ્ત | અનુ | ઉ. ષા. | શત | અશ્વિ | મૃગ | આશ્લે |
| પદ્મ | ધનહાનિ | ચિત્રા | જ્યે | અભિ | પુ. ભા. | ભરણી | આર્દ્રા | મઘા |
| લુંબક | અપયશ | સ્વાતિ | મુળ | શ્રવણ | ઉ. ભા | કૃત્તિકા | પુન : | પુ ફા. |
| ઉત્પાત | પ્રાણહાનિ | વિશા | પુ. ષા | ધનિ | રેવતી | રોહિ | પુષ્ય | ઉ. ફા. |
| મૃત્યુ | મૃત્યુ | અનુ | ઉ. ષા. | શત | અશ્વિ | મૃગ | આશ્લે | હસ્ત |
| કાણ | ક્લેશં | જ્યે | અભિ | પુ. ભા | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા |
| સિદ્ધિ | કાર્યસિ. | મૂલ | શ્રણ | ઉ. ભા. | કૃત્તિકા | પુન : | પુ. ફા. | સ્વાતિ |
| શુભ | કલ્યાણ | પૂ. ષા. | ધનિ. | રેવતી | રોહિ | પુષ્ય | ઉ. ફા. | વિશા |
| અમૃત | અર્થસિ. | ઉ. ષા. | શત | અશ્વિ | મૃગ | આશ્લે | હસ્ત | અનુ |
| મુસળ | ધનનાશ | અભિ. | પુ. ભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યે |
| ગદ | ક્ષય | શ્રવણ | ઉ. ભા. | કૃતિકા | પુનઃ | પુ. ફા. | સ્વાતિ | મૂળ |
| માતંગ | વૃદ્ધિ | ધનિ | રેવતી | રોહિણી | પુષ્ય | ઉ ફા. | વિશા | પૂ. ષા. |
| રાક્ષસ | કષ્ટ | શત | અશ્વિ. | મૃગ | આશ્લે | હસ્ત | અનુ | ઉ ષા. |
| ચર | સંપદા | પૂ ભા. | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યે | અભિ |
| સ્થિર | શ્રેષ્ઠ | ઉ. ભા. | કૃતિકા | પુન : | પુ. ફા. | સ્વા | મૂળ | શ્રવણ |
| વર્ધમાન | શુભ | રેવતી | રોહિણી | પુષ્ય | ઉ. ફા. | વિશા | પુ. ષા. | ધનિ |

## ચંદ્રબલ શુભાશુભ કાર્યમાં

निजराशौस्वोच्चराशौ, श्रेष्ठंचंद्रवलंसदा,
जन्मस्थः कुरूतेपुष्टिं, द्वितीयेच धनागमम् ॥१॥

तृतिये राजसन्मानं, चतुर्थे कलहागमम् ।
पंचमेमतिविभ्रंशो, भवेच्चंद्र न संशय ॥२॥

धनधान्यागमंषष्ठे, संतोषः स्यात्तुसप्तमे ।
अष्टमेप्राणसंदेहो, नवमेक्लेश एवच ॥३॥

दशमेकार्यनिष्पत्ति, ध्रूवंएकादशेजय : ।
द्वादशेनशशांकेन, मृत्युरेव न संशय : ॥४॥

દરેક શુભ કાર્યમાં ચંદ્રનું બલ જોવાનું હોય છે. તદનુસાર નિજરાશિ એટલે કર્ક રાશિનો ચંદ્ર તથા સ્વોચ્ચ રાશિ એટલે વૃષભ રાશિનો ચંદ્ર શ્રેષ્ઠ અને બળવાન ગણાય છે. તથા પોતાની જન્મ રાશિનો ચંદ્ર કાર્યમાં પુષ્ટિ કરે છે. જન્મ રાશિથી બીજો ચંદ્ર ધનની વૃદ્ધિ કરનારો છે. જન્મ રાશિથી ત્રીજો ચંદ્ર રાજ્ય સન્માન અપાવે છે. ચોથો ચંદ્ર કલેશનું વાતાવરણ સર્જે છે.

જન્મ રાશિથી પાંચમો ચંદ્ર મતિ વિભ્રંશ કરાવે છે અને છઠ્ઠો ચંદ્ર ધન ધાન્યમાં લાભ અપાવે છે. સાતમો ચંદ્ર દરેક કાર્યમાં સંતોષ અપાવે છે. આઠમા ચંદ્રથી પ્રાણ હાનિ થવાનો સંભવ છે. નવમો ચંદ્ર કલેશ ઉપજાવે છે. દશમા ચંદ્રથી કાર્યની સફળતા નથી. અગીઆરમાં ચંદ્રથી નિશ્ચય વિજય પ્રાપ્ત થાય છે. અને બારમો ચંદ્ર મૃત્યુ સૂચક છે.

# જન્મના ચંદ્રમાંનો ત્યાગ

**जन्मस्थे शशांकेतु, पंचकर्माणि वर्जयेत ।**
**यात्रा, युध्ध, विवाहश्च, क्षौरंगृहप्रवेशनम् ॥१॥**

પોતાની રાશિનો ચંદ્રમા જ્યારે પંચાંગમાં હોય ત્યારે યાત્રા, યુધ્ધ, વિવાહ, હજામત અને ઘરપ્રવેશ આ પાંચ કાર્યો ત્યાગવાના કહ્યા છે.

# ઘાત ચંદ્રમાનો ત્યાગ

**प्रयाणकालेयुध्धेच, कृषीवाणिज्यसंग्रहे ।**
**वादेचैवगृहारंभे वर्जयेतघातचंद्रमा ॥१॥**

પંચાંગમાં જ્યારે ઘાત ચંદ્રમા ચાલતો હોય ત્યારે પ્રવાસ, યુદ્ધ, ખેતી, વેપાર, વસ્તુનો સંગ્રહ કરવામાં વાદવિવાદ, તથા નૂતન ઘરનો આરંભ આ કાર્યનો ત્યાગ કરવાનો છે.

# ઘાત તિથિ, વાર, નક્ષત્ર

**घाततिथिघातावारं, घातनक्षत्रमेवच, ।**
**यात्रायां वर्जयेतप्राज्ञः अन्यकर्मसुशोभनं ॥१॥**

ઘાત તિથી, વાર અને નક્ષત્ર પંચાગમાં ચાલુ હોય તે દિવસે યાત્રા કરવાનો ત્યાગ કરવાનો કરવો. અન્ય કાર્યોમાં શુભ છે.

# શુક્લપક્ષ અને કૃષ્ણ પક્ષમાં ચંદ્રમાનું બલ

ચાર આઠને દશતો વદમાં સુખકારી,
બે પાંચ ને નવ તો શુદમાં શુભકારી.
ચાર આઠને દશતો શુદમાં સુખ હર્તા,
બે પાંચને નવ તો વદમાં દુઃખ કર્તા.

પોતાની નામરાશિથી કૃષ્ણ પક્ષમાં ચોથો, આઠમો. અને દશમો તથા શુકલ પક્ષમાં બીજો, પાંચમો અને નવમો ચંદ્રમા શુભ ફળ આપનાર થાય છે. તેવીજ રીતે શુકલપક્ષમાં ચોથો, આઠમો અને દશમો તથા કૃષ્ણપક્ષમાં બીજો, પાંચમો અને નવમો ચંદ્રમાં અશુભ ફળ દેનારો છે.

# સૂર્ય વિચાર

પૂર્વ દિશાથી એક એક પહોર દરરોજ સુર્યોદયથી સુર્ય ચારે દિશા તથા વિદિશામાં ક્રમસર ફરે છે. યાત્રામાં સુર્ય ડાબો જમણો સારો. પુંઠ તથા સન્મુખનો વર્જવો. સુર્ય=વૈધૃતિ, વ્યતિપાત, ભદ્રાદિ દોષને હણે છે.

# રાહુ વિચાર

રાહુ દરરોજ સુર્યોદયથી પહેલી ચાર ઘડી પુર્વ દિશામાં, પછી વાયવ્ય ખૂણામાં, પછી દક્ષિણમાં, પછી ઈશાન ખૂણામાં, પછી પશ્ચિમમાં, પછી અગ્નિ ખૂણામાં, પછી ઉત્તરમાં પછી નૈઋત્ય ખૂણામાં આપ્રમાણે અવળો રાહુ ચાર ચાર ઘડી ચોથી દિશા વિદિશામાં ફરે છે. રાહુ જમણો સારો ગણાય છે.

## માનવ જીવનમાં મુંઝવતા પ્રશ્નોની વિચારણા.

માનવીને ડગલે અને પગલે પ્રશ્નોની પરંપરા ઉભી થાય છે. કેટલીકવાર મુંઝાયેલો માનવી સમાધાન મેળવવા જ્યોતિષી ને શોધતો હોય છે. તેમાં જો સ્વાર્થી અને લક્ષ્મીના લાલચુ એવા જ્યોતિષીનો સમાગમ થઈ જાય તો પ્રશ્ન કરનાર ને અવળે માર્ગે ચડાવી પૈસાની બરબાદી કરાવે છે. તેનાથી અટકવા માટે આપણાં પુર્વાચાર્યોએ બુદ્ધિ પુર્વક વિચાર કરી માનવીને પોતાના જીવનમાં મુંઝવતા વિવિધ પ્રશ્નોની વિચારણા કરી તેના ઉકેલ માટે સુંદર માર્ગ દર્શન આપેલ છે.

### કાર્યસિદ્ધિ પ્રશ્ન

માનવીએ પોતાના જીવનમાં વિચારેલા કાર્યોની સિદ્ધિ કેટલા સમયમાં થશે તેની આ રીતે સમજણ આપેલ છે.

સૂર્યના નક્ષત્રથી પ્રશ્ન નક્ષત્ર સુધી ગણવું જે સંખ્યા થાય તેટલામાં નક્ષત્રના ખાનામાં જોવું. અને તે ખાનામાં જે સંખ્યા બતાવી છે તેટલા દિવસોમાં કાર્ય સિધ્ધ થશે.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અશ્વિની ૨૭ | ભરણી ૧૮૦ | કૃત્તિકા ૨૦ | રોહિ. ૧૨ | મૃગ. ૩૨ | આદ્રા ૧૬ | પુન. ૧૮૦ | પુષ્ય ૧૨૦ | આશ્લેષા ૧૫૦ |
| મઘા ૨૪૦ | પુ.ફા. ૧૬ | ઉ.ફા. ૧૨૦ | હસ્ત ૧૫૦ | ચિત્રા ૧૨૦ | સ્વાતિ ૨૮ | વિશા. ૨૦ | અનુરા. ૩૨ | જયેષ્ઠા ૧૧ |
| મુળ ૧૬ | પુ.ષાઢા ૯૦ | ઉ.ષાઢા ૧૫૦ | શ્રવણ ૬૦ | ધનિ. ૩૦ | શત. ૯૦૦ | પુ.ભાદ્ર ૧૫૦ | ઉ.ભાદ્ર ૧૫ | રેવતી ૨૭૦ |

## કાર્યસિધ્ધિ પ્રશ્ન=

૧– પ્રશ્ન કરનારના મોઢેથી કોઈપણ અક્ષર બોલાવી તેમાં એક ઉમેરી આવેલી સંખ્યાને ત્રણ થી ભાગ દેવો. શેષમાં એક રહે તો સિદ્ધિ. બે રહે તો નિષ્ફળ. શૂન્ય રહે તો અનિશ્ચિત ફળ.

૨– પ્રશ્ન કરનાર પાસેથી કોઇપણ એક સંખ્યા બોલાવવી. પછી તેના ડબલ કરીને તેમાં એક ઉમેરવો અને ત્રણથી ભાગાકાર કરવો. શેષમાં એક રહે તો કાર્ય સિદ્ધિ. બે રહે તો મુશ્કેલી થી કાર્ય થાય. શૂન્ય રહે તો કાર્ય થાયજ નહિં.

૩– શુકલ પક્ષથી પ્રશ્ન કરે ત્યાં સુધીની તિથિ, નક્ષત્ર, વાર, અને પ્રહર એ દરેક નો સંખ્યાવાર સરવાળો કરી આવેલ આંકડાને ત્રણ થી ભાગવો. શેષે એક રહે તો સત્ત્વગુણી પ્રશ્ન છે માટે કાર્યત્વરીત સિદ્ધ થશે. બે રહે તો રજો-ગુણી પ્રશ્ન છે માટે કાર્ય મુશ્કેલીથી પાર પડશે. ત્રણ રહે તો તમોગુણી પ્રશ્ન છે. માટે કાર્યમાં સફળતા નહિં મળે.

૪– પ્રશ્ન કરનાર પાસેથી ૧૦૮ સુધીની સંખ્યામાંથી કાંઇપણ બોલવાનું કહેવું. પછી તેને ૧૨ થી ભાગ આપવો. શેષમાં ૧–૭–૯ રહે તો કામ ધીમેથી થશે. ૪–૫–૮–૧૦ રહે તો કાર્ય સિદ્ધિ થવી અશકય છે. ૨–૩–૬–૧૧–૧૨ રહે તો અવશ્ય સિદ્ધિ.

૫– પ્રશ્ન કરનાર પાસેથી કોઈ સંખ્યા બોલાવી તેના ડબલ કરવા અને તેમાં કોઇ ફળનું નામ બોલાવી તેના અક્ષરો ગણીને ઉમેરવા અને વધારાના ૧૩ ઉમેરવા પછી નવ થી ભાગ દેવો શેષમાં ૩–૭–૦ વધે તો ખાલી વાતો જ થશે કાર્ય નહિં થાય. ૨–૮ વધે તો કાર્ય નહિં થાય. ૪–૬–૧–૫ વધે તો કાર્ય શીઘ્ર થશે.

## લાભાલાભ પ્રશ્ન

૧– શુકલપક્ષથી પ્રશ્ન વખત સુધીની તિથિ, વાર નક્ષત્ર યોગ વિગેરેનો સરવાળો કરી ૩૦ ઉમેરવા. પછી તે સંખ્યાને ૮ થી ભાગ આપવો. શેષમાં ૧ રહે તો તુરતમાં લાભ. બે રહે તો હાલમાં લાભ નથી. ત્રણ રહે તો હજુ સમય લાગશે. ચાર રહે તો ધીમે ધીમે લાભ થશે. પાંચ રહે તો શીઘ્રતાથી લાભ. છ રહે તો થોડો સમય ગયા બાદ લાભ. સાત રહે તો ધાર્યા પ્રમાણે લાભ મળશે નહિ. શૂન્ય રહે તો પુરેપુરી સફળતા છે.

૨– પ્રશ્ન કરનાર પાસેથી એક અંક બોલાવવો. તેના ડબલ કરવા. પછી એક ફળનું નામ લેવરાવવું તેના અક્ષરો સાથે ઉમેરવા તેમાં ૧૩ ની સંખ્યા ઉમેરવી પછી દરેક સંખ્યાના સરવાળામાં નવનો ભાગ કરવો શેષમાં એક રહે તો ધનની વૃદ્ધિ થશે. બે રહે તો ધનનો નાશ થશે. ત્રણ રહે તો આરોગ્ય વધશે. ચાર રહે તો પીડા વધશે. પાંચ રહે તો સ્રીથી લાભ થશે. છ રહે તો બંધુનો નાશ થશે. સાત રહે તો કાર્ય સફળ થશે. શૂન્ય રહે તો મરણ થશે.

૩– પ્રશ્ન કરનારની છાયાના પગલા ભરી તેમાં ૧૩ ઉમેરવા પછી આઠ વડે ભાગ કરવો. શેષમાં એક રહે તો લાભ. બે રહેતો હાનિ. ત્રણ રહે તો સિધ્ધિ. ચાર રહે તો શોક. પાંચ રહે તો વૃદ્ધિ. છ રહે તો મરણ. સાત રહે તો વિકાસ. શૂન્ય રહે તો ખરાબ સમજવું.

## પ્રવાસી પ્રશ્ન

૧– પ્રશ્ન કરનારના બોલેલા અક્ષરોને છ ગુણા કરી તેમાં

એક ઉમેરવો પછી સાતનો ભાગ દેવો. શેષમાં એક રહે તો અડધે રસ્તે છે. ત્રણ રહે તો ગામની નજીકમાં છે. ચાર રહે તો લાભ મેળવીને તુરતમાં આવે છે. પાંચ રહે તો દુઃખી સ્થિતિમાં છે. છ રહે તો આવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. શૂન્ય રહે તો આવશે નહિં.

૨– શુકલપક્ષથી પ્રશ્ન વખત સુધીની તિથિ, નક્ષત્ર, વાર, પ્રહર આ ચારે સંખ્યાનો સરવાળો કરી ૭ થી ભાગ આપવો. એક વધે તો યોગ્ય સ્થળે બેઠો છે. બે વધે તો આવવાના વિચારમાં છે. ત્રણ વધે તો અડધે રસ્તે છે. ચાર વધે તો નજીકમાં આવી રહ્યો છે. પાંચ વધે તો આવવા માટે પગ ઉપડતા નથી. છ વધે તો રોગ માંદગીમાં પડેલો છે. શૂન્ય વધે તો આવશે નહિં.

## મુસાફરીમાં લાભાલાભ પ્રશ્ન

તિથીના અંકને ૧૫ થી ગુણી સાત વડે ભાગવા. વારના અંકને ત્રણથી ગુણી આઠ વડે ભાગવા. નક્ષત્રના અંકને ચાર વડે ગુણી છ થી ભાગવા. તિથિમાં શેષ શુન્ય રહે તો માર્ગમાં પીડા વારમાં શેષ શુન્ય રહે તો માર્ગમાં ભય. નક્ષત્રમાં શેષ શુન્ય રહે તો મરણ. ત્રણે જગ્યા એ કોઈપણ આંક રહે તો સફળતા સમજવી.

## અભ્યાસની સફળતા વિષે પ્રશ્ન

પ્રશ્ન કરનારના જન્મ નક્ષત્રથી પ્રશ્ન નક્ષત્ર સુધીના આંક, શુકલ પક્ષથી પ્રશ્ન સુધીની તિથી ના આંક. બંન્નેનો સરવાળો કરી છ થી ભાગ આપવો. શેષમાં શુન્ય કે એક રહે તો વિદ્યાનો લાભ. ૨–૩ રહે તો વિદ્યાભ્યાસમાં ડીગ્રી પ્રાપ્ત થાય. ૪–૫ રહે તો સામાન્ય અભ્યાસ.

# પુત્ર કે પુત્રી જાણવાનો પ્રશ્ન

૧– શુકલ પક્ષથી પ્રશ્ન તિથિ સુધીના આંક, પ્રશ્ન સમયના નક્ષત્ર ના આંક અને પ્રશ્ન દિવસના વાર નો આંક સર્વેનો સરવાળો કરી ત્રણે ભાગ આપવો. શેષમાં એક રહે તો પુત્ર. બે રહે તો પુત્રી અને શૂન્ય રહે તો ગર્ભસ્રાવ સમજવો.

૨– ગર્ભવતી સ્રી ના હાથ પગની આંગળીઓ તથા તેના બોલતા નામ અક્ષરની સંખ્યાનો સરવાળો કરી તેમાં પાંચ ઉમેરી નવ થી ભાગ દેવો શેષમાં એક રહે તો પુત્રી સમજવી.

# પોતાનું ચાલુ વર્ષ કેવું જશે?

પ્રશ્ન કરનારને ચાલતા વર્ષનો આંક, જન્મ ચંદ્રનો આંક, જન્મ નક્ષત્રનો આંક ત્રણેનો સરવાળો કરી બેથી ગુણી સાત વડે ભાગવા, ચારથી ગુણી આઠ વડે ભાગવા, ત્રણથી ગુણી છ વડે ભાગવા, પહેલા અને ત્રીજામાં શેષ શૂન્ય રહે તો દુઃખ. કોઈપણ બેમાં શુન્ય રહે તો ધનનાશ. એકમાં અને બેમાં અથવા બેમાં અને ત્રણમાં શુન્ય રહે તો તે વર્ષમાં મૃત્યુ થાય. ત્રણે સ્થાનમાં શુન્ય સિવાય કોઈપણ આંક આવે તો લાભ થાય.

# વિક્રમ સંવત કેવો જશે?

સંવતના આંકને ત્રણથી ગુણી બે ઉમેરવા અને સાતથી ભાગ આપવો. શેષમાં ૨–૪ રહે તો સુકાળ. ૧–૫ રહે તો સાધારણ. ૩–૬ રહે તો રોગચાળો. શુન્ય રહે તો દુષ્કાળ થશે.

# માસ કેવો જશે? તેજીમાં કે મંદીમાં

ગયા માસની સંક્રાન્તિ થી અમાસની સંક્રાન્તિ બે કે ત્રણ નક્ષત્રના ફેરે બેસતી હોય તો સોંઘારત. ચાર કે પાંચ નક્ષત્રના ફેરે બેસતી હોય તો મોંઘરાત અને છ નક્ષત્રના ફેરે બેસે તો ભયંકર મોંઘવારી.

# શક સંવતથી ભવિષ્ય ફળ

શકના વર્ષના આંકને ત્રણથી ગુણી બે ઉમેરવા અને સાતે ભાગ આપવો. ૨–૪ રહે તો સુકાળ ૧–૫ રહે તો સાધારણ. ૩–૬ રહે તો રોગચાળો. શુન્ય રહે તો દુષ્કાળ.

# કેદી વિષેનો પ્રશ્ન

પ્રશ્ન નક્ષત્રથી કૃત્તકા નક્ષત્ર સુધી ગણતાં જે આંક આવે તેને સાતથી ભાગ આપવો. શેષમાં ૧–૪ રહે તો બંધન થશે. બે રહે તો છુટી જશે પણ થોડો સમય લાગશે. ત્રણ રહે તો છુટી ગયો છે સમજવું. પાંચ રહે તો વિઘ્નો આવ્યા કરશે. ૬ અથવા શુન્ય રહે તો જીત થશે.

# હોદ્દો-અધિકારમાં વધારો થશે ?

પ્રશ્ન તિથિના આંકને ત્રણથી ભાગવા શેષમાં એક રહે તો અધિકાર વધે. બે રહે તો થોડા સમય માટે વધે. શુન્ય રહે તો અધિકાર વધેજ નહિં.

# પગાર વધશે કે કેમ ?

શુકલ પક્ષથી પ્રશ્ન સમયની તિથિ સુધીના આંકને ત્રણથી ભાગવો. એક રહે તો વધારો થશે. બે રહે તો સામાન્ય વધશે. ત્રણ રહે તો નહિં વધે.

# ખોવાયેલી ચીજ કયાં છે ?

૧– તિથી, વાર નક્ષત્ર અને પ્રશ્ન લગ્ન સર્વેનો સરવાળો કરી તેમાં ત્રણ ઉમેરી પાંચ થી ભાગો શેષમાં ૧ વધે તો પૃથ્વીમાં. બે વધે તો જળમાં; ત્રણ વધે તો મળે નહિં. ચાર વધે તો રાજાને ત્યાં અથવા અગ્નિમાં. શુન્ય વધે તો નષ્ટ.

૨– પ્રશ્ન કરે તે સમયના તિથી, વાર, નક્ષત્ર, પહોરનો સરવાળો કરી તેમાં દશનો ગુણાકાર કરવો પછી સાતથી ભાગ દેવો. શેષમાં. ૧ વધેતો પૃથ્વીમાં. બે વધે તો લેનાર પાસેજ છે. ત્રણ વધે તો પાણીમાં. ચાર વધે તો રાજયમાં. પાંચ વધે તો મોઢામાં. છ વધે તો છાણા, ગોબર કીચડમાં. શુન્ય વધે તો આશા ન રાખવી.

## રોગી પ્રશ્ન વિચાર

૧-શનિ, રવિ, કે મંગલવાર તિથી ૪-૬-૧૨-૧૪ અને નક્ષત્ર ભરણી, આદ્રા, આશ્લેષા, સ્વાતિ, ત્રણે પૂર્વા અને શતતારા માં માંદો પડે તો બચવો મુશ્કેલ છે. ત્રણે યોગ સાથે હોવાથી તેને કોઈપણ શક્તિ બચાવી શક્તી નથી. ત્રણમાંથી એક યોગ હોય તો બિમારી ધીમે ધીમે મટી જાય છે. ત્રણમાંથી બે યોગ હોય તો મંદવાડ લાંબો સમય ચાલે છે.

૨-સોમવાર પાંચમ, ગુરૂવાર બીજ, શુક્રવાર ચોથ આ દિવસે બિમાર પડે તો બચવો મુશ્કેલ છે.

૩-મઘા, મૂળ નક્ષત્ર ૪-૬-૮-૧૫-૩૦ આ દિવસે માંદો પડનાર રોગી મરણ પામે છે.

| | |
|---|---|
| ૧ | ૪ |
| ૩ | ૨ |

૧-મરણ ૩-સાજો થશે.

૨-જીવતો રહે ૪-રોગ વધી જશે.

## સ્ત્રી પુરૂષમાં પ્રથમ કોણ મરશે?

ચંદ્રથી ૧-૪-૭-૮-૧૨ આસ્થાનોમાં રાહુ, મંગળ, શની જો પુરૂષની જન્મકુંડળીમાં હોય તો સ્ત્રીનું મરણ થાય છે. અને સ્ત્રીની જન્મકુંડળીમાં હોય તો પુરૂષનું મરણ થાય છે.

## મૃત્યુ જ્ઞાન

ત્રિનાડી ચક્રથી હરકોઈ નાડીમાં જ્યારે રોગીનું નામ નક્ષત્ર, સૂર્ય નક્ષત્ર, અને ચંદ્ર નક્ષત્ર એક સાથે આવે તે દિવસે મૃત્યુ થાય છે એમ જિન વચન છે.

## સાત સ્થાનમાંથી જતા જીવનું ફળ

ब्राह्मद्वारेच मोक्षत्वं, चक्षुभ्यांदेव : योनये,
नासाभ्यां मृत्यु योनिःस्यात् कर्णम्या असुरो भवेत।
वक्षेण यक्षराक्षस्य, लिंगद्वारेण किटक :,
गुदाद्वारेण नरकंच, मरणं सप्त विधंस्मृतम् ॥

## શયન માટે દિશા વિચાર

प्राकशीर शयने विधा, धनलाभश्चदक्षिणे,
पश्चिमे प्रबला चिंता, मृत्युहानि तथोत्तरे ॥

# રોગ અને નક્ષત્ર, વાર વિચાર

અશ્વિની અને સોમવારે થયેલ રોગ ૨૧ દિવસ રહે.
ભરણી અને રવિ કે બુધવારે થયેલ રોગ ૨૧ દિવસ મહાકષ્ટ આપે.
કૃત્તિકા અને ગુરૂવારે થયેલ રોગ ૧૮ દિવસ રહે.
રોહિણી અને શનિવારે થયેલ રોગ ૧૭ દિવસ રહે
મૃગશર અને શનિ, રવિવારે થયેલ રોગ મરણાંતકષ્ટ આપે.
આદ્રા અને મંગળ કે શુક્રવારે થયેલ રોગ છેવટ સુધી જાય નહિ.
પુનર્વસુ અને શનિ કે બુધવારે થયેલ રોગ ૨૫ દિવસ રહે.
પુષ્ય અને ગુરૂ કે શનિવારે થયેલ રોગ ૧૩ દિવસ રહે.
આશ્લેષા અને સોમ કે શુક્રવારના થયેલ રોગ મરણ સુધી જાય નહિં.
મઘા રવિ, બુધ અને શનિવાર થયેલ રોગ ૧૯ દિવસ રહે.
પૂર્વા ફાલ્ગુની અને સોમ ગુરૂવારે થયેલ રોગ ૧૧ દિવસ રહે.
ઉત્તરા ફાલ્ગુની અને સોમ ગુરૂવારે થયેલ રોગ ૧૧ દિવસ રહે.
હસ્ત અને શનિ રવિ કે બુધવારે થયેલ રોગ ૧૫ દિવસ રહે.
ચિત્રા અને સોમવારે થયેલ રોગ ૧૭ દિવસ રહે.
સ્વાતિ અને બુધ, શનિ, રવિવારે થયેલ રોગ ૨૦ દિવસ રહે.
વિશાખા અને શનિ, રવિ, મંગળવારે થયેલ રોગ મરણ સુધી રહે.
અનુરાધા અને બુધવારે થયેલ રોગ ૮ દિવસ રહે.
જ્યેષ્ઠા અને ગુરૂવારે થયેલ રોગ ૨૦ દિવસ રહે.
મૂળ અને શનિ રવિ કે સોમવારે થયેલ રોગમાં જીવેજ નહિ.
પૂર્વાષાઢા અને સોમ કે બુધવારે થયેલ રોગ ૧૮ દિવસ રહે.
ઉત્તરાષાઢા અને ગુરૂવારે થયેલ રોગ ૯ દિવસ રહે.
શ્રવણ અને શનિ રવિ કે મંગળવારે થયેલ રોગ ૫ દિવસ રહે.
ધનિષ્ઠા અને રવિ કે મંગળવારે થયેલ રોગ મરણ સુધી રહે.
શતતારા અને ગુરૂ કે શુક્રવાર માં થયેલ રોગ ૪૦ દિવસ રહે.
પૂર્વા ભાદ્રપદ અને શનિ રવિ કે મંગળવાર ના થયેલ રોગ જીવે નહિં.
ઉત્તરા ભાદ્રપદ અને સોમ બુધવાર ના થયેલ રોગ ૧૦ દિવસ રહે.
રેવતિ અને શુક્ર ગુરૂવાર ના થયેલ રોગ ૧૮ દિવસ રહે.

# * નક્ષત્ર ચક્ર *

| નામ | સંજ્ઞા | સ્વભાવ | સ્વામી ગ્રહ | યોનિ | વૈરયોનિ | ગણ | નાડી | જાતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| અશ્વિ | તિર્ય | લઘુ | સુર્ય | અશ્વ | મહિષ | દેવ | આદ્ય | નર |
| ભરણી | અધો | ક્રૂર | ચંદ્ર | ગજ | સિંહ | મનુ | મધ્ય | નર |
| કૃત્તિકા | અધો | મિશ્ર | મંગળ | મેષ | વાનર | રાક્ષસ | અંત્ય | નર |
| રોહિ | ઉર્ધ્વ | ધ્રુવ | બુધ | સર્પ | નકુલ | મનુ | અંત્ય | નર |
| મૃગ | તિર્ય | મૃદુ | ગુરૂ | સર્પ | નકુલ | દેવ | મધ્ય | નર |
| આર્દ્રા | ઉર્ધ્વ | તીક્ષ્ણ | શુક્ર | શ્વાન | મૃગ | મનુ | આદ્ય | નારી |
| પુન: | તિર્ય | ચર | શનિ | માર્જા. | મુષક | દેવ | આદ્ય | નારી |
| પુષ્ય | ઉર્ધ્વ | લઘુ | સુર્ય | મેષ | વાનર | દેવ | મધ્ય | નારી |
| આશ્લે | અધો | તીક્ષ્ણ | ચંદ્ર | માર્જા. | મુષક | રાક્ષસ | અંત્ય | નારી |
| મઘા | અધો | ક્રૂર | મંગળ | મુષક | માર્જા. | રાક્ષસ | અંત્ય | નારી |
| પુ. ફા. | અધો | ક્રૂર | બુધ | મુષક | માર્જા. | મનુ | મધ્ય | નારી |
| ઉ. ફા. | ઉર્ધ્વ | ધ્રુવ | ગુરૂ | ગૌ | વ્યાઘ્ર | મનુ | આદ્ય | નારી |
| હસ્ત | તિર્ય | લઘુ | શુક્ર | મહિષ | અશ્વ | દેવ | આદ્ય | નારી |
| ચિત્રા | તિર્ય | મૃદુ | શનિ | વ્યાઘ્ર | ગૌ | રાક્ષસ | મધ્ય | નારી |
| સ્વાતિ | તિર્ય | ચર | સુર્ય | મહિષ | અશ્વ | દેવ | અંત્ય | નારી |
| વિશાખા | અધો | મિશ્ર | ચંદ્ર | વ્યાઘ્ર | ગૌ | રાક્ષસ | અંત્ય | નપું |
| અનુ | તિર્ય | મૃદુ | મંગળ | મૃગ | શ્વાન | દેવ | મધ્ય | નપું |
| જયેષ્ટા | તિર્ય | તીક્ષ્ણ | બુધ | મૃગ | શ્વાન | રાક્ષસ | આદ્ય | નપું |
| મુલ | અધો | તીક્ષ્ણ | ગુરૂ | શ્વાન | મૃગ | રાક્ષસ | આદ્ય | નપું |
| પુ. ષાઢા | અધો | ક્રૂર | શુક્ર | વાનર | મેષ | મનુ | મધ્ય | નર |
| ઉ. ષાઢા | ઉર્ધ્વ | ધ્રુવ | શનિ | નકુલ | સર્પ | મનુ | અંત્ય | નર |
| અભિ | ઉર્ધ્વ | લઘુ | સુર્ય | નકુલ | સર્પ | મનુ | અંત્ય | નર |
| શ્રવણ | ઉર્ધ્વ | ચર | ચંદ્ર | વાનર | મેષ | દેવ | અંત્ય | નર |
| ધનિ | ઉર્ધ્વ | ચર | મંગળ | સિંહ | ગજ | રાક્ષસ | મધ્ય | નર |
| શત | ઉર્ધ્વ | ચર | બુધ | અશ્વ | મહિષ | રાક્ષસ | આદ્ય | નર |
| પુ. ભાદ્ર | અધો | ક્રૂર | ગુરૂ | સિંહ | ગજ | મનુ | આદ્ય | નર |
| ઉ ભાદ્ર | ઉર્ધ્વ | ધ્રુવ | શુક્ર | ગૌ | વ્યાઘ્ર | મનુ | મધ્ય | નર |
| રેવતિ | તિર્ય | મૃદુ | શનિ | ગજ | સિંહ | દેવ | અંત્ય | નર |

# રાશિમેળ પરસ્પર વિચાર

જ્યારે એકબીજાની સાથે જેમકે પતિ પત્ની, શેઠ નોકર ગુરૂ શિષ્ય, અથવા કોઇ સાથે ભાગીદારી કરવાની હોય ત્યારે પરસ્પર રાશિમેળનો વિચાર કરીને જો આગળ વધવામાં આવે તો ભવિષ્યમાં પસ્તાવો કરવાનો સમય આવતો નથી. માટે ઉપરોકત સંબંધ જોડતાં પહેલાં ગ્રહરાશિનો બરાબર વિચાર કરીને પછીથી આગળ વધવા ભલામણ છે.

દરેક નામમાં અક્ષરો પરથી રાશિ નકકી કરવામાં આવે છે. તે રાશિના સ્વામીઓ જુદા જુદા ગ્રહો થાય છે. ગ્રહોના પરસ્પર મિત્ર, શત્રુ કે સમનોભાવ વ્યક્તિના જીવન પર પડે છે. પોતાની નામરાશિથી સામાની નામરાશિ સુધી ગણુતા તૃતિય એકાદશ સારી કહેવાય છે. સપ્તમ સપ્તમ શુભ કહેવાય છે. ૨+૧૨, ૬+૮, ૯+૫, વેર વર્ગ સ્વામી વાળી રાશિઓ અશુભ કહેવાય છે. ૨+૧૨, ૬+૮, ૯+૫ મિત્રવર્ગ કે સમ સ્વામી વાળી રાશિઓ મધ્યમ કહેવાય છે. ૪+૧૦ રાશિ વેર વર્ગને તજીને અતિશુભ કહેવાય છે.

૧ – નવપંચમમાં વરથી કન્યાની રાશિ પાંચમી અને કન્યાથી વરની રાશિ નવમી સારી કહેવાય છે.

૨ – ૨+૧૨માં વરથી બીજી રાશિની કન્યા અશુભ છે. પણ વરથી બારમી રાશિની કન્યા શુભ સમજવી.

૩ – ૭+૭માં કર્ક મકર અને સિંહ કુંભના આ બે સપ્તમ સપ્તમકો વૈરપ્રદ ગણાય છે.

૪ – ૪–૧૦માં વૃષભ સિંહ, કર્ક તુલા, કન્યા ધન, વૃશ્ચિક કુંભ, મકર કર્ક. મીન મિથુન, આટલા ખરાબ છે.

૫ – ૬+૮માં વૃષભ ધન, કર્ક કુંભ, કન્યા મેષ, વૃશ્ચિક મિથુન, મકર સિંહ, મીન તુલા, આ ષડષ્ટક શત્રુ સમાન છે.

૬ – ૬+૮માં મેષ વૃશ્ચિક, મિથુન મકર, સિંહ મીન, તુલા વૃષભ, ધન કર્ક, કુંભ કન્યા, આ ષડષ્ટક પ્રીતિ કરનાર છે.

૭ – ૨+૧૨માં વૃશ્ચિક તુલા, મકર ધન, મીન કુંભ, વૃષભ મેષ, કર્ક મિથુન, આ દ્વિદ્વાદશક અશુભ છે.

# વર કન્યા મેળાપક વિચાર

૧ – વર કન્યાનો એક વર્ણ હોયતો સારૂં ગણાય. વરનો ઉચ્ચ વર્ણ અને કન્યાનો નીચ વર્ણ હોય તો પણ શ્રેષ્ઠ છે. પરંતુ ઉચ્ચવર્ણની કન્યા અને નીચ વર્ણનો વર આ સબંધ અનિષ્ઠ છે.

૨ – વર કન્યાના નક્ષત્ર વિષે યોનિ તપાસવી. એક યોનિ વચ્ચે મિત્રતા છે. બંનેની યોનિ અલગ હોય પરંતુ શત્રુતા ન હોય તો ઠીક ગણાય. શત્રુ યોનીનો ત્યાગ કરવો.

૩ – વર કન્યાની એક નાડી હોતા લગ્ન થઇ શકે નહિં. ભિન્ન નાડી હોય તોજ પરિણામ સારૂં આવે. એક નાડીમાં પણ

એકના નક્ષત્રના પ્રથમ ચરણ હોય અને બીજાના નક્ષત્ર નો ચોથું ચરણ હોય તો અથવા એકનું બીજું ચરણ અને બીજાનું ત્રીજું ચરણ હોય તો મૃત્યુ કારક થાય છે. વર વધૂના નક્ષત્રોમાં મધ્ય નાડી હોય તો પણ મૃત્યુ કારક ગણાય છે.

શેઠ નોકર, ભાગીદારી, ઘરધણી વગેરે સાથે નાડી દોષ જોવાની જરૂર નથી.

# પાઘડીએ ઘાટડીએ મંગળની સમજ

૧ – વર કન્યાની જન્મ કુંડલીમાં પહેલા સ્થાનમાં, ચોથા, સાતમા, આઠમા કે બારમા સ્થાનમાં મંગળ બેઠો હોય તો વરને પાઘડીએ અને કન્યાને ઘાટડીએ મંગળ કહેવાય છે

૨ – સપ્તમાધિપતિ નીચ હોય કે અન્યોન્ય થકી નીચ બનતો હોય તો પણ મંગળ જેટલોજ દોષ સમજવો.

૩ – મંગળ દોષના અપવાદમાં વરને મંગળ હોય અને કન્યાને ન હોય, પણ કન્યાની જન્મ કુંડળીમાં ૧,૪,૭,૮,૧૨ આ સ્થાનોમાં ગમે ત્યાં શનિ હોય તો મંગળનો દોષ ટળી જાય છે.

૪ – વર કન્યાની જન્મ કુંડળીમાં પહેલા સ્થાનમાં મેષનો, ચોથા સ્થાનમાં વૃશ્ચિકનો, સાતમા સ્થાનમાં મકરનો કે મીનનો, આઠમા સ્થાનમાં કર્કનો તથા બારમા સ્થાનમાં ધનનો મંગળ હોય તો દોષ લાગતો નથી.

# 卐 રાશિ ચક્રઘાતાદિ વિચાર 卐

| નામ | મેષ | વૃષભ | મિથુ. | કર્ક | સિંહ | કન્યા | તુલા | વૃશ્ચિ. | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ તિથી | કાર્તિક ૧–૬ ૧૧ | મૃગ ૫–૧૦ ૧૫ | અષાઢ ૨૪–૭ ૧૨ | પોષ ૨–૭ ૧૨ | જ્યે. ૩–૮ ૧૩ | ભા. પ. ૫–૧૦ ૧૫ | માઘ ૪–૯ ૧૪ | આસો ૧–૬ ૧૧ | શ્રાવણ ૩–૮ ૧૩ | વૈશાખ ૪–૯ ૧૪ | ચૈત્ર ૩–૮ ૧૩ | ફાલ્ગુન ૫–૧૦ ૧૫ |
| વાર | રવિ | શનિ | સોમ | બુધ | શનિ | શનિ | ગુરૂ | શુક્ર | શુક્ર | મંગળ | ગુરૂ | શુક્ર |
| નક્ષત્ર | મઘા | હસ્ત | સ્વાતિ | અનૂ | મૂળ | શ્રવણ | શ. તા. | રેવતી | ભરણી | રોહિ. | આદ્રા | આશ્લે |
| યોગ | વિષ્કું. | સુકર્મા | પરીઘ | વ્યાઘા. | ધૃતિ | શૂલ | શુકલ | વ્યતિ. | વજ્ર | વૈધૃતિ | ગંડ | વજ્ર |
| કરણ | બવ | શકુનિ | ચતુ. | નાગ | બવ | કૌલવ | તૈતિલ | ગર | તૈતિલ | શકુનિ | કિંસ્તુ | ચતુ. |
| પ્રહર | ૧લો | ચોથો | ત્રીજો | ૧લો | ૧લો | ૧લો | ૧લો | ૧લો | ૧લો | ચોથો | ત્રીજો | ચોથો |
| પુ. ચંદ્ર | ૧ | ૫ | ૯ | ૨ | ૬ | ૧૦ | ૩ | ૭ | ૪ | ૮ | ૧૧ | ૧૨ |
| સ્ત્રીચં. | ૧ | ૮ | ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૨ | ૧૦ | ૧૧ | ૫ | ૧૨ |
| લગ્ન | ૧ | ૨ | ૪ | ૭ | ૧૦ | ૧૨ | ૬ | ૮ | ૯ | ૧૧ | ૩ | ૫ |
| બલ. | રાત્રે | રાત્રે | દિવસે | રાત્રે | દિવસે | દિવસે | દિવસે | દિવસે | રાત્રે | રાત્રે | દિવસે | અ. રા. |
| જાતિ | નર | નારી | નર | નારી | નર | નારી | નર | નારી | નર | નારી | નર | નારી |
| તત્ત્વ | અગ્નિ | પૃથ્વી | વાયુ. | જલ | અગ્નિ | પૃથ્વી | વાયુ | જલ | અગ્નિ | પૃથ્વી | [illegible] | જલ |
| સ્વભાવ | ચર | સ્થિર | દ્વિ. સ્વ. | ચર | સ્થિર | દ્વિ. સ્વ. | ચર | સ્થિર | દ્વિ. સ્વ | ચર | સ્થિર | દ્વિ. સ્વ. |
| ગ્રહ | મંગળ | શુક્ર | બુધ | ચંદ્ર | સૂર્ય | બુધ | શુક્ર | મંગળ | ગુરૂ | શનિ | શનિ | ગુરૂ |
| નક્ષત્ર ચરણ | અશ્વિ ૪ ભરણી ૪ કૃત્તિકા ૧ | કૃત્તિકા ૩ રોહિ. ૪ મૃગ ૨ | મૃગ. ૨ આદ્રા ૪ પુન. ૩ | પુન. ૧ પુષ્ય ૪ આશ્લે ૪ | મઘા ૪ પૂ.ફા. ૪ ઉ.ફા. ૧ | ઉ.ફા. ૩ હસ્ત ૪ ચિત્રા ૨ | ચિત્રા ૨ સ્વાતિ ૪ વિશા ૩ | વિશા ૧ અનુ ૪ જ્યે. ૪ | મૂલ ૪ પૂ.ષા. ૪ ઉ. ષા. ૧ | ઉ. ષા. ૩ શ્રવણ ૪ ધનિ ૨ | ધનિ ૨ શત ૪ પૂ. ભા. ૩ | પુ. ભા. ૧ ઉ. ભા. ૪ રેવતી ૪ |
| અક્ષરો | અ. લ. ઇ. | બ. વ ઉ. | ક. છ. ઘ. | ડ. હ. | મ ટ. | પ. ઠ. ણ. | ર. ત. | ન. ય. | ભ. ધ. ફ. ઢ. | ખ. જ. | ગ શ સ. ષ. | દ ચ. ઝ. થ. |

# 卐 ગ્રહ ચક્ર વિચાર 卐

| નામ | સુર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ રાશિ અંશ | મેષ ૧૦ | વૃષભ ૩ | મકર ૨૮ | કન્યા ૧૫ | કર્ક ૫ | મીન ૨૭ | તુલા ૨૦ | મિથુન ૧૫ |
| નીચ રાશિ | તુલા | વૃશ્ચિક | કર્ક | મીન | મકર | કન્યા | મેષ | ધન |
| સ્વગૃહી | સિંહ | કર્ક | મેષ વૃશ્ચિક | મિથુન કન્યા | ધન મીન | વૃષભ તુલા | મકર કુંભ | કન્યા |
| મુલ ત્રિકોણ | સિંહ | કર્ક | મેષ | કન્યા | ધન | તુલા | કુંભ | કુંભ |
| મિત્ર ગ્રહ | ચંદ્ર મંગળ ગુરૂ | સુર્ય બુધ | સુર્ય ચંદ્ર ગુરૂ | સુર્ય શુક્ર રાહુ | સુર્ય ચંદ્ર મંગળ | બુધ શનિ રાહુ | બુધ શનિ રાહુ | બુધ શુક્ર શનિ |
| શત્રુ ગ્રહ | શુક્ર શનિ રાહુ | રાહુ | બુધ રાહુ | ચંદ્ર | બુધ શુક્ર | સુર્ય ચંદ્ર | સુર્ય ચંદ્ર મંગળ | સુર્ય ચંદ્ર મંગળ |
| સમ | બુધ | મં. ગુ. શુ. શ. | શુક્ર શનિ | મંગળ ગુરૂ શનિ | શનિ રાહુ | મંગળ ગુરૂ | ગુરૂ | ગુરૂ |
| બલવાન | દિવસે | રાત્રે | રાત્રે | અહોરાત્ર | દિવસે | દિવસે | રાત્રે | અહોરાત્ર |
| દિશા | પુર્વ | વાયવ્ય | દક્ષિણ | ઉત્તર | ઈશાન | અગ્નિ | પશ્ચિમ | નૈઋત્ય |
| લિંગ | નર | નારી | નર | નપુંસક | નર | નારી | નપુંસક | નર |
| રોગ સ્થાન | મસ્તક મુખ | કંઠ છાતી | વાંસો પેટ | હાથ પગ | કમર | ગુદા વૃષણ | ઢીંચણ | સાથળ |

# પૃથ્વી શયન વિચાર

૧– સુર્યના નક્ષત્રથી દિવસના નક્ષત્ર સુધી ગણતાં ૫–૭–૯–૧૨ ૧૮–૨૬ મું આવે તો ત્યારે પૃથ્વી સુતેલી ગણાય છે. અથવા સુર્ય કોઇપણ સંક્રાન્તિમાં ૫–૭–૯–૧૧–૧૫–૨૦–૨૨–૨૩–૨૮ અંશોમાં હોતા પૃથ્વી સૂતી ગણાય છે.

પૃથ્વી શયને પાંચ કામ, વર્જિત તો કરીએ।
કુવા તળાવ ને વાવડી, ઘરહાટન વિખણીએ ॥૧॥

સુર્ય ચંદ્રના નક્ષત્રની ગણત્રી પ્રમાણે જ્યારે પૃથ્વી સુતેલી જણાય છે ત્યારે કુવા, તળાવ, વાવડી, ઘર, દુકાન વિગેરે કાર્યોનો ત્યાગ કરવાનો છે.

૨– શુદિ એકમથી તિથી ગણ, રવીવાર થી વાર ।
અશ્વિની નક્ષત્ર થકી, ભેગા સહુને ધાર ॥ ૧ ॥

સહુનો એકજ આંકડો, ચારે ભાગ કરંત ।
શેષાં કે ફળ સાંભળો, શંકા નહિં લાવંત ॥ ૨ ॥

આરંભે ઘર ઉભીમાં, વિઘ્ન અતિશય હોય ।
બેઠીમાં ઘર આદરે, આનંદકારી જોય ॥ ૩ ॥

લડાઈ કરજો ઉભીમાં, પડે નગારે ઘાવ ।
જીત તણાં ડંકા પડે, જ્યું રામજી ત્યા લંકાય ॥૪॥

કુવો ખણાવે નિંદમાં, નીર નવાણે નમાય ।
જાગૃતિ જળને હરે, મસાણ કૂપ તે થાય ॥ ૫ ॥

# ખાત શિલા સ્થાપન મૂહૂર્ત

પાયો ખોદવામાં અધોમુખ સંજ્ઞા વાળા નક્ષત્રો લેવા. શિલા સ્થાપનમાં ઉર્ધ્વ મુખ સંજ્ઞાવાળા નક્ષત્રો લેવા. સ્થિર લગ્ન લેવું. સંહિરાશિ નો ગુરૂ શુક્ર નો અસ્ત ત્યાગવો. અગ્નિ ખૂણામાં મુખ્ય શીલા સ્થાપન કરવું

# ગૃહારંભ વિચાર

ગૃહસ્થ જીવન માટે કંચન અને કામિની નો સબંધ અનિવાર્ય બતાવેલ છે. ગૃહસ્થાશ્રમની પવિત્રતા જાળવવા માટે કેટલાંક સુચનો બતાવ્યા છે આદર્શ ગૃહસ્થાશ્રમી અનેક રીતે ધર્મ માર્ગમાં ઉપયોગી થઈ શકે છે ગૃહસ્થ ને રહેવા માટે ઘર, તથા સંપત્તિ પ્રાપ્ત કરવા માટે સાધન તરીકે દુકાન, વખાર, કે પેઢીની જરૂર પડે છે. હવે તે સ્થાન નિર્માણ કરતાં પહેલાં ભુમિ શુધ્ધિ, ગ્રહ શુધ્ધિ અને દિન શુધ્ધિ નો વિચાર કરી દરેક શુભયોગોમાં નિર્માણ કાર્યની શરૂઆત થાય તો અનેક રીતે સુખ શાંતિ પ્રાપ્ત થાય છે.

ગામ સાથે લેણા દેણી = પોતાની નામ રાશિથી ગામની રાશિ અનુસાર ગણતા બીજી, પાંચમી, અગીઆરમી, નવમી, દશમી આવે તે સારી. અન્યથા અશુભ સમજવી. તેમજ રાશિઓના અધિપત ઓમાં શત્રુ વર્ગનો ત્યાગ કરવો. નક્ષત્રમાં વૈર યોનિ તજવાની.

કાકીણી વિચાર = ૧ અ વર્ગ, ૨ ક વર્ગ, ૩ ચ વર્ગ, ૪ ટ વર્ગ, ૫ ત વર્ગ ૬ પ વર્ગ, ૭ શ વર્ગ દરેક વર્ગને પોતાનાથી ગણતાં પાંચમાં વર્ગથી વેર છે. તેનો ત્યાગ કરવાનો. તથા પોતાના નામ પ્રમાણે જે વર્ગ આવે તે સંખ્યાને ડબલ કરવી, તેમાં પછી ગામના વર્ગની સંખ્યા ઉમેરવી અને સરવાળો કરી આઠથી ભાગ દેવો. જે શેષ રહે તે પોતાની કાકીણી સમજવી. તેવીજ રીતે ગામની સંખ્યાને ડબલ કરી પોતાના વર્ગની સંખ્યા ઉમેરવી અને સરવાળો કરી આઠથી ભાગ દેવો. શેષ રહે તે ગામની કાકીણી સમજવી. પોતાના કરતાં ગામની વધારે હોય તો લાભ સમજવું. તે પ્રમાણે જોઈને તે ગામમાં કાર્યનો આરંભ કરવો.

# ભૂમિ શલ્ય વિચાર

૧— ઉનાળામાં ઠંડા સ્પર્શવાળી, અને શિયાળામાં ગરમ સ્પર્શવાળી તથા વર્ષાઋતુમાં ઠંડા તથા ગરમ સ્પર્શવાળી જે ભુમિ હોય હોય તે શુભકારી સમજવી.

૨— એક હાથ ભૂમિને ખોદી તેમાંથી જે માટી નીકળે તેજ માટીથી પાછી ભરતી કરવી. તેમાં જો માટી વધે તો ભુમિ શ્રેષ્ઠ સમજવી. માટી ન વધે તો મધ્યમ અને માટી ઘટે તો તે જમીન અનિષ્ટ સમજવી. તે ભુમિમાં કોઈપણ શ્રેષ્ટ કાર્ય કરવો નહિં.

૩— જે ભુમિમાં ખાડો કરીને પાણી ભરવામાં આવે તે પાણી એકસો ડગલા જઈ ત્યાં સુધીમાં જેટલુ હોય તેટલુંજ રહે તો તે ભુમિ સારી ગણાય. એક આંગળ જેટલું ઓછું થાય તો મધ્યમ ગણાય. અને તે કરતાં વધારે ઓછું થાય તો અધમ જાણવી.

૪— જે ભુમિના ખાડામાં રાખેલા પુષ્પો બીજે દિવસે તેવાંને તેવાં રહે તો ભુમિ ઉત્તમ. અડધા સુકાઈ જાય તો મધ્યમ. અને સર્વે સુકાઈ જાય તો અધમ જાણવી.

૫— જે ભુમિમાં વાવેલું ધાન ત્રણ દિવસે ઉગે તો ભુમિ શ્રેષ્ઠ. પાંચ દિવસમાં ઉગે તો મધ્યમ અને સાત દિવસમાં ઉગે તો અધમ ભુમિ જાણવી

૬— ભુમિ રાફડાવાળી હોય તો વ્યાધિ કરે છે. પોલાણવાળી હોય તો દરિદ્રતા લાવે છે. ફાટવાળી હોય તો મૃત્યુ કરે છે. અને શલ્ય વાળી હોય તો દુ:ખ આપે છે. મનુષ્યના હાડકા, કેશ, ખોપરી વિગેરે નીકળે તે શલ્ય કહેવાય છે. આ રીતે બધી તરફનો વિચાર કરીને મંદિર, મહેલ કે દુકાન માટે આરંભ કરવો.

૭— દ્વારવેધ=થાંભલો, કુવો. વૃક્ષ, ખુણો દ્વાર ની વચ્ચે આવે તો સારા નથી. ઘરની ભૂમિથી બે ગણું અંતર છોડીને હોય તો દ્વાર વેધ કહેવાય નહિ.

# પ્રતિમા વિષે વિચાર

૧— કાષ્ટની, લેપની, પથ્થરની, દાંતની કે ધાતુની મૂર્તિ અગીઆર આંગળથી વધારે હોય તો તેનું પુજન ઘરમાં કરી શકાય નહિં. તેવી મુર્તિઓને માટે મંદિરનું નિર્માણ કરવુ જોઇએ.

૨— મંદિર ઉપર હંમેશા ધ્વજા ચઢાવેલી ન હોય તો તે મંદિરમાં કરેલી પુજા, જાપ, હોમ વિધિ સર્વે નિષ્ફળ જાય છે. પ્રસાદ પર હંમેશા ધ્વજાનુ ચિન્હ હોવું જ જોઇએ.

૩— પ્રતિમા ભરાવવી હોય તો ન્યાયથી મેળવેલ શુધ્ધ દ્રવ્યનો ઉપયોગ કરીને પ્રતિમા ભરાવવી જોઇએ. અન્યથા ઉન્નતિ થતી નથી ઘર કાર્ય માટે બીજા કોઇએ મંગાવેલ પત્થરમાંથી બનાવેલી પ્રતિમા ઇષ્ટ પ્રાપ્તિને આપતી નથી

૪— પ્રતિમાની દૃષ્ટિ નીચી હોય તો ચિંતા તથા ઉદ્‌વેગ કરાવે છે. વાંકી હોય તો કલેશ અને દુઃખ ઉપજાવે છે. ઉંચી હોય તો દેશનો ત્યાગ કરાવનારી બની રહે છે.

૫— પ્રતિમા ઉગ્ર દેખાવની હોય તો તેના કરાવનારનો નાશ થાય છે. જો અધિક આંગળીવાલી હોય તો તેના કલાકારનો નાશ થાય છે. જો પ્રતિમા કૃશ હોય તો ધનનો નાશ કરે છે. ચક્ષુ વિનાની પ્રતિમા નેત્રનો નાશ કરે છે. સાંકડા મુખવાળી પ્રતિમા સુખ ભોગનો નાશ કરે છે વક્રનેત્ર વાળી હોય તો મહા દુઃખ દાયક થઈ પડે છે ટુંકા અવયવો વાળી પ્રતિમા ક્ષય કરનારી છે. નાની કેડની પ્રતિમા આચાર્ય તથા ગુરુનો નાશ કરે છે. નાની જાંઘની પ્રતિમા હોય તો મિત્ર, ભાઈ, પુત્રનો નાશ કરે છે.

૬— પ્રતિમાના નખ ખંડિત થાય તો દુશ્મનનો ભય, આંગળા ખંડિત થાય તો દેશ ત્યાગ કરવો પડે હાથ ખંડિત થાય તો બંધનમાં આવવું પડે. નાક ખંડિત થાય તો કુળનો નાશ થાય. પગ ખંડિત થાય તો દ્રવ્ય હાનિ થાય. ખંડિત થયેલી પ્રતિમા દરિયાના જળમાં પધરાવી દેવી. પુજવાને માટે પછી યોગ્ય નથી.

# ચોવીશ તીર્થંકર સાથે રાશિમેળ વિચાર

| તીર્થંકર | જન્મ નક્ષત્ર | રાશિ | ગામ, વ્યક્તિ, રાશિ |
|---|---|---|---|
| રૂષભદેવ | ઉ.ષાઢા | ધન | ૧-૩-૪-૫-૬-૭-૯-૧૧-૧૨ |
| અજિતનાથ | રોહિણી | વૃષભ | ૨-૪-૫-૬-૭-૮-૧૦-૧૧-૧૨ |
| સંભવનાથ | મૃગશર | મિથુન | ૧-૩-૫-૬-૭-૯-૧૦-૧૧-૧૨ |
| અભિનંદન | પુનર્વસુ | મિથુન | ૧-૩-૫-૬-૭-૯-૧૦-૧૧-૧૨ |
| સુમતિનાથ | મઘા | સિંહ | ૧-૩-૫-૭-૮-૯-૧૦-૧૧-૧૨ |
| પદ્મપ્રભુ | ચિત્રા | કન્યા | ૨-૩-૪-૬-૮-૯-૧૦-૧૧-૧૨ |
| સુપાર્શ્વ | વિશાખા | તુલા | ૧-૨ ૩-૪-૫-૭-૯-૧૧-૧૨ |
| ચંદ્રપ્રભુ | અનુરાધા | વૃશ્ચિક | ૨-૪-૫-૬-૮-૯-૧૦-૧૧-૧૨ |
| સુવિધિનાથ | મુલ | ધન | ૧-૨-૩-૪-૫-૬-૭-૯-૧૧-૧૨ |
| શીતલનાથ | મુલ | ધન | ૧-૩-૪-૫-૬-૭-૯-૧૧-૧૨ |
| શ્રેયાંસનાથ | શ્રાવણ | મકર | ૧-૨-૪-૫-૬-૭-૮-૧૦-૧૨ |
| વાસુપુજ્ય | શતતારા | કુંભ | ૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૧ |
| વિમલનનાથ | ઉ. ભાદ્ર | મીન | ૨-૩-૪-૫-૬-૮-૯-૧૦-૧૨ |
| અનંતનાથ | રેવતી | મીન | ૨-૩-૪-૫-૬-૮-૯-૧૦-૧૨ |
| ધર્મનાથ | પુષ્ય | કર્ક | ૪-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ |
| શાંતિનાથ | ભરણી | મેષ | ૧-૪-૫-૭-૮-૯-૧૦-૧૧ |
| કુન્થુનાથ | કૃત્તિકા | વૃષભ | ૨-૪-૫-૬-૭-૮-૯-૧૦-૧૧-૧૨ |
| અરનાથ | રેવતી | મીન | ૨-૩-૪-૫-૬-૮-૯-૧૦-૧૨ |
| મલ્લિનાથ | અશ્વિની | મેષ | ૧-૩-૪-૫-૭-૮-૯-૧૦-૧૧ |
| મુનિસુવ્રત | શ્રવણ | મકર | ૧-૨-૩-૪-૬-૭-૮-૧૦-૧૨ |
| નમિનાથ | અશ્વિની | મેષ | ૧-૩-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ |
| નેમિનાથ | ચિત્રા | કન્યા | ૨-૩-૪-૬-૮-૯-૧૦-૧૨ |
| પાર્શ્વનાથ | વિશાખા | તુલા | ૧-૪-૫-૭-૯-૧૦-૧૧-૧૨ |
| મહાવીર | ઉ. ફા. | કન્યા | ૨-૩-૪-૬-૮-૯-૧૦-૧૧ ૧૨ |

# પ્રશ્ન વિચાર

નંબર

૧ મારી ઇચ્છા પુરી થશે કે નહિ?
૨ મને મારા કામમાં યશ મળશે કે નહિં?
૩ મને મારા ધંધામાં લાભ થશે કે નહિં?
૪ મને પરદેશમાં રહેવું પડશે કે નહિં?
૫ ગામ ગયેલો પાછો આવશે કે નહિં?
૬ ચોરાયલી વસ્તુ પાછી મળશે કે નહિ?
૭ મારો મિત્ર મારી સાથે પ્રમાણિક પણે ચાલે છે?
૮ મને મુસાફરી કરવી પડશે કે નહિં?
૯ તે માણસ મને ચાહે છે કે નહિં?
૧૦ આ લગ્ન સફળ થશે કે નહિં?
૧૧ મને કયા પ્રકારની સ્ત્રી (વર) મળશે?
૧૨ તે સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી?
૧૩ તે રોગી સારો થશે કે નહિં?
૧૪ તે કેદી કેદમાંથી છુટશે કે નહિં?
૧૫ આજે મને લાભ થશે કે નહિં?
૧૬ મારૂં સ્વપ્ન શું બતાવે છે?


---


ત્રણ વાર નમસ્કાર મહામંત્ર ગણીને કોઇપણ એક પ્રશ્ન નકકી કરવો. પછી મનમાં આવે તે રીતે એક પાટીમાં ચાર લાઇનની અંદર મીંડા મીંડા કરવા. દરેક લાઇનના મીંડની ગણત્રી કરવી. જેમાં એકી સંખ્યા હોય ત્યાં એક મીંડુ મુકવું. બેકી સંખ્યા હોય તેમાં બે મીંડા મુકવા. પછી પ્રશ્ન નંબર અને મીંડાના આધારે જવાબનો પાનું નકકી કરી તે પાનામાં પ્રશ્નનો જવાબ જોઇ લેવો.


# પ્રશ્ન નંબર અને મીંડા આધારે
## જવાબનું પાનું


| પ્રશ્ન<br><br>અંક | o<br>o<br>o<br>o | oo<br>o<br>oo<br>o | o<br>oo<br>o<br>o | oo<br>o<br>o<br>oo | oo<br>oo<br>oo<br>o | oo<br>oo<br>o<br>oo | oo<br>o<br>o<br>o | oo<br>oo<br>o<br>o | o<br>o<br>oo<br>oo | o<br>o<br>o<br>oo | oo<br>o<br>oo<br>oo | o<br>oo<br>oo<br>oo | o<br>oo<br>oo<br>o | o<br>o<br>oo<br>o | o<br>oo<br>o<br>oo | oo<br>oo<br>oo<br>oo |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૨ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ |
| ૩ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ |
| ૪ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ |
| ૫ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૬ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૭ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૮ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૯ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૦ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૧ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૨ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૩ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧૪ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
| ૧૫ | ૧૫ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૬ | ૧૬ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |


પાનું-૧.



જે તું ઈચ્છે તે તને જલદી થી મળશે.



દુઃખ તથા સંકટ છે.



જે તું કાંઈ આજ કરે છે તે ઉપર સાવધ રહે, નહિં તો તારા ઉપર સંકટ પડશે.



તે કદી મરશે અને તે બાબત તેના મિત્રને ઘણી ધાસ્તી લાગે છે.



તે હાલ જીવશે પણ તેને મરવાનો ભય છે.



એક સારી રૂપાળી પણ કલેશ કરનારી છોકરી થશે.



તને એક ધર્માત્મા તથા સારા ગુણ વાળી સ્ત્રી મળશે.



જો તું આ સ્ત્રી સાથે લગ્ન કરીશ તો ઓચિંતે ઠેકાણેથી શત્રુ પેદા થશે.



જો તું આ પ્રીતિ છોડીશ તો સારૂં છે કેમકે તે હંમેશની ખરી નથી.



તું મુસાફરી કરવી છોડી દે તેથી તારો સ્વાર્થ થવાનો નથી.



તારી ચોરાઈ ગયેલી મિલ્કત પાછી મલવાની નથી



ગામ ગયેલો પાછો આનંદ થી આવશે.


હમણાં જ્યાં તું છે ત્યાંથી તું ખસવાનો નથી.


સારા કામમાં પરમેશ્વર તને સારો આશ્રય આપશે.


તમો બંન્નેમાં સાચી અને કપટ વગરની મિત્રાઈ છે.


તું હિણ ભાગ્યવાન છે તેથી સહાય થવાને પરમેશ્વર પાસે આજીજી કર.



પાનું–૨.

જે લાભ તારા નશીબમાં છે તે લેવાને બીજા એકને લોભ પેદા થયો છે.

જે કાંઇ તારા આશાઓ છે તે તું હમણાં છોડી દે.

કોઇ એક પુરૂષથી તારા ઉપર કૃપા તથા મહેરબાની થશે એમ દેખાય છે.

તારા કેટલાએક શત્રુઓ છે તે તને ફાંસામાં નાખીને દુઃખ દેશે.

મોટી મહેનતથી તને ફરીથી માફી અથવા રજા મલશે.

તે રોગી બચવાનો નથી.

તે બાયડીને છોકરો થશે. તે ભણેલો તથા શાણો થશે.

તને એક માતબર વર અથવા સ્ત્રી મલશે.

આ લગ્નથી તને મોટું ભાગ્ય તથા દૌલત મળશે.

આ પ્રીત એક પ્રમાણિક તથા નિષ્કપટી માણસથી છે.

તે ખોટો તથા ઠગ મિત્ર છે તેથી હુશીયાર રહેજે.

તારી ચીજ તને એકાએક મળશે.


સ્નેહ ભાવ માટે તારાથી ઘેર પાછું આવતું નથી.

તારૂં રહેવાનું અહિંયા નથી માટે જગા બદલવાની તૈયારીમાં રહે જે.

મુસાફરીમાં પરમેશ્વર તારી સંગાથે રહેશે તથા તારૂં કલ્યાણ કરશે.

તને લાભ થવાનો નથી માટે ડાહ્યો થઈ ને હુશીયાર રહે.

પાનું-૩.



પરમેશ્વરના આશીર્વાદથી તને મોટો લાભ થશે.

ખરેખરો તું ભાગ્ય હીન છે પરમેશ્વરની સહાયતા સારૂં તેની પ્રાર્થના કર.

તારી ઈચ્છાઓ જો નિર્મલ હશે તો પુરી પડશે.

તારા મિત્રોમાં શાંતિ તથા વૃધ્ધિ છે એમ દેખાય છે.

આજ સારી પેઠે હુશીયાર રહે નહિં તો તારા પર સંકટ પડશે.

તે કેદીઓને માફી અથવા છુટ મળવી ઘણી મુશ્કેલ છે.

તે રોગી સાજો થઈને આગળ શરીર સંપત્તિ તથા દ્રવ્ય સંપત્તિ ભોગવશે.

તે સ્ત્રીને છોકરી થશે અને દુઃખ પડશે.

તે માણસ પાસે ઘણું ધન નથી તે મધ્યમ અવસ્થાનો છે.

આ લગ્ન કરીશ નહિં. કરીશ તો દુઃખી થઈશ.

તારૂં મુસાફરી જવું. મિથ્યા છે. ઘેર રહીશ તો સારૂં છે.

ખરી તથા નિષ્કપટી મિત્રાઈ ઉપર વિશ્વાસ રાખ.


જે તેં ખોયું છે તે ફરી મલવાનું નથી.

ગામ ગયેલો માણસ આઝાદી છે માટે તે તને મળવાનો નથી

લગ્ન માટે સ્ત્રીની ખુશામત કરવી છોડી દે તેથી તારો નાશ થશે.

જ્યાં છે ત્યાં જ રહેવું હાલ ઘટિત છે.

પાનું–૪.



બીજા દેશમાં તને પુષ્કળ ધન દૌલત મળશે

પ્રમાણિક પણે જો તું રહેશે તો તને બમણું મળશે

પરમેશ્વર તારા નહારા ભાગ્યને બદલીને તને યશ તથા સુખ આપશે

તું પોતાની કલ્પના ફેરવ નહિંતર દુઃખી તથા દિલગીર થઈશ

તારા ઉદ્યોગમાં ઘણાં વિઘ્નો આડા આવશે એમ દેખાય છે

જે કાંઈ વાસનાઓ આજ તારા મનમાં હોય તે કાઢી નાખ

આ વખત પણ તે કેદીઓનું બંધ ફરીથી ખલાસ થશે.

રોગીનું દુઃખ ઘણાં દિવસનું તથા સંદેહ વાલું થશે

તે સ્ત્રી ને એક સ્વરૂપવાન તથા આગળ પાડનારો એક પુત્ર થશે

તે પુરૂષ હલકી પદવીનો છે પણ પ્રમાણિક મનનો છે

તારૂં સારૂં બોલતું નથી એવા એક પુરૂષ ઉપર પ્રીતિ કરે છે

આગળ પાછળ જોઇને વિચારી તું ચાલશે તો તારી મુસાફરી સફળ થશે


તે જે બોલે છે તેવું તેના મનમાં નથી કેમકે તે ખોટા મનનો છે


કાંઈ પૈસા ખર્ચ કર્યાથી તથા શ્રમથી તારી વસ્તુ તને ફરી મળશે


એ લગ્ન તારા કલ્યાણ ને તથા સંપત્તિને વૃધ્ધિ કરશે


ગામ ગયેલાને ફરીથી જોવાની આશા રાખીશ નહિં.


## પાનું-૫.


 પરદેશ ગયેલો પાછો આવશે પણ જેમ તું તેની રાહ જુએ છે તે પ્રમાણે વહેલો આવશે નહિં.


 તું પોતાના મિત્રોમાં રહે તેથી કરીને તારૂં સારૂં થશે.


 જે તું બોલે છે તે તને આગળ મલશે.


 તું ભાગ્યહીન છે માટે પરમેશ્વરની પ્રાર્થના કર તથા પ્રમાણિક પણે રહે.


 એક મિત્રથી તારી આશા પુરી થશે.


 તારૂં સ્વપ્નું એમ કહે છે કે તારા શત્રુઓ છે તે તારો નાશ કરવા તથા દુઃખ દેવાનો ઉદ્યોગ કરે છે.


 સાંભળ એક વેરી તારી સાથે કજીયો કરીને તને દુઃખમાં નાખવાનો પ્રયત્ન કરે છે.


 કેદીને ચિંતા તથા દુઃખ મોટું છે અને તેનો છુટકો થવાનો સંભવ નથી.


 રોગી જલદીથી સારો થશે અને હવે તેને ભય નથી.


 તે સ્ત્રીને છોકરી થશે તે આબરૂ તથા માનવાળી થશે.


 આ લગ્નથી તને મુશ્કેલી પેદા થશે માટે ડહાપણ ધર.


 તેની પ્રીત તારા ઉપર ખોટી છે તથા બીજા ઉપર ખરી છે.

 હવે તું મુસાફરી કરીશ નહિં તેથી તને સંકટ પેદા થશે.

 આ માણસ ભલો તથા વગર કપટનો તથા સારૂં માન આપવા લાયક છે

 તને દારૂડી સ્ત્રી અથવા વર મલશે. તે વ્યસનથી હલકી પદવીનો હશે.

 તારી ખોવાયેલી જણશ મલવાની નથી.



પાનું-૬.

ઉતાવળ કરીશ નહિં તારી જણશ તને પાછી મળશે.

ગામ ગયેલા માણસનું પાછું આવવું તેના હાથમાં નથી.

પરદેશમાં તને લાભ થશે તથા જશ મળશે.

ધીરજ ધરીને રહે નશીબમાં મોટો લાભ થવાનો છે.

હમણાં તારૂં કામ થવાને મોટી અડચણ છે.

તારા ઉપર સંકટ તથા દુઃખ પડશે એમ દેખાય છે

આ દહાડા નઠારા છે માટે તું તારી ધારણા ફેરવ.

હમણાં તારી ઇચ્છાઓ નિષ્ફળ છે.

કેદીનો બંધ છુટો થઇને છુટી જશે.

તે રોગી સારો થશે તે વિષે સંદેહ છે.

તને એક ગમતા સ્વભાવનો વર (સ્ત્રી) મળશે.


તારી ધારણાઓ તારી શાંતિ તથા સમાધાનનો નાશ કરશે.

આ પ્રીતિ હંમેશની તથા ખરી છે માટે છોડીશ નહિ.

તું મુસાફરી કરવાનો આરંભ કર તેથી તને દુઃખ થવાનું નથી.

તે સ્ત્રીને સારો શોભીતો છોકરો થશે.

જો તું આ મિત્ર ઉપર વિશ્વાસ રાખીશ તો તને દુઃખ પેદા થશે.



પાનું-૭.

આમિત્ર બીજા સઘળા કરતાં સઘળી વાતે સારો છે.

તારે આ તોટો ધીરજથી સોસવો જોઇએ.

ગામ ગયેલો માણસ એકાએક પાછો આવશે.

તું પોતાના સગાં વહાલામાં રહે તેથી તારા ઉપરની આફત મટશે.

તારા ધંધામાં તને લાભ થનાર નથીં

તારા ઉપર પરમેશ્વર કૃપા કરશે.

તારી ઇચ્છા પુરી થાય તેમ નથી.

તું તારા પોતાના શત્રુના હાથમાંથી વહેલો છુટીશ.

તારા ઉપર આફત આવે છે તેમાં તને કષ્ટ પડશે.

તે કેદી મુવા વગર છુટવાનો નથી

તે સ્ત્રીને એક છોકરી થશે પણ તેનું શરીર રોગી રહેશે.

તને એક યુવાન શોભીતી સ્ત્રી અથવા પુરૂષ મળશે.


આ લગન રહેવા દેવાથી તને સુખ થવાનું નથી.

આ પ્રીતિ તું છોડી દે.

પરમેશ્વરની કૃપાથી તે રોગી સારો થશે.

કોઈ વખત તને બહાર મુસાફરી કરવી પડશે; પણ કાંઈક અચાનક કારણથી પાછું ઘેર આવવું પડશે.

પાનું–૮.



તું પરદેશ જવા નીકળ તેથી તારા મનમાં છે તેવું થશે.

તારો ઢોંગી મિત્ર તારા ઉપર વેર રાખે છે

તારી ખોવાયેલી મીલ્કત પાછી મળવાની આશા ફોગટ છે.

કાંઈ એક કામ માટે તેનાથી પાછું આવતું નથી.

પરદેશમાં તારૂં ભાગ્ય મોટું છે.

આ ધંધો તું મુકી દે એટલે તારૂં સારૂં થશે.

જે તું ઇચ્છે છે તે તને મળશે.

આજ તારૂં નશીબ ઉઘડશે એમ દેખાય છે.

તું પોતાના જીવનને ધીરજ આપ. તારૂં જલદીથી નશીબ ઉઘડશે.

તારું કામ થવાનું નથી તારી આશા ફોગટ છે

તે રોગી સારો થશે.

તે સ્ત્રી ને એક નીરોગી છોકરો થશે.


થોડા દિવસમાંજ તું પોતાની બરોબરીના સાથે લગ્ન કરીશ

જો તું સુખી થવા ચાહતો હોય તો આ પુરુષ અથવા સ્ત્રી સાથે લગ્ન કરીશ.

ઘણાં દહાડા તે કેદમાં રહીને છુટો થશે.

તે માણસની તારા ઉપર પ્રીતિ છે તથા છેવટ સુધી એમજ રહેશે.

પાનું-૯.



પ્રીતિ ઘણી છે પણ લોક તેની અદેખાઈ કરશે.

મુસાફરી કરવાથી કાંઈ તને મળવાનું નથી.

તારો મિત્ર તારા જેવો હોય એમ તું ઇચ્છે છે તેવોજ તે પ્રમાણિક છે.

એક ધુતારા માણસથી તારી ચોરાયલી જણશ મળશે.

ગામ ગયેલો માણસ ખુશીથી વહેલો પાછો આવશે.

પરદેશમાં તારૂં સારૂં થનાર નથી.

તારૂં નશીબ વહેલું જ નઠારૂં થવા માટે ફરશે.

તારા ધાર્યા પ્રમાણે કામ સિધ્ધ થશે.

તારાપર સંકટ આવશે એવી જે તને બીક છે તે દુર થશે એમ દેખાય છે.

જે તારા વેરીઓ તારૂં નઠારૂં ઇચ્છે છે વિષે તું હુશીઆર રહે.

થોડા દિવસ પછી તે કેદી વિષેની તારી ચિંતા મટશે


પરમેશ્વર તે રોગીને ફરીથી તંદુરસ્તી તથા શક્તિ આપશે.

તે સ્ત્રીને એક સારી શોભીતી છોકરી થશે.

જે થકી તને સુખ થવાનું નથી તેવી સ્ત્રી અથવા પુરૂષથી તું લગ્ન કરશે.

સર્વનું સારૂં કરનાર જે પરમેશ્વર છે તે ઉપર તું ભરોસો રાખ.

એ લગ્ન તારી મરજી પ્રમાણે થનાર નથી.



પાનું-૧૦.

ઘણી વિપત્તિ ભોગવ્યા પછી સુખી થઈશ.

એક પ્રમાણિક માણસથી આખરી પ્રીતિ છે.

મુસાફરીમાં તારી આબાદી રહેશે.

તું આ માણસની દોસ્તી ઉપર વિશ્વાસ રાખીશ નહિં.

તારી જણશ ચોરાઇ ગઈ પણ તેના ચોરને સજા મળશે

તે ઘણાં દિવસ સુધી પાછો આવવાનો નથી.

પરદેશમાં તને દ્રવ્ય લાભ તથા સુખ મળશે.

હમણાં તારા કામની સિધ્ધિ થવાની નથી.

તારૂં કામ સિધ્ધ થશે અને યશ મળશે.

તું પોતાની ધારણા ફેરવ એટલે તારૂં સારૂં થશે.

તું સંપથી રહે એટલે તારૂં કામ વહેલું થશે

તે કેદી કેદમાંથી પરમાત્માની કૃપાથી છુટી જશે.


તે રોગી મરી જશે. આખરનો રોગ છે.

તે સ્ત્રીને છોકરો થશે.

તારા પાસે ઘણાં ઠગો છે એમ દેખાય છે.

આ લગન થવું કઠણ છે તેમાં ઘણાં વિઘ્નો આવશે.

પાનું-૧૧.



તને એક ખુબ સુરત સ્ત્રી અથવા વર મલશે.

આ લગ્નમાં ઘણાં વિઘ્ન પડશે.

આ પ્રીતિ ખોટી તથા ચંચળ છે.

મુસાફરીમાં તને દૈવ સામો થશે.

તારા ઉપર તે માણસની પ્રીતિ ખરી છે તું વિશ્વાસ રાખ.

તારી વસ્તુ તને પાછી મળવાની નથી પણ ચોરને સજા થશે.

ગામ ગયેલો માણસ વહેલો પૈસાદાર થઇને આવશે.

જો તું ઘેર રહીશ તો તારૂં સારૂં થશે.

તને ઘણો લાભ થનાર નથી.

તને સંકટ તથા દુઃખ પેદા થશે.

તારે પૈસાનો લાભ થશે એમ દેખાય છે.

શત્રુની અદેખાઈને લીધે સારૂં થતું અટકશે.


તે કેદીને કેદખાનામાં ઘણાં દિવસ રહેવું પડશે.

તે રોગી સારો થઈ જશે.

તારી મરજી પ્રમાણે તારૂં કામ થશે.

તે સ્ત્રીને એક છોકરી થશે.

**પાનું- ૧૨.**



તે સ્ત્રીને એક છોકરો થશે

ઘણાં પૈસા ખરચ્યાથી તથા ઘણી મહેનતથી તારૂં લગ્ન થશે.

તે લગ્ન સારી રીતે સફળતાને પામશે.

સ્ત્રી અથવા પુરૂષ આ વખત તારા થવા ઈચ્છે છે.

બહારગામ ફર્યાથી તારૂં સારૂં થશે.

તે માણસ ઉપર ઘણો વિશ્વાસ રાખીશ ના.

એક મુકકર કરેલા વખતે તારી ખોવાયેલી વસ્તુ મળશે.

મુસાફરનું પાછું આવવું તેની ચાલ ચલણ ઉપરથી ખચિત નથી.

પરદેશમાં તારી મરજી પ્રમાણે સિધ્ધ થશે.

લાભની આશા રાખીશ તે ફોગટ છે.

જે કાંઈ તારી ઈચ્છાઓ છે તે વહેલી પુરી પડશે.

તને લગનની વાતનું માગું આવશે એમ દેખાય છે.


ખરાબ નશીબ વિષે તને કાંઇ ચિંતા કરવી પડશે નહિં.

કોઇ એકને દયા આવવાથી તે કેદી છુટો થશે.

તારી ઈચ્છા કરતાં તને વધુ મળશે.

રોગીનું સારૂં થવું સંભવિત નથી.

પાનું-૧૩



તે રોગી સારો થશે પણ ઘણાં દિવસ જીવવાનો નથી.

તે સ્ત્રીને પુત્ર થશે.

તને એક સારો કુલવાન પુરૂષ અથવા સ્ત્રી મલશે.

આ લગ્ન તને કાંઈ ફળ આપે તેમ નથી.

થોડો વખત ધીરજ રાખ તારા ઉપર તેની મોટી પ્રીતિ છે.

ઘરમાંથી બહાર જવું હિતકર નથી.

આ માણસ ખરો મિત્ર છે.

તારી ચોરી મળવાની નથી.

ગામ ગયેલો પાછો આવનાર નથી.

પરદેશમાં તું નઠારી સ્ત્રીઓથી દુર રહે નહિંતર તને દુઃખ થશે.

તને મોટી યશ કીર્તિ પ્રાપ્ત થશે.

જે કાંઇ તારા નશીબમાં લખેલ છે તેમાં સંતોષ માન.


દુઃખ થઇને સુખ પ્રાપ્ત થશે એમ દેખાય છે.

તારૂં નશીબ વહેલું ઉઘડશે એમ દેખાય છે.

જે કાંઈ તું થોડું ઇચ્છે છે તે તને વહેલું મળશે.

તે કેદખાનામાંજ મરી જશે.

પાનું-૧૪.



તે કેદી મોટી હરખથી છુટશે.

તે રોગીનું જીવવું સંભવિત નથી.

તે સ્ત્રીને છોકરો થશે તેમજ ચિરંજીવી થશે.

તેને એક સારા ગુણવાળી સ્ત્રી અથવા પુરૂષ મળશે.

આ લગ્ન કરવામાં વાર લગાડીશ નહિં તને સુખ પ્રાપ્ત થશે.

તારા ઉપર કોઇપણ પ્રીતિ કરતું નથી.

નિશ્ચય કરી તું મુસાફરીએ જા.

તે મિત્ર નથી પણ છુપો દુશ્મન છે.

તારી ચોરાયેલી વસ્તુ જલદી મળશે.

તે ગામ ગયેલો પાછો આવનાર નથી.

તું પોતાના લાભ થકી ઠગાઇ જઇશ.

તારા નઠારા ભાગ્યનો નાશ થશે અને તું સુખી થઇશ.


તારી આશા ફોગટ છે. હમણાં તારૂં ભાગ્ય અવળું છે.

તું આકાદિ સારી વાત વહેલાસર સાંભળીશ.

પરદેશમાં એક સ્ત્રીથી તારૂં નશીબ ઉઘડશે.

તારા ઉપર નઠારૂં ભાગ્ય ટાંપી રહ્યું છે.

પાનું-૧૫.



આ દિવસોમાં તારા સુખની વૃદ્ધિ થશે.

આ કેદી પોતાના શત્રુના હાથમાંથી છુટશે.

તે રોગી સારો થશે તથા ઘણો ટાઈમ જીવશે.

તે સ્ત્રીને પુત્ર થશે.

એક યુવાન પૈસાદાર સ્ત્રી અથવા પુરૂષ સાથે લગ્ન થશે.

તું લગ્ન કરવાની ઉતાવળ કર જેથી તને સુખ મળશે.

તે માણસ તને દિલથી ચહાય છે.

પરદેશમાં તારા કામની સિધ્ધિ થવાની નથી.

આ મિત્ર સોના કરતાં પણ વધારે મૂલનો છે.

તારી ખોવાયેલી વસ્તુ પાછી મળવાની નથી.

તું તારી મહેનત ઉપર વિશ્વાસ રાખ અને ઘરે રહે.


તું ખુશીથી ઘેર રહે ભાગ્યવાન થઈશ.

તું તારા સારા ભાગ્ય ઉપર વિશ્વાસ રાખીશ નહિ.

જે તું ઇચ્છે છે તે તને મળતુંજ રહેશે.

તે માણસ ઘણો આઝાદ છે માટે તેનાથી પાછું આવતું નથી.

તારૂં સ્વપ્ન એમ કહે છે કે આજ તું હુંશીયાર રહે.
નહિંતર એકાએક જોખમમાં પડશે.



તું તારા મિત્રોમાં ઘણું સુખ તથા આનંદ ભોગવીશ એમ દેખાય છે.

આ દહાડા ઘણાં નઠારા છે.

જો તું હમણાં દુઃખ ભોગવે છે. પણ આગળ જતાં આબરૂ સહિત છુટો થઈશ.

તે રોગી સારો થશે પરંતુ થોડા સમયમાં મૃત્યુ નજીક છે.

તે સ્ત્રીને પુત્ર થશે તથા આગળ પડતો હુશીયાર થશે.

એક નઠારા સ્વભાવની માતબર સ્ત્રી અથવા વર મળશે.

આ સ્ત્રી યા પુરૂષ સાથે લગ્ન કરીશ તો નક્કી સુખ મળશે.

આ માણસની તારા ઉપર પ્રીતિ છે પરંતુ તે ખુલ્લી કરવા ચાહતો નથી.

તું નિર્ભયપણે મુસાફરી કર તેમાં લાભ છે.

તેના ઉપર વિશ્વાસ રાખીશ નહિં તે ચંચળ તથા કપટી છે.

મુસાફરે ગયેલો ઘણો વહેલો પાછો આવશે.

તું પરદેશમાં સુખ તથા શાંતિથી રહીશ.

જો તું પ્રમાણિક પણે રહીશ તો યશ કીર્તિ પામીશ.

હજી તું વૈભવ તથા દોલતમાં રહીશ.

તને વિચિત્ર રીતે તારી ખોવાયેલી મિલ્કત પાછી મળશે.

તું પોતાની હમણાંની સ્થિતિમાં રહીશ તો સારૂં છે.

# બત્રીસ લક્ષણો

## ( કલ્પસૂત્રના આધારે )

છત્ર, કમલ, ધનુષ્ય, રથ, વજ્ર, કાચબો, અંકુશ, વાવ, સ્વસ્તિક, તોરણ, સરોવર, સિંહ, વૃક્ષ, ચક્ર, શંખ, હાથી, સમુદ્ર, કલશ, પ્રાસાદ, મત્સ્ય, જવ, યજ્ઞસ્તંભ, ચોતરો, કમંડલુ, પર્વત, ચામર, દર્પણ, બલદ, ધ્વજા, અભિષેક સહિત લક્ષ્મી, માલા તથા મોર. આ ઉપર જણાવેલાં બત્રીસ લક્ષણો અત્યંત પુણ્યશાળી જીવોને હોય છે. લક્ષણ એટલે શરીરમાં જુદી જુદી જગ્યાએ તે તે પ્રકારના ચિન્હો હોય છે. જેનાથી ઓળખી શકાય કે આ બત્રીસ લક્ષણ વાળો છે. કોઈકને ઓછા વત્તા પણ હોય છે.

વળી પ્રકારાંતરે બત્રીસ લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યા છે.

**इहभवति सप्तरक्तः, षडुन्नतः पंचसूक्ष्मदीर्घश्च ।**
**त्रिविपुल लघुगंभीरो, द्वात्रिंशल्लक्षणः सपुमान् ॥**

જેના નખ, પગનાં તળિયાં, હથેળી, જીભ. હોઠ, તાળવું, અને આંખના ખુણાં, એ સાતે લાલ રંગના હોય, કાખનો ભાગ, હૃદય, ગરદન, નાક, નખ અને મુખ એ છ ઉંચા હોય, દાંત ચામડી, કેશ, આંગળીઓના વેઢા અને નખ એ પાંચ પાતળા હોય, આંખો, સ્તનની વચ્ચેનો ભાગ, નાક, હડપચી, અને ભૂજા, એ પાંચે દીર્ઘ હોય, કપાળ, છાતી, અને મુખ એ ત્રણે પહોળા હોય, કંઠ. સાથળ અને પુરુષ ચિન્હ એ ત્રણ નાના હોય, તથા જેને સત્ત્વ–પરાક્રમ, સ્વર અને નાભિ એ ત્રણે ગંભીર હોય. તે પુરૂષ બત્રીસ લક્ષણ વાળો સમજવો.

મુખ એ શરીરનો અડધો ભાગ કહેવાય છે. એટલુંજ નહિં પણ કદાચ મુખને શરીરનો આખો ભાગ કહીએ તો પણ ખોટું નથી કારણકે આખા શરીરમાં મુખ પ્રધાન પણે છે. મુખમાં પણ નાસિકા શ્રેષ્ટ છે અને નાસિકાથી પણ નેત્રો વધારે શ્રેષ્ઠ છે. જેવું નેત્ર તેવું શીલ, જેવી નાસિકા તેવી સરળતા, જેવું રૂપ તેવું ધન અને જેવું શીલ તેવા ગુણો જાણવા અતિ–ટુંકામાં, અતિલાંબામાં, અતિજાડામાં, અતિપાતળામાં, અતિ કાળામાં તથા અતિગોરામાં એ છ વસ્તુમાં સત્ત્વ કહેવાય છે.

જે સારી રીતે ધર્મ કરણી કરતો હોય, સારો ભાગ્યશાળી હોય, શરીરે નીરોગી હોય, જેને સારાં સ્વપ્ન આવતાં હોય, સારી નીતિ વાળો હોય અને કવિ હોય તે પુરૂષ પોતાના આત્માને સ્વર્ગમાંથી આવેલો અને પાછો સ્વર્ગમાં જવાનો સૂચવે છે.

જે નિષ્કપટ હોય, દયાળુ હોય, ઇન્દ્રિયોને કાબુમાં રાખનાર હોય, ડાહ્યો હોય, અને હંમેશા સરલ સ્વભાવી હોય, તે માણસને મનુષ્ય જન્મમાંથી આવેલો જાણવો અને પાછો પણ મનુષ્ય થવાનો છે તેમ જાણવું.

કપટ, લોભ, ક્ષુધા, આળશ અને ઘણો આહાર વિગેરે ચેષ્ટાથી પુરૂષ પોતાની તિર્યંચ યોનિમાં ઉત્પત્તિ જણાવે છે.

અતિશય રાગ વાળો, સ્વજન ઉપર દ્વેષ કરનારો, તથા મૂર્ખનો સંગ કરનારો માણસ પોતાનું નરક ગતિમાંથી આવવું અને જવું સૂચવે છે.

માણસને જમણી બાજુએ જમણું આવર્ત શુભ કરનારૂં જાણવું. તથા સ્રીને જમણી બાજુએ અંગ ફરકે તો અશુભ

સમજવું. ડાબી બાજુએ ડાબું આવર્ત પુરૂષને માટે અતિ નિંદનીય અશુભ કરનારૂં જાણવું. પરંતુ સ્ત્રીને માટે ડાબું અંગ ફરકવું શુભ કાર્યને સૂચવનારૂં સમજવું.

જે માણસોના હાથનું તળીયું રેખા વિનાનું હોય, લીલા રંગનું હોય તે દારૂડીયો હોય છે. પીળું હોય તે પરસ્ત્રીલંપટ હોય છે. કાળુંમલિન હોય તે નિર્ધન હોય છે. પુરૂષનો હાથ કઠણ હોય તો સારૂં પણ તે કઠીનતા મજૂરી–મહેનત કરવાથી ન થયેલી હોવી જોઇએ. સ્ત્રીનો હાથ સુકોમલ હોય તો સારૂં. પુરૂષનો જમણો હાથ જોવાનો અને સ્ત્રીનો ડાબો હાથ જોવાનો. જેના હાથનું તળીયું ઉંચું હોય તે દાતાર હોય, ઉંડુ હોય તે નિર્ધન હોય, વાટકા જેવું ગોળ તથા ઉંડુ હોય તો ધનવંત હોય. હાથની આંગળીઓ પાતળી અને સીધી હોય તો સારૂં. જે પુરૂષોની અનામિકા આંગળીના વેઢાની છેલ્લી રેખાથી ટચલી આંગળી વધતી–મોટી હોય તો તેમને ત્યાં ધનની વૃદ્ધિ થાય છે. વળી તેનો મોસાળ પક્ષ સમૃદ્ધ હોય છે. મણિબંધથી પિતાની–ગોત્રની રેખા ચાલે છે. અને કરભ થકી ધન તથા આયુષ્યની રેખા ચાલે છે. એવી રીતે એ ત્રણે તર્જની અને અંગુઠાની વચ્ચે જાય છે. જેઓને એ ત્રણે રેખા સંપૂર્ણ અને દોષરહિત હોય, તેઓના ગોત્ર, ધન તથા આયુષ્ય સંપૂર્ણ સમજવા.

આયુષ્યની રેખાથી જેટલી આંગળીઓ ઓલંઘાય તેટલા પચીસ પચીસ વર્ષનું આયુષ્ય સમજવાનું. આયુષ્યરેખાના પલ્લવમણિબંધની સન્મુખ નીકળે તો તે સંપત્તિના જાણવા. અને આંગળીઓની સન્મુખ નીકળે તો વિપત્તિના જાણવા. જેને મણિબંધ થકી ઉર્ધ્વરેખા નીકળી અંગુઠાની સન્મુખ આવે તો તેને સુખ થાય- ધનનો લાભ થાય, અને રાજ્યનો પણ

લાભ થાય. તે ઉર્ધ્વ રેખા તર્જની સન્મુખ આવે તો તેને સુખ થાય, રાજા અથવા રાજા સરખો થાય. વચ્ચેની આંગળી સન્મુખ આવે તો આચાર્ય અથવા સેનાપતિ થાય. અનામિકા તરફ આવે તો ઘણાં ધન વાળો સાર્થવાહ થાય અને છેલ્લી આંગળીની સન્મુખ આવે તો લોકોમાં પ્રતિષ્ઠા પામે. અંગુઠો અને ગોત્ર રેખાની વચ્ચે ભાઇ બહેનની રેખા હોય છે. કરભ અને આયુષ્ય રેખાની વચ્ચે સંતાનની રેખા હોય છે. આયુષ્ય રેખા અને ટચલી આંગળીની વચ્ચે સ્રીની રેખા હોય છે.

અંગુઠાના મધ્ય ભાગમાં જો જવ હોય તો વિદ્યા, પ્રખ્યાતિ અને સમૃદ્ધિ મળે છે. વળી જો જમણા અંગુઠામાં જવ હોય તો શુકલ પક્ષમાં જન્મ જાણવો.

જેની આંખો લાલ રહેતી હોય તેને સ્રી ત્યજતી નથી. સુવર્ણ સમાન પીળી માંજરી આંખ વાળાને ધન ત્યજતું નથી. લાંબી ભૂજા વાળાને ઠકુરાઈ-મોટાઇ ત્યજતી નથી અને શરીરે રુષ્ટપુષ્ટ હોય તેને સુખ ત્યજતું નથી.

આંખોમાં ચિકાશ હોય તો સૌભાગ્ય મલે છે. દાંતમાં ચિકાશ હોય તો ઉત્તમ ભોજન મળે છે. શરીરમાં ચિકાશ હોય તો સુખ મલે છે, અને પગમાં ચિકાશ હોય તો બેસવાને માટે વાહન મળે છે. જેની છાતી વિશાળ હોય તે ધન તથા ધાન્યનો ભોગી થાય છે. જેનું મસ્તક વિશાળ હોય તે ઉત્તમ રાજા થાય છે. જેની કમ્મર વિશાળ હોય તેને ઘણાં પુત્ર તથા સ્રીઓ થાય છે. અને જેનાં પગ વિશાળ હોય તે હંમેશા સુખી થાય થાય છે. જેના શુભ લક્ષણો બલવાન હોય છે તેના ખરાબ લક્ષણોનું જોર ચાલતું નથી. અને ખરાબ લક્ષણો બલવાન હોય તેના શુભ લક્ષણો ઢંકાઈ જાય છે.

# માન ઉન્માન અને પ્રમાણ

માન એટલે પાણીથી સંપૂર્ણ ભરેલી કુંડીમાં માણસને બેસાડયા બાદ જે પાણી બહાર નીકળી જાય તે પાણી જો એક દ્રોણ જેટલું એટલે બત્રીસ શેર વજનનું થાય તો તે માણસ માનને પ્રાપ્ત થયેલો સમજવો.

ઉન્માન એટલે પુરૂષને કાંટે ચડાવી જોખવાથી જો તેનું વજન અર્ધભાર થાય તો તેને ઉન્માન ને પ્રાપ્ત થયેલો સમજવો.

ભારનું માપ આ પ્રમાણે સમજવું. છ સરસવનો એક જવ ત્રણ જવની એક રતિ, ત્રણ રતિનો એક વાલ, સોળ વાલનો એક ગદ્યિાણો, દશ ગદ્યિાણાનો એક પલ, પંદર પલનો એક મણ, દશ મણની એક ઘડી, દશ ઘડીનો એક ભાર.

પ્રમાણ એટલે ઉંચાઈ ઉત્તમ પુરૂષો પોતાના અંગુલ વડે એકસો આઠ અંગુલ ઉંચા હોય છે. મધ્યમ પુરૂષ છન્નુ અંગુલ ઉંચા હોય છે, અને જ ઘન્ય પુરૂષ ચોર્યાશી અંગુલ ઉંચા હોય છે. તીર્થંકરોને તો બાર અંગુલની શિખા હોવાથી તેમની ઉંચાઈ એકસોને વીશ અંગુલ પ્રમાણ હોય છે,

## સ્વપ્ન વિચાર

(કલ્પસૂત્રના આધારે)

रिक्तपाणिर्न पश्येच्च, राजानं दैवतं गुरूम् ।
निमित्तज्ञं विशेषेण, फलेनफलमादिशेत् ॥

રાજા, દેવ અને ગુરૂનું દર્શન ક્યારે પણ ખાલી હાથે ન કરવું જોઇએ, વળી નિમિત્ત જ્ઞાનના જાણકાર એવા જ્યોતિષીને તો વિષેશ પ્રકારે ફળ વિગેરે વડે સંતોષી સન્માન કરીને પછી જ્યોતિષ જ્ઞાન સંબંધી વાતની પુછપરછ કરવી. કેમકે ફલથીજ ફળ પ્રાપ્ત થાય છે.

अनुभूत : श्रुतोदष्ट :, प्रकृतेश्चविकारज : ।
स्वभावत : समुद्गत–श्चितासंततिसंभव : ॥
देवताद्युपदेशोत्थो, धर्म कर्म प्रभावज :
पापोद्रेक समुत्थश्च, स्वप्न : स्याद्नवधानृणाम् ॥
प्रकारैरादिमै : षड्भि, रशुभश्चशुभोऽपिवा ।
दष्टोनिरर्थक : स्वप्न :, सत्यस्तु त्रिभिरूत्तरै : ॥

દરેક મનુષ્યોને જુદી જુદી રીતે નવ પ્રકારે સ્વપ્ન આવે છે. (૧) જીવનમાં અનુભવેલી વસ્તુ કોઇક વાર સ્વપ્નમાં દેખાય (૨) જાગતાં દેખેલી વસ્તુનું દ્દશ્ય સ્વપ્નમાં દેખાય (૩) સાંભળેલી વસ્તુ સ્વપ્નમાં દેખાય (૪) પ્રકૃતિના વિકારથી એટલે વાતપિત્ત અને કફના વિકારથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખાય (૫) સહજ સ્વભાવથી સ્વપ્ન દેખાય (૬) ચિંતાની પરંપરાથી સ્વપ્ન જોવામાં આવે (૭) દેવાદિની આરાધના કરવાથી સ્વપ્ન આવે (૮) ધર્મ કાર્યના પ્રભાવથી સ્વપ્ન દેખવામાં આવે છે (૯) અતિશય પાપ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન દેખાય. આ રીતે મનુષ્યને નવ પ્રકારે સ્વપ્ન દર્શન થાય છે. આ નવ પ્રકારોમાં પ્રથમના છ પ્રકારો અશુભ કે શુભ સ્વપ્નાઓ સર્વ નિષ્ફળ સમજવાના પણ છેલ્લા ત્રણ પ્રકારે આવેલા સ્વપ્ના સાચા સમજવા. તેનું શુભાશુભ ફળ જોનારને પ્રાપ્ત થાય છે.

રાત્રિના ચાર પહોરમાં દેખેલ સ્વપ્ન અનુક્રમે બાર, છ, ત્રણ ને એક મહિને ફળ આપનારૂં થાય છે. એટલે કે પ્રથમ પહોરે દેખેલ સ્વપ્ન બાર મહિને ફળ આપે છે. બીજે પહોરે દેખેલ સ્વપ્ન છ મહિને ફળ આપે છે. ત્રીજે પહોરે દેખેલ સ્વપ્ન ત્રણ મહિને ફળ આપે છે અને ચોથે પહોરે દેખેલ સ્વપ્ન એક મહિને ફળ આપે છે. અને રાત્રીની છેલ્લી બે ઘડીમાં દેખેલું સ્વપ્ન નિશ્ચયથી દસ દિવસમાં ફળે છે. અને સૂર્યોદય થતાંજ દેખેલું સ્વપ્ન તુરતમાં ફલ આપનારૂં થાય છે. પણ માલા સ્વપ્ન એટલે એક પછી એક ઉપરા ઉપરી આવતા આવતા સ્વપ્ન, મલમૂત્રાદિની રોકાવટથી થયેલી પીડાથી ઉત્પન્ન થયેલું સ્વપ્ન એ સર્વે સ્વપ્ન નિરર્થક સમજવા. શુભાશુભ ફળ આપી શકતા નથી.

જે મનુષ્ય ધર્મારાધન કાર્યમાં આસક્ત હોય, રસ-રુધિરાદિધાતુઓ જેની સમ એટલે સરખી હોય, સ્થિર ચિત્તવાલો હોય, ઇન્દ્રિયોને કાબુમાં રાખનાર હોય, અને દયાવાલો હોય તેને આવેલું સ્વપ્ન પ્રાયઃ ઇચ્છિત અર્થને આપે છે. ખરાબ સ્વપ્ન કોઇને પણ સંભળાવવુ નહિ. અને સારૂં સ્વપ્ન આવ્યું હોય તો ગુરૂ મહારાજ વિગેરે યોગ્ય ને સંભળાવવું. કદાચ સ્વપ્ન સાંભળનાર તેવા યોગ્યનો સમાગમ ન થાય તો છેવટે ગાયના કાનમાં પણ કહેવું. યોગ્ય વ્યક્તિ પાસે સ્વપ્નની રજુઆત કરવાથી સ્વપ્નનું ફળ નિશ્ચત બની જાય છે.

ઉત્તમ ફળને આપનારા સ્વપ્નને જોઇને બુદ્ધિમાન માણસોએ સુઈ જવું નહિં. કેમકે સુઇ જવાથી તે ઉત્તમ સ્વપ્નનું ફળ મલતું નથી. માટે આખી રાત્રી જિનેશ્વર પ્રભુના

ગુણ સ્તવનમાંજ ગુજારવી. ખરાબ સ્વપ્ન જોઇને રાત્રે ફરીથી સુઈ જવું. વળી તે ખરાબ સ્વપ્ન કોઇને પણ કહેવું નહિ અને તેથી ફલવંત થતું નથી. જે મનુષ્ય પહેલાં ખરાબ સ્વપ્ન જોઇને પાછળથી શુભ સ્વપ્ન દેખે છે તેને શુભ ફલ દેનારૂં થાય છે. તેવીજ રીતે જે મનુષ્ય પહેલાં શુભ સ્વપ્ન જોઇને પાછળથી ખરાબ સ્વપ્ન દેખે છે તેને તે અશુભ ફલ દેનારૂં થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં માણસ, સિંહ, ઘોડો, હાથી, બળદ અથવા ગાય વડે યુક્ત જોડેલા એવા રથ ઉપર ચડેલો જાય તે રાજા થાય.

જો સ્વપ્નમાં ઘોડા, હાથી, વાહન, આસન, ઘર અને વસ્ત્રનું હરણ દેખે તો તે સ્વપ્ન રાજા તરફથી શંકા કરનારૂં શોક કરનારૂં બંધુઓનો વિરોધ કરનારૂ. અને ધનની નુકશાની કરનારૂં થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં સૂર્ય અને ચંદ્રના સંપૂર્ણ બિંબને ગળી જાય તે મનુષ્ય ગરીબ હોય તો પણ નિશ્ચયથી સુવર્ણ સહિત અને સમુદ્ર સહિત પૃથ્વીને મેળવે છે એટલે કે આખી પૃથ્વીનો રાજા થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં શસ્ત્ર, ઘરેણાં, મણિ, મોતી, સુવર્ણ, રૂપું અને સુવર્ણ તથા રૂપા સિવાય ની બીજી ધાતુઓનું હરણ દેખે તો તે સ્વપ્ન ઘણીવાર ધનનો નાશ કરનારૂં, માનની હાનિ કરનારૂં અને ભયંકર મરણ નીપજાવનારૂં થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં સફેદ હાથી ઉપર ચડયો છતો નદીને કાંઠે ભાતનું ભોજન કરે તે મનુષ્ય કદાચ નીચ જાતિ નો હોય તો પણ ધર્મરૂપ ધનવાલો થયો છતો એટલે ધર્માત્મા થઈને સમગ્ર પૃથ્વી ઉપર શાસન કરે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં પોતાની સ્રીનું હરણ દેખે તેને ધન સંપત્તિનો નાશ થાય છે. પોતાની સ્રીનો પરાભવ દેખે તો ક્લેશ અને દુઃખ પામે છે ગોત્રની સ્રીઓનું હરણ તથા પરાભવ દેખે તો બંધુઓનો વધ અને બંધુઓને બંધન થાય છે.

જે મનુષ્ય સ્વપ્નની અંદર સફેદ સર્પ વડે પોતાની જમણી ભુજાએ ડંખાય, તે મનુષ્ય પાંચ રાત્રીમાં હજારો સોના મહોરો મેળવે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં પોતાની શય્યા અને પગરખાનું હરણ થતું દેખે તેની સ્રી મરણ પામે. અને પોતાને શરીરે સખ્ત પીડા ભોગવે. જે મનુષ્ય સ્વપ્નમાં માણસના મસ્તકનું ભક્ષણ કરે તે રાજયને મેળવે છે. માણસના પગનું ભક્ષણ કરે તો હજારો સોનામહોરો મેળવે છે.માણસ ની ભુજાનું ભક્ષણ કરે તો પાંચસો સોનામહોર મલે.

જે મનુષ્ય સ્વપ્નમાં બારણાંની ભોગલનો, શય્યા એટલે પલંગનો, હિંડોલા ખાટનો, પગરખાનો તથા ઘરનો ભંગ થયેલો દેખે તો સ્રીનો નાશ થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં સરોવર, સમુદ્ર પાણીથી ભરેલી નદી, તથા મિત્રનું મરણ દેખે તો તે મનુષ્ય નિમિત્ત વિના પણ અચાનક ઘણું ધન મેળવે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં ઘણું તપેલું, છાણ સહિત, ડોળાઈ ગયેલું અને ઓસડ વડે યુક્ત પાણી પીવે છે તે નિશ્ચયથી અતીસાર–ઝાડાના રોગથી મરણ પામે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં દેવની પ્રતિમાની યાત્રા દર્શન કરે છે, પખાલ કરે છે, પ્રતિમા આગલ નૈવેદ્ય ફળ ફુલાદિ ઢોકે છે અને પ્રતિમાની પૂજા વિગેરે કરે છે તે માણસની સર્વ પ્રકારે ઋદ્ધિ સિદ્ધ અને આબાદી થાય છે.

જે મનુષ્યને સ્વપ્નની અંદર પોતાના હૃદયરૂપી સરોવરમાં કમળો ઉગે છે તે મનુષ્ય કોઢ રોગથી નષ્ટ શરીરવાલો થઈ મરણ શરણ થાય છે. સ્વપ્નમાં ઘણું ઘી મેળવે છે તેનો યશ વૃદ્ધિ થાય છે. વલી દુધપાક તથા ખીરનું ભોજન કરે તો પણ કીર્તિ વધે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં હસે છે તેને ત્યાં થોડા સમયમાં શોક પ્રવર્તે છે. નાચે તો વધ અને બંધન થાય છે. ભણે તો કલેશ થાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં ગાય, બળદ, ઘોડો, રાજા, હાથી અને દેવ એટલા સિવાયની બાકીની સઘળી કાળી વસ્તુઓ દેખે તો સ્વપ્ન અશુભ સમજવું. વળી કપાસ તથા મીઠું સિવાય ની બાકીની સઘળી સફેદ વસ્તુઓ જો સ્વપ્નમાં દેખાય તો સ્વપ્ન શુભકર સમજવું.

જે મનુષ્ય સ્વપ્નમાં હાથી, ગાય બળદ, મહેલ કે પર્વત ઉપર ચડેલો પોતાને દેખે તો તે જગતમાં મોટાઈને પામે છે. શરીરે વિષ્ટાવિલેપન દેખે તો નિરોગી થાય છે. સ્વપ્નમાં રૂદન કરે તો હર્ષની પ્રાપ્તિ થાય છે. સ્વપ્નમાં રાજા, હાથી, ઘોડો સુવર્ણ, બળદ, ગાય કે કુટુંબીજનને દેખેતો કુલની વૃદ્ધિ થાય છે. સ્વપ્નમાં મહેલ પર ચડીને પોતાને ભોજન કરતો નિહાળે તો, અથવા સમુદ્ર તરતો દેખે તો મનુષ્ય નીચ કુલમાં જન્મ્યો હોય છતાં પણ રાજા જેવો સમૃદ્ધિશાળી થાય છે.

જે માણસ સ્વપ્નમાં દીવો, માંસ, ફળ, કન્યા, કમલ, છત્ર કે ધ્વજા દેખે તો જય પામે. સ્વપ્નમાં પોતાના ઈષ્ટદેવની પ્રતિમાને દેખે તો આયુષ્ય વધે તેમજ કીર્તિ, યશ અને ધનની પણ વૃદ્ધિ થાય છે. સ્વપ્નમાં કોઈ ફળ ફુલવાળા પ્રફુલિત વૃક્ષ ઉપર અથવા રાયણના વૃક્ષ ઉપર પોતાને ચડેલો દેખે તો ઘણું ધન મળે છે.

જે મનુષ્ય સ્વપ્નમાં ગધેડી, ઉંટ, ભેંસ, પાડા ઉપર પોતાને ચડેલો દેખે તો તે મનુષ્ય તત્કાળ મરણ પામે છે. જે પુરુષ સ્વપ્નમાં સફેદ કાપડાવાલી અને સફેદ ચંદનનું વિલેપન કરેલી સ્ત્રી ને ભોગવે તો તેને સર્વ પ્રકારની લક્ષ્મી મળે છે. અને રાતા વસ્ત્ર વાલી તથા રાતું ચંદન, કૃષ્ણગંધ વિલેપન કરેલી સ્ત્રીને ભોગવે તો તે પુરૂષનું રૂધિર સુકાઈ જાય છે.

જે મનુષ્ય સ્વપ્નમાં રત્નનાં, સોનાના અને સીસાના ઢગલા ઉપર પોતાને ચડેલો દેખે તે મનુષ્ય અવશ્ય સમક્તિ પામીને મોક્ષે જાય છે.

જે મનુષ્યોએ શુભ અથવા અશુભ સ્વપ્ન પોતા સંબંધી દેખ્યાં હોય તો તે સ્વપ્નાઓ નું શુભ અથવા અશુભ ફળ પોતાને મલે છે. પરંતુ પારકા સબંધી દેખેલા હોય તો તે સ્વપ્ન પારકાના સમજવા. તેનું શુભાશુભ ફલ પારકાને મળે છે. દુષ્ટ સ્વપ્ન આવે ત્યારે દેવગુરૂની પૂજા ભક્તિ કરવી, શક્તિ પ્રમાણે તપશ્ચર્યા કરવી. કારણ કે નિરંતર ધર્મમાં આસક્ત મનુષ્યોને દુષ્ટ સ્વપ્ન અહિત કરી શકતા નથી.

# સ્વરોદય વિભાગ

નાકમાંથી જે શ્વાસ નીકળે તેને સ્વર કહેવાય છે. સ્વરનો સબંધ શરીરમાં રહેલી નાડીઓથી થાય છે. શરીરમાં નાડીઓ ઘણી છે તેમાં પણ મુખ્ય નાડીઓ ચોવીશ છે. પરંતુ ખાસ કરીને ત્રણ નાડીઓ ઉપરજ વધારે આધાર છે. ઇંગિલા, પિંગલા અને સુષુમ્ના આ ત્રણ નાડીઓ પરથી શુભાશુભ કાર્યની આગાહી કરી શકાય છે. સ્વરશાસ્ત્રએ નૈસર્ગિક જ્ઞાન છે. માનવીના નાકમાંથી જે સ્વર નીકળે છે તેમાં જમણી બાજુથી નીકળે તેને ઇંગિલા નાડી અથવા સૂર્ય સ્વર કહેવાય છે. ડાબી બાજુથી નીકળે તેને પિંગલા નાડી અથવા ચંદ્ર સ્વર કહેવાય છે. અને બંન્ને બાજુથી જયારે શ્વાસ નીકળતો હોય તેને સુષુમ્ના નાડી કહેવાય છે. સ્વરોદય શાસ્ત્ર એ એક પવિત્ર શાસ્ત્ર છે. જેનાથી વ્યવહાર અને આત્મ કલ્યાણની સાધનાનો સુંદર સમન્વય થઈ શકે છે. યોગાભ્યાસ–પ્રાણાયામની દશ ભૂમિકામાં સ્વરોદય શાસ્ત્ર આવી જાય છે. પંચમ શ્રુત કેવલી શ્રી ભદ્ર બાહુ સ્વામી પ્રાણાયામ વિષય ઉપર અદ્વિતીય પ્રભુત્વ ધરાવતા હતા. સ્વરશાસ્ત્રનો વિષય કઠીન જરૂર છે. તથાપિ સ્વરોદય જ્ઞાનથી જે જાણકારી પ્રાપ્ત થાય છે તે અન્ય સાધનોથી નથી થતી. નિરોગી અને સ્વસ્થ મનુષ્યને દિવસ રાત્રી દરમ્યાન એક એક કલાકે ચંદ્ર અને સૂર્ય સ્વરની અદલા બદલી થયા કરે છે.

# ચંદ્ર સ્વરમાં કરવાના કાર્યો

શીતલ અને સ્થિર કાર્યો ચંદ્ર સ્વર ચાલતો હોય તે સમયમાં કરવામાં આવે તો યોગ્ય સફળતા મળે છે. નૂતન મંદિરનું નિર્માણ, પ્રભુ પ્રતિમાની પ્રતિષ્ઠા, ધ્વજારોપણ, કળશ ચઢાવવું ધર્મશાળા, પૌષધશાળા, જ્ઞાનશાળા, આશ્રમ, મકાન, દુકાન, ગઢ વિગેરે કાર્યો કરવાના. દાન આપવાની પ્રવૃત્તિ, નગરમાં પ્રવેશ કરવાનો, નવીન ગૃહમાં પ્રવેશ, નવા કપડા તથા જવેરાતની ખરીદી કરવી. શરીર પર ધારણ કરવા, નવી ઔષધ બનાવવી, બાગ બગીચા, ઉદ્યાનનું નિર્માણ કરવું મોટા માણસોની સાથે મૈત્રી કરવાની શરૂઆત કરવી આદિ કાર્યો ચંદ્ર સ્વર ચાલતો હોય ત્યારે શરૂઆત કરવામાં આવે તો નિશ્ચય થી સફળતા પ્રાપ્ત થાય છે. ઉપરના કાર્યની શરૂઆત કરવી હોય ત્યારે બરાબર ચંદ્ર સ્વર તરફ લક્ષ રાખી અને પ્રથમ પગલું ઉપાડવું.

# સૂર્ય સ્વરમાં કરવાના કાર્યો

ક્રુર અને ચલ કાર્યો જેવા કે વિદ્યાનો આરંભ કરવો, ધ્યાન, સાધના, મંત્ર કે દેવની ઉપાસના કરવી, કોરટ કચેરીમાં કે અમલદારને અરજી કરવાની, યુદ્ધ માટે પ્રયાણ કરવાનું. સર્પ વીંછી આદિના વિષને દૂર કરવાનું, વિઘ્નોની શાંતિ કરવાની, હાથી, ઘોડા, વિગેરે વાહનોપયોગી સાધનો ખરીદવા, ભોજન, સ્નાન, વ્યાપાર ઈત્યાદિ કાર્યો કરવા, પૈસાની લેવડ દેવડ કરવી, પુત્રોત્પતિ માટે રતિ દાન કરવું, શત્રુના ગૃહે જવું વિગેરે કાર્યો સૂર્ય સ્વરમાં કરવાના.

# સુષુમ્ના નાડી

જયારે સ્વરની અદલા બદલી થતી હોય ત્યારે પાંચ થી સાત મિનિટ સુધી સુષુમ્ના નાડી ચાલે છે. તે સમયે કોઈપણ કાર્યનો આરંભ કરવો નહિં. કારણ કે સુષુમ્ના નાડીમાં થતા કાર્યો લાભ નહિં બલકે હાનિ કરનારા થાય છે. માટે પ્રાજ્ઞ જનોએ તે સમયનો અવશ્ય ત્યાગ કરવો.

## સૂર્ય, ચંદ્ર નાડી ચાલવાનો સમય તથા તેનું ફળ

દરેક મહિનામાં કૃષ્ણ પક્ષ અને શુકલ પક્ષ એમ બે પક્ષો છે. તેમાં કૃષ્ણ પક્ષનો સ્વામી સૂર્ય છે. અને શુકલ પક્ષનો સ્વામી ચંદ્ર છે. હવે કૃષ્ણપક્ષની એકમને દિવસે સવારે ઉઠતાંની સાથેજ સૂર્યસ્વર ચાલતો હોય. અથવા સૂર્યોદય સમયે કે જયારે પંચાગમાં પૂર્ણિમાનો કાળ સમાપ્ત થઈ એકમ બેસતી હોય તે સમય જો સૂર્ય સ્વર ચાલતો હોય તો સંપૂર્ણ પક્ષ આનંદ મંગળ કાર્યોમાં પસાર થાય છે.

તેવીજ રીતે શુકલ પક્ષની એકમના દિવસે ઊઠતાંની સાથેજ ચંદ્ર સ્વર ચાલતો હોય અથવા ચંદ્રદર્શન સમયે કે અમાવાસ્યા પછી એકમનો સમય જે રીતે પંચાગમાં બતાવેલ હોય તે સમયે જો ચંદ્ર સ્વર ચાલતો હોય તો તે પક્ષ આનંદ આપનારો થાય છે. તેનાથી ઉલ્ટુ શુકલ પક્ષની પ્રતિપદાએ સૂર્ય સ્વર, અને કૃષ્ણ પક્ષની પ્રતિપદાએ ચંદ્ર સ્વર ચાલતો હોય તો અથવા બંન્ને પક્ષોમાં સુષુમ્ના નાડી ચાલતી હોય તો અશુભ ફળ મળે છે. સૂર્ય સ્વરમાં કલેશ, શરીરની પીડા, માથાનો દુ:ખાવો તથા આર્થિક હાની થાય છે. ચંદ્ર સ્વરમાં, શરદીની બીમારી, મનની ચંચળતા, પાણીનો ભય, રાજયાદિ સત્તાથી ભય. સુષુમ્ના સ્વરમાં મનની બેચેની, દેખાય લાભ છતાં સરવાળે હાનિ વિગેરે થાય છે.

# કૃષ્ણ શુકલ પક્ષમાં તિથિઓની ગણત્રી

કૃષ્ણપક્ષની પંદર તિથિઓમાં ક્રમસર ત્રણ ત્રણ તિથિઓ સૂર્ય અને ચંદ્ર સ્વરની કહેવાય છે. જેમ કે એકમ, બીજ, અને ત્રીજ આ ત્રણ તિથિઓ સૂર્યની. પછી ચોથ, પાંચ ને છઠ્ઠ આ ત્રણ તિથિઓ ચંદ્રની સમજવી. સાતમ, આઠમ, અને નોમ સૂર્યની, દશમ, અગીઆરસ, બારસ, ચંદ્રની તિથીઓ છે. તેરસ ચૌદસ અને અમાવાસ્યા આ ત્રણ તિથીઓ સુર્યની છે. તેજ રીતે શુકલપક્ષાં એકમ, બીજ, ત્રીજ, સાતમ આઠમ, નોમ, તેરસ ચૌદસ પુનમ, આ નવ તિથીઓ ચંદ્રની સમજવી અને ચોથ, પાંચમ, છઠ્ઠ, દશમ, અગીઆરસ, બારસ, આ છ તિથીઓ સુર્યનો સમજવાની.

હવે ચંદ્ર ની તિથીઓમાં ચંદ્ર સ્વર અને સુર્યની તિથીઓમાં સુર્ય સ્વર ચાલતો હોય તો તે સમય કલ્યાણકારી કહેવાય છે. તેને લગતા કાર્યો કરવાથી સફળતા પ્રાપ્ત થાય છે.

# સુર્યચંદ્ર સ્વરના વાર તથા રાશિ અને દિશાઓ.

સુર્યના વાર= શનિ, રવિ, મંગળ.
ચંદ્રના વાર= સોમ, બુધ, ગુરૂ, શુક્ર.
સુર્યની રાશિ= મેષ, કર્ક, તુલા, મકર.
ચંદ્રની રાશિ= વૃષભ, સિંહ, વૃશ્ચિક, કુંભ.
સુષુમ્ના રાશિ= મિથુન, કન્યા, ધન, મીન.
સુર્ય સ્વરની દિશા=પૂર્વ અને ઉત્તર.
ચંદ્ર સ્વર દિશા= દક્ષિણ અને પશ્ચિમ.

# તત્ત્વ તથા રંગની વિચારણા

૧— પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ તથા આકાશ આ પાંચ તત્ત્વો કહેવાય છે. તેમાં પૃથ્વી અને જલ નો સ્વામી ચંદ્ર છે. તથા અગ્નિ, વાયુ, અને આકાશનો સ્વામી સૂર્ય છે.

૨— પૃથ્વી તત્ત્વનો રંગ પીળો છે. જળ તત્ત્વનો રંગ સફેદ છે. અગ્નિ તત્ત્વનો રંગ લાલ છે. વાયુ તત્ત્વનો રંગ લીલો છે. તથા આકાશ તત્ત્વનો રંગ કાળો છે.

૩— પૃથ્વી તત્ત્વની ગતિ સામી છે અને નાસિકા થી બહાર બાર આંગળ સુધી દુર જાય છે. અને ચોરસ આકારને ધારણ કરે છે.

૪— જલ તત્ત્વની ગતિ નીચી છે અને નાસિકથી સોળ આંગળ બહાર જાય છે અને ચંદ્રમાની જેમ ગોળાકાર ધારણ કરે છે.

૫— અગ્નિ તત્ત્વની ગતિ ઉર્ધ્વ છે અને નાસિકાથી બહાર આઠ આંગળ સુધી ઉંચે જાય છે. અને તેનો આકાર ધ્વજા સમાન છે.

૬— વાયુ તત્ત્વની ગતિ તીરછી છે. તથા નાસિકાથી બહાર ચાર આંગળ સુધી જાય છે. અને તેનો આકાર ત્રિકોણ છે.

૭— આકાશ તત્ત્વ નાસિકાની અંદર જ ચાલે છે. તેનો કોઇ આકાર જ નથી.

૮— એક એક સ્વર અઢી ઘડી એટલે એક કલાક ચાલે તેમાં આ પાંચે તત્ત્વો રાત દિવસ અવિરત પણે ચાલ્યા જ કરે છે. આ પાંચે તત્ત્વોમાં પૃથ્વી તત્ત્વ પચાસ પળ, જળ તત્ત્વ ચાલીશ પળ, અગ્નિતત્ત્વ ત્રીશ પળ, વાયુતત્ત્વ વીશ પળ, આકાશતત્ત્વ દશ પળ એ પ્રમાણે એક કલાક સુધીના સમયમાં ચાલ્યાજ કરે છે.

# તત્ત્વજ્ઞાન તથા રંગની સમજ

૧— પીળો, સફેદ, લાલ, લીલો અને કાળો એ પાંચ રંગની પાંચ ગોળીઓ બનાવવી પછી કોઇ તત્ત્વની વિચારણા કરવી હોય ત્યારે આંખો બંધ કરી એક ગોળી ઉઠાવવી અને મનમાં પણ રંગ ધારી લેવો. બંને પરિણામ એક સરખા આવે તો સમજવાનું કે અત્યારે આ તત્ત્વગતિ કરી રહેલ છે.

૨— તત્ત્વની વિચારણા નકકી કરવા માટે અન્ય કોઈ તટસ્થ માણસ પાસેથી પાંચમાંથી એક રંગ ની મનમાં ધારણા કરાવવી. અને પોતે પણ મનમાં રંગ ધારી લેવો. બંન્નેના રંગની સમાનતા આવે તો સમજવાનું કે હાલમાં તે તત્ત્વ ચાલી રહેલ છે.

૩— એક સ્વચ્છ કાચનો દર્પણ સામે રાખી નાકમાંથી દીર્ઘશ્વાસ તેના પર છોડવો. એમ કરવાથી દર્પણ ઉપર કોઇએ એક પ્રકારનો ચિન્હ–આકાર પડી જાય છે તેના ઉપરથી તત્ત્વ નકકી કરી શકાય.

૪— પોતાના બંન્ને કાન અંગુઠાથી, બંન્ને નાક વચ્ચેની આંગળીથી, મોઢું અનામિકાથી, અને બંન્ને આંખો તર્જનીથી બંધ કરી તેવી સ્થિતિમાં પોતાને લાલ, પીળો સફેદ, કાળો કે લીલો કોઇપણ આકાર રંગદૃશ્ય માન થાય છે. તેના ઉપરથી પણ તત્ત્વની સમજ પ્રાપ્ત કરી શકાય છે.

સ્વરોદય જ્ઞાનના રહસ્યને સમજવું મહા મુશ્કેલ છે. મહાન યોગીઓ કે જેમને પ્રાણાયામ કરવાનો અભ્યાસ છે તેજ જ્ઞાની પુરૂષો સ્વર શાસ્ત્રના રહસ્યને સમજી શકે છે. આ જ્ઞાનના જાણનારને પછી કોઈ અન્ય શાસ્ત્રોની ભવિષ્ય કથન માટે જરૂર પડતી નથી. સ્વરોદય શાસ્ત્ર એ નૈસર્ગિક વસ્તુ છે. ચાલતા સ્વર કે તત્ત્વમાં કોઈ રીતે ફેરફાર કરી શકાતો નથી

# કાર્યસિધ્ધિ માટે ઉપયોગી સૂચન

જે કોઈ મનુષ્ય સ્ત્રી કે પુરૂષ કોઈપણ કાર્ય પ્રસંગે બહાર ગમન કરવાનું થાય ત્યારે જે બાજુનો સ્વર ચાલતો હોય તે બાજુથી પ્રથમ ડગલું ભરવું. તેમજ તેજ પગથી ચાર પાંચ ડગલા નમસ્કાર મહામંત્રનું ત્રણ વાર સ્મરણ કરીને ભરવાના. તો અવશ્ય કાર્યની સિધ્ધિ થાય છે. જ્યારે સુષુમ્ના નાડી ચાલતી હોય ત્યારે થોડીવાર બેસી રહેવું પરંતુ ગમન કે કાર્યારંભ ન કરવો.

# તત્ત્વની દિશાઓ

પૃથ્વી તત્ત્વની દિશા દક્ષિણ છે. જલ તત્ત્વની દિશા પશ્ચિમ છે. અગ્નિ તત્ત્વની દિશા ઉત્તર છે. વાયુ તત્ત્વની દિશા પૂર્વ છે. આકાશ તત્ત્વની દિશા સ્થિર છે.

# પરદેશ ગમન સાથે સ્વર સબંધ

જે કોઇ વ્યક્તિ ચંદ્રસ્વર ચાલતો હોય તે સમયે દક્ષિણ દિશામાં કે પશ્ચિમ દિશામાં પ્રવાસ કરતો પરદેશમાં અનેક રીતે લાભ પ્રાપ્ત કરી સુખ સંપત્તિ ભોગવે છે. પરંતુ સુર્ય સ્વર ચાલતો હોય તે સમયે દક્ષિણ કે પશ્ચિમ દિશામાં પ્રવાસ કરવો શ્રેષ્ઠ નથી. જે કોઈ વ્યક્તિ સુર્ય સ્વર ચાલતો હોય તે સમયે પુર્વ દિશા તથા ઉત્તર દિશામાં ગમન કરે તો શુભ ફળ આપનાર થાય છે. પરંતુ ચંદ્ર સ્વરમાં ઉત્તર કે પુર્વમાં ગમન કરવું નહિં. ચંદ્રની ઉર્ધ્વ દિશા માનવામાં આવી છે. જેથી પર્વત ઉપર કે વિમાન પ્રવાસ

કરવો હોય ત્યારે ચંદ્ર સ્વરનો આધાર લઈ કાર્યની શરૂઆત કરવી. સૂર્યસ્વરમાં પૃથ્વીના તળ માર્ગમાં જવું હોય, ભોંયરામાં જવું હોય, સબમરીનમાં પ્રવાસ ખેડવો હોય તો ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે. સુષુમ્ના નાડી ચાલતી હોય તે સમયે કોઈપણ દિશાનો પ્રવાસ ન કરવો.

# પરદેશમાં રહેલી વ્યક્તિ વિષેનો પ્રશ્ન

પ્રશ્ન કરે તે સમયે કોઈપણ સ્વર ચાલતો હોય, પરંતુ તેમાં જળ તત્ત્વ ગતિમાન હોય તો ઉત્તરમાં એમજ સમજવાનું કે સર્વ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત કરી ને પરદેશથી તુરતમાં પાછો આવશે. પૃથ્વી તત્ત્વ ચાલતો હોય તો સમજવાનું કે પરદેશી જે જગ્યામાં છે ત્યાં સ્થિર થઈને બેઠો છે. શાંતિથી જીવન પસાર કરી રહ્યો છે. વાયુ તત્ત્વ ચાલતો હોય તો સમજવા નું કે એક સ્થાન થી બીજે સ્થાન ગમનાગમન કાર્ય કરે છે. મનની ચંચળતા બહુ જ છે તેથી શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી. અગ્નિ તત્ત્વ ચાલતો હોય તો સમજવાનું કે તેના શરીર માં રોગ ઉત્પન થયો છે. જેના કારણે કષ્ટ ભોગવી રહ્યો છે. આકાશ તત્ત્વ ચાલતો હોય તો સમજવાનું કે પરદેશી વ્યક્તિ આ દુનિયા છોડી ચાલ્યો ગયો છે. પંચત્વને પ્રાપ્ત થયો છે.

# સ્વરોદય જ્ઞાનથી પુત્ર પુત્રીની સમજ

કોઈ પ્રશ્ન કરે કે ગર્ભવતી સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી? તે સમયે જો ચંદ્ર સ્વર ચાલતો હોય તો સમજવાનું કે પુત્રી થશે. અને સુર્ય સ્વર ચાલતો હોય તો પુત્ર થશે એમ જાણવું પરંતુ સુષુમ્ના નાડી ચાલતી હોય તો સમજવાનું કે નપુંસક યાતો ગર્ભસ્ત્રાવ થશે.

પ્રશ્ન જોનારને સુર્ય સ્વર ચાલતો હોય, અને પ્રશ્ન કરનારનો ચંદ્રસ્વર ચાલતો હોય તો સમજવાનું કે પુત્ર થશે પરંતુ દીર્ઘજીવી નહિ થાય. તે સમયે બંન્નેના સુર્ય સ્વર ચાલુ હોય તો સમજવાનું કે પુત્ર થશે અને તે પણ દીર્ઘ જીવી થશે. બંન્નેના ચંદ્ર સ્વર ચાલુ હોય તો પુત્રી થશે અને લાંબા આયુષ્યવાલી થશે. પરંતુ પોતાનો ચંદ્ર સ્વર અને પ્રશ્ન કર્તા નો સૂર્ય સ્વર ચાલુ હોય તો પુત્રી અલ્પાયુ વાલી થશે.

તત્વની વિચારણા=સુર્ય સ્વર કે ચંદ્ર સ્વરમાં પૃથ્વી તત્ત્વ ચાલુ હોય તો ગર્ભ મહાન તેજસ્વી સ્વરૂપવાન, અને રિધ્ધિ સિધ્ધિ થી ભરપુર થશે. જળ તત્વ ચાલુ હોય તો ગર્ભ ધનવાન અને ષડ રસનો ભોકતા થશે. અગ્નિ તત્વ ચાલુ હોય ગર્ભની સ્થિતિમાં ગડબડ પેદા થશે ગર્ભપાત થઈ જાય અથવા બાળ મરણ સર્જાય. વાયુતત્ત્વ ચાલુ હોય તો પુરા મહિના થયા સિવાય ગર્ભ પડી જાય છે. આકાશ તત્ત્વમાં વંધ્યત્વના લક્ષણવાલો ગર્ભ પેદા થશે ચંદ્ર કે સુર્ય સ્વર જોરદાર ચાલુ હોય તો બે પુત્રો કે પુત્રીઓ થશે.

# આનંદમાં દિવસ પસાર કરવા માટે સ્વરોદય જ્ઞાન ઉપયોગી

ક્યાં જવાનું હોય ત્યારે, અથવા નિદ્રામાંથી જાગ્રત થતાંની સાથે પોતાનો કયો સ્વર ચાલે છે તે તપાસવો અને તે સાથે આજે તિથિ કયા સ્વરની છે તેનો વિચાર કરવો બંન્ને વિષયમાં એકજ સ્વર હોય તો તે પ્રમાણે જમીનપર પગલાં ભરવાના. ચંદ્રસ્વર ચાલતો હોય અને તિથી પણ ચંદ્રસ્વર ની હોય તો પાંચ સાત ડગલા

પ્રથમ ડાબો પગ મુકી ને આગળ વધવું. સુર્ય સ્વર ચાલુ હોય અને તિથી પણ સુર્ય સ્વરની હોય તો જમણો પગ પ્રથમ મુકીને આગળ વધવું. આમ કરવાથી તે દિવસ આનંદ દાયક પસાર થાય છે તેમજ ગમન કરવાથી કાર્યની સિધ્ધિ થાય છે. એક એક કલાકે સ્વર તો બદલાયા જ કરે છે માટે તિથીને અનુકળ સ્વરમાંજ કાર્યારંભ કરવો હિતાવાહ છે.

# સ્વર અને તત્વથી થતા ફેરફારો

ચંદ્ર સ્વરમાં વાયુ કે અગ્નિ તત્ત્વ ચાલુ હોય ત્યારે શરીરમાં તાવ આવે છે. કંપવાનો રોગ પેદા થાય છે. આકાશતત્ત્વ ચાલુ હોય તો આયુષ્યનો ક્ષય અથવા મરણ થાય છે. જે મનુષ્ય સૂર્ય સ્વરમાં ભોજન કરે, ચંદ્ર સ્વરમાં પાણી પીએ અને ડાબી બાજુ સુવે તો કોઈ પણ રોગ થાય નહિં. તેનાથી ઉલ્ટુ વર્તન કરે જેમકે સુર્ય સ્વરમાં પાણી પીએ અને ચંદ્ર સ્વરમાં ભોજન કરે તો રોગની વૃદ્ધિ થાય છે. શૌચ કરવા માટે ચંદ્ર સ્વર ઉત્તમ છે. લઘુશંકા માટે સુર્ય સ્વર શ્રેષ્ઠ છે. શયન માટે પણ સુર્ય સ્વર સારો છે.

# સ્વરોદય જ્ઞાનથી આયુષ્યની સમજ

જે વ્યક્તિ પોતાના શરીરમાં આઠ પહોર સુર્ય સ્વર ચાલતો દેખે અને તેમાં પણ વાયુ તત્ત્વ ગતિમાન હોય તો તેનું આયુષ્ય ત્રણ વર્ષનું સમજવું તથા સોળ પ્રહર સુધી સુર્ય સ્વર ચાલે જરાપણ ચંદ્ર સ્વર ન ચાલતો હોય તો એક વરસનું આયુષ્ય સમજવું. ત્રણ દિવસ સુધી સુર્ય સ્વર ચાલતો હોય તો છ મહિનાનું આયુષ્ય સમજવું. અને સોળ દિવસ સુધી સૂર્ય સ્વર ચાલુ હોય તો એકજ મહિનાનું

આયુષ્ય જાણવું. અને મહિના સુધી સુર્ય સ્વરજ ચાલુ હોય તો એકજ દિવસમાં મૃત્યુ થાય છે. સુર્ય ચંદ્ર કે સુષુમ્નામાંથી કોઇપણ સ્વર ચાલુ ન હોય અને મુખમાંથી જ શ્વાસ ની ક્રિયા ચાલતી હોય તો સમજવાનું કે હવે ચાર ઘડીમાં જ ચિર વિદાય લેવાની છે.

દિવસે ચંદ્ર સ્વર અને રાત્રે સુર્ય સ્વર એમ અહોરાત્ર ચાલુ હોય તો આયુષ્યની વૃદ્ધિ થાય છે. તેથી ઉલ્ટુ દિવસે સુર્ય સ્વર અને રાત્રે ચંદ્ર સ્વર ચાલુ હોય તો સમજવાનું કે આયુષ્યની છ મહિનામાં સમાપ્તિ થશે. અથવા ચાર આઠ, બાર, સોળ કે વીશ દિવસ સુધી ચંદ્ર સ્વર જ ચાલુ રહે તો આયુષ્યની દીર્ઘતા બતાવે છે. ત્રણ અહોરાત્ર સુધી સુષુમ્ના નાડી ચાલુ રહે તો એક વર્ષનું આયુષ્ય સમજવાનું.

# સ્વરોદય સાથે યોગાભ્યાસ

આ શરીરને ટકાવનાર ખરેખર પ્રાણવાયુ છે. યોગી પુરૂષો હંમેશા પ્રાણવાયુની યોગાભ્યાસ દ્વારા રક્ષા કરે છે. અને પ્રાણવાયુને જુદી જુદી રીતે અટકાવવાથી જીવનમાં મહાન ચમત્કારી અને અલભ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે. પ્રાણની ગતિ પ્રવેશ સમયે દશ આંગુલ અને નીકળતી વખતે બાર આંગુલ બતાવી છે. તથા ચાલતી વખતે ચોવીશ આંગુલ છે. અને દોડતી વખતે ૪૨ આંગુલ છે. તથા મૈથુન સમયે ચોસઠ આંગુલ છે. અને શયનમાં વીશ આંગુલ છે. ભોજન તથા વમન સમયે અઢાર આંગુલ છે. સહજસ્વ ભાવિક ગતિ બાર આંગુલની કહેવાય છે. હવે યોગી પુરૂષો પ્રાણાયામના અભ્યાસથી તે ગતિમાં એક આંગુલ કમ કરે તો નિષ્કામ ભકિત કરી શકે છે. બે આંગુલ કમ કરે તો નિજાનંદ મેળવી શકે છે. ત્રણ આંગુલ કમ કરે શીઘ્ર કવિત્વ શકિત પ્રાપ્ત થાય છે. ચાર આંગુલ

કુમ કરવાથી વચન સિધ્ધિ થાય છે. પાંચ આંગુલ કુમ કરવાથી દીર્ઘદૃષ્ટિ મળે છે. છ અંગુલ કુમ કરવાથી પ્રચંડ વેગ શકિત પ્રાપ્ત થાય છે. સાત આંગુલ કુમ કરવાથી આકાશ ગમન કરી શકે છે. આઠ આંગુલ કુમ કરવાથી અણિમા આદિ આઠ મહા સિધ્ધિ પ્રાપ્ત કરી શકે છે. નવ આંગુલ કુમ કરવાથી નવનિધિઓ પ્રાપ્ત કરી શકે છે. દશ આંગુલ કુમ કરવાથી વિવિધ રૂપો ધારણ કરી શકાય છે. અગીઆર આંગુલ કુમ કરવાથી દેહની છાયા અદૃશ્ય કરી શકાય છે. બાર આંગુલ કુમ કરવાથી ભોજનાદિ કાર્યથી પણ નિવૃતિ મેળવી શકાય છે. યોગી પુરૂષો આ રીતે પ્રાણાયામના અભ્યાસ દ્વારા જીવનમાં પરમ શાંતિ પ્રાપ્ત કરીને સમય પસાર કરતા હતા. સ્વરોદય શાસ્ત્રનું જ્ઞાન એ મહાન ચમત્કારી વિદ્યા છે. આટલું વર્ણન ફકત સિંધુમાં બિન્દુ સમાન છે.

## સ્વરોદયથી વર્ષફળની સમજ

સૂર્ય જ્યારે મેષ રાશિમાં પ્રવેશ કરે ત્યારે કઈ નાડીમાં કયું તત્વ ચાલે છે તે જોવાનું હવે જો ચંદ્ર નાડીમાં પૃથ્વી તત્વ ચાલતું હોય તો વર્ષ એકદમ સારૂં જશે. રાજા પ્રજા સુખી થશે. પશુઓને માટે ઘાસચારો સારા પ્રમાણમાં થશે.

ચંદ્ર સ્વરમાં જલ તત્વ ચાલુ હોય તો વરસાદ સારો થાય, રાજા અને પ્રજા ધર્મ માર્ગનો સ્વીકાર કરે અને દાનપુણ્યના કાર્યોમાં ઉત્સાહ વધે.

સૂર્ય સ્વરમાં પૃથ્વી અને જલ તત્વ ચાલુ હોય તો વર્ષ એકદમ સારૂં નહિં જાય.

સુર્ય કે ચંદ્ર કોઈપણ સ્વરમાં અગ્નિતત્વ ચાલુ હોય તો વરસાદ કમ પડશે. પ્રજામાં રોગ ચાળો થશે. લગભગ દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય.

સુર્ય કે ચંદ્ર સ્વરમાં વાયુ તત્વ ચાલુ હોય તો રાજ્યમાં વેર વિરોધ ઉત્પન્ન થાય. પશુઓમાં પીડા થાય.

સુર્ય કે ચંદ્ર સ્વરમાં આકાશ તત્વ ચાલુ હોય તો ભયંકર દુષ્કાળ પડે. પશુઓ પણ ઘાસ ચારા વિના મરણોન્મુખ બને.

તેજ પ્રમાણે ચૈત્ર શુદ એકમ, માઘશુકલ સપ્તમી, અથવા અક્ષયતૃતીયાના દિવસે સુર્ય કે ચંદ્ર સ્વરમાં જે જે તત્ત્વો ચાલુ હોય તે પ્રમાણે શુભાશુભ ફળ જાણવાનું.

# સ્વરોદય થી શરીર વિષે વર્ષ ફળ

ચૈત્ર શુદ એકમના સવારના ચંદ્ર સ્વર ન ચાલતો હોય તો ત્રણ મહિનાની અંદર હૃદયમાં વ્યાધિ કલેશ તથા ચિંતા ઉત્પન્ન થાય છે.

ચૈત્ર શુદ બીજના ચંદ્રસ્વર ન ચાલતો હોય તો પરદેશ ગમન કરવું પડે અને માર્ગમાં મરણાંત કષ્ટ ભોગવવું પડે.

ચૈત્ર શુદ ત્રીજના ચંદ્રસ્વર ન ચાલતો હોય તો શરીરમાં ગરમી પેદા થાય છે. પિત્તજ્વર તથા લોહી વિકારનો રોગ થાય છે.

ચૈત્ર શુદ ચોથના ન ચાલે તો નવ મહિનામાં મૃત્યુનું સુચન કરે છે.

ચૈત્ર શુદ પાંચમના ન ચાલે તો વર્ષમાં રાજ્યથી ભય થાય છે.

ચૈત્ર શુદ છઠ્ઠના ન ચાલે તો ભાઈ કે સબંધીનું મૃત્યુ સુચવે છે.

ચૈત્ર શુદ સાતમના ન ચાલે તો તે વર્ષમાં પત્નીનું મરણ થાય છે.

ચૈત્ર આઠમના ન ચાલે તો વર્ષમાં પોતાના શરીરમાં ભયંકર કષ્ટ ઉત્પન્ન થાય છે. અને ધંધો મંદ પડી જાય છે આવક ઓછી થાય છે.

ચૈત્ર મહિનામાં આખા દિવસમાં એક કલાક તો ચંદ્રસ્વર અવશ્ય ચાલવો જ જોઇએ. વધારે ચાલે તો સારૂં. પરંતુ ઓછો તો નજ ચાલવો જોઇએ. અને તેમાં પણ ચંદ્ર સ્વરમાં પૃથ્વી તત્વ તથા જળ તત્વ ચાલુ હોય તે વધારે લાભ કરનાર બને છે.

# જન્મકુંડલી પરથી સરળ સંક્ષિપ્ત ભાવ ફળ નિરૂપણ

જ્યોતિષશાસ્ત્ર એ પ્રાચીન આર્ય સંસ્કૃતિની ઉચ્ચતાનો ખ્યાલ આપતું એક અનોખું વિજ્ઞાન છે. હજારો વર્ષ પહેલાં પણ આર્યો કેટલાં વિદ્વાન હતાં તથા ગણીતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાં કેટલાં પારંગત હતાં તેનો આ સચોટ પુરાવો છે. આ શાસ્ત્રમાં ગણીતને પ્રાધાન્ય છે તથા ફળાદેશ વિભાગમાં તર્કશાસ્ત્રને પ્રાધાન્ય છે.

ભાવિજીવનની વીગતો જાણવાની આ જગતમાં દરેકને આતુરતા હોય છે. શું ધનિક કે શું રંક! શું દુઃખી કે સુખી! શું રોગી કે શું નિરોગી! લગભગ દરેક વ્યક્તિ પોતાનું ભાવી જાણવા આતુર હોય છે આ ભાવિનો સ્પષ્ટ ખ્યાલ તે વ્યક્તિના જન્મસમયના ગ્રહોના ભ્રમણ પરથી આવી શકે છે. જન્મસમય તથા સ્થળ જેટલાં સ્પષ્ટ તેટલું અધિક સ્પષ્ટ તે વ્યક્તિનું ભાવિ જાણી શકાય. આથી જ્યોતિષશાસ્ત્ર પરથી પોતાનું ભાવિ જાણવા ઇચ્છનાર વ્યક્તિ માટે સૌથી અગત્યની જરૂરીઆત છે તેના સ્પષ્ટ જન્મ સમયની તથા જન્મસ્થળની; આજકાલ જે જે કુંડળીઓ તપાસવામાં આવે છે તેમાંથી મોટા ભાગની કુંડળીઓ (લગભગ ૭૫–૮૦ %) તો અશુદ્ધજ હોય છે—અને આવી અશુદ્ધ કુંડલીયો ઉપરથી એમને એમ ભવિષ્ય ભાખતાં ભાવિના ઘણાં ખ્યાલો ખોટાં આવતાં જણાય જે આજે જ્યોતિષમાં શ્રદ્ધા ઓછી કરવામાં કારણભૂત બને છે માટે સૌ પ્રથમ તો કોઈપણ કુંડલી જોતી વખતે તેમાં જે સમયની બનાવેલ છે તે સ્પષ્ટ છે કે કેમ! તથા ગ્રહો વિ. બરાબર મુકાયેલાં છે કે કેમ! તથા ગણીત પણ સુક્ષ્મ-જન્મસ્થળ–સમય વિ. ને અનુલક્ષીને બનાવાયેલ છે કે નહી તે જોવું ખાસ જરૂરી છે.

ઉપર મુજબ જન્મકુંડલીના ગણીત બાબત સ્પષ્ટતા કર્યા બાદ જન્મકુંડલી–ચલિતકુંડલી નવમાંશકુંડલી–ચાલુ ગ્રહદશા – અષ્ટોતરી અગર વિંશોત્તરી તથા ગોચરમાં ગ્રહોના ભ્રમણ આ બધી વસ્તુઓ વિગતવાર જોઇ તપાસી પછીજ ફલાદેશ જણાવવો હીતવાહ છે–ઘણા જયોતિષીઓ ફક્ત જન્મકુંડલીજ જુએ છે. ઘણા ફક્ત જન્મકુંડલી તથા ચલિત કુંડલીજ જુએ છે તથા કોઈ કોઈ તો ફકત ગોચર ભ્રમણ પરજ ફલાદેશ આપે છે પણ આ બધુ અશુધ્ધ ફલ આપવા સંભવ છે. જન્મકુંડલીમાં નવમાંશ કુંડલીનું ખાસ મહત્વ છે અને સંપૂર્ણ ફલાદેશ કહેવામાં જો નવમાંશ કુંડલી ઉપર લક્ષ્ય ન આપવામાં આવે તો સંભવ છે કે ફલાદેશ સાચો ન પણ આવે.

જન્મલગ્નમાં ઉચ્ચનો અગર મિત્રક્ષેત્રી ગ્રહ શુભદૃષ્ટિમાં પડયો હોવા છતાં જો તે ગ્રહ નવમાંશમાં ૬–૮–૧૨ માં સ્થાનમાં અગર પાપગ્રહની દૃષ્ટિમાં પડયો હશે તો જરૂર તે ગ્રહને લગતું ફળ તે ગ્રહ જે સ્થાનનો કારક હશે તેનું ફળ તથા તે ગ્રહની દશા–મહાદશા તથા અંતરદશાનું ફળ નેષ્ટ આપશે તેજ પ્રમાણે જન્મલગ્નમાં નીચનો અગર શત્રુક્ષેત્રી અગર ૬–૮–૧૨ માં સ્થાનમાં પડેલો ગ્રહ જો નવમાંશમાં ઉચ્ચનો, અગર મિત્રક્ષેત્રી–અગર શુભ સ્થાનમાં પડેલ હશે તો તે ગ્રહની દશા–મહાદશા–અંતરદશાનું ફળ તથા તે ગ્રહ જેનો કારક છે તેનું ફળ શુભ મળશે આ કથન અનુભવે સત્ય જણાયું છે અને આજસુધીના મારા અલ્પ અનુભવમાં પણ આ કથનની પુરેપુરી સત્યતા મને સ્પષ્ટતા સમજાયેલ છે આથી પણ સુક્ષ્મ ગણિતમાં– અષ્ટકવર્ગ–તથા કાલ–ચક્રદશા–વિગેરેથી વધુ સુક્ષ્મ જઈ શકાય છે પરંતુ દરેક વ્યકિત આટલા ઉંડા ગણીતમાં જઈ ન શકે તેથી ઉપરની મુખ્ય મુખ્ય બાબતો પર લક્ષ્ય આપીને ફળાદેશ જોવાથી વધુ સુગમ પડશે.

જગતમાં અનેક પ્રશ્નો છે અને સંસાર એ વિષચક્ર છે-આશા અનંત છે. અને દરેક માનવી પોતાના ભાવિવિષે અનેક પ્રશ્નો લઇ ઉપસ્થિત થાય છે–આવા બધા પ્રશ્નોની છણાવટ તો એકાદ ગ્રંથમાં પણ પુરી ન થાય પરંતુ લગભગ સર્વ સામાન્ય પ્રશ્નો જેવાં કે નોકરી–કે-વ્યાપાર અગર સ્વતંત્ર ધંધો, સંતાન સુખ-વિદ્યા–ધન–પત્ની સુખ–શરીર સુખ ધર્મ, નિતિ યશ વિગેરે મુખ્ય મુખ્ય પ્રશ્નો લગભગ બધાને મુઝવતા હોય છે તેથી આપણે પણ આ લેખમાં ઉપરના પ્રશ્નો પૂરતીજ છણાવટ કરશું.

## : આયુષ્ય :

કોઇપણ કુંડલી જોતાં પહેલાં તે વ્યકિતનું આયુષ્ય કેટલું છે તે ખાસ જોવું કારણ જો અલ્પાયુવાળી કુંડલી હોય તો ભાવિ પણ તેજ મુજબ કહી શકાય આયુષ્ય જોવા માટે લગ્નેશ તથા અષ્ટમેશ જોવા જરૂરી લગ્નેશ તથા અષ્ટમેશ છઠા અથવા બારમા સ્થાનમાં હોય અને તેના પર પાપગ્રહની દૃષ્ટિ હોય તો અલ્પાયુ થાય, અષ્ટમેશ પાપગ્રહ છઠે અગર બારમે હોય અને તેના પર પાપગ્રહની દૃષ્ટિ હોય અને શુભ ગ્રહની દૃષ્ટિ ન હો તો અલ્પાયુ થાય. અષ્ટમેશ સ્વગૃહી કોઈપણ સ્થાનમાં હોય તો દીર્ઘાયુ થાય શની સ્વગૃહી–ઉચ્ચનો કે મિત્રક્ષેત્રી કોઈપણ સ્થાનમાં હોય તો દીર્ઘાયુ થાય સર્વ પાપગ્રહો કેન્દ્રમાં તથા તેઓ પર શુભ ગ્રહની દૃષ્ટિ ન હોય તો અલ્પાયુ થાય

અષ્ટમેશ અને લગ્નેશ શની સાથે ૬–૮–૧૨ ભાવે હોય તો ઝેરી પદાર્થથી મૃત્યુ થાય અષ્ટમેશ અને લગ્નેશ રાહુ કેતુ સાથે ૬–૮–૧૨ ભાવે હોય તો ગળે ફાંસો ખાવાથી મૃત્યુ થાય છે.

આઠમા સ્થાનમાં ચંદ્ર હોય અને રાહુ કે શનીનો યોગ હોય તો વાઇનું દર્દ થાય છે.

આઠમે નિર્બળ ચંદ્ર હોય અને તે સાથે મંગળ રાહુ કે શની હોય તો વાઇનું દર્દ થાય તથા ભૂત વિગેરેની બાધા થાય છે.

બે પાપગ્રહ લગ્ને હોય સાથે ચંદ્ર હોય તો નાનપણમાંજ મૃત્યુ પામે.

ચંદ્રગ્રહણ વખતે જન્મ હોય અને પાપગ્રહની દ્રષ્ટિ ઉપર વધુ હોય તો તે થોડા સમયમાંજ મૃત્યુ પામે.

સૂર્ય ચંદ્ર સાતમે હોય, લગ્ને પાપગ્રહ હોય તોપણ અલ્પાયુ થાય. સૂર્ય ચંદ્ર બારમે હોય, બારમાનો સ્વામી લગ્ને હોય તો તુરત મૃત્યુ થાય. આ બધા યોગો ઉપરાંત એક બીજી રીત પણ આયુષ્ય જોવા માટે છે તે નીચે મુજબ

| ૧. દીર્ઘાયુ | મધ્યમ આયુ | અલ્પાયુ |
|---|---|---|
| ૧. લગ્નેશ ચર રાશી | ચર રાશી | ચર રાશી |
| અષ્ટમેશ ચર રાશી | સ્થીર રાશી | દ્વિસ્વભાવ રાશી |
| ૨. લગ્નેશ સ્થીર રાશી | સ્થીર રાશી | સ્થીર રાશી |
| અષ્ટમેશ દ્વિસ્વભાવ રાશી | ચર રાશી | સ્થીર રાશી |
| ૩. લગ્નેશ દ્વિસ્વભાવ રાશી | દ્વિસ્વભાવ રાશી | દ્વિસ્વભાવ રાશી |
| અષ્ટમેશ સ્થીર રાશી | દ્વિસ્વભાવ રાશી | ચર રશી |

૨. ઉપર મુજબ લગ્નેશ તથા અષ્ટમેશ ના બદલે લગ્ન તથા ચંદ્રની રાશી મુકી જોવું

૩. ઊપર મુજબ લગ્નેશ તથા અષ્ટમેશ ના બદલે લગ્ની રાશી તથા હોરા લગ્ની રાશી મુકી જોવું.

ઉપરની રીતે ત્રણે રીતે આયુષ્ય કાઢી તેમાંથી સારાંશ કાઢી લેવો.

| | | |
|---|---|---|
| અલ્પાયુ | — | ૩૨ વર્ષની ઉમર સુધી |
| મધ્યમ આયુ | — | ૩૨ થી ૬૮ ,, ,, |
| દીર્ઘાયુ | — | ૬૮ વર્ષથી ઉપર |

ઉપર મુજબ શરૂઆતમાં વ્યક્તિની આયુષ્ય બાબતની ચકાસણી કરી ત્યારબાદ જ બીજા પ્રશ્નો તપાસવા.

# વેપાર ઉદ્યોગ

હવે આપણે ઉદ્યોગ–ધંધો–નોકરી કે વેપાર વિ. ના પ્રશ્ન ઉપર વિચારીએ આ પ્રશ્ન એક સર્વ સામાન્ય પ્રશ્ન છે એટલે તેની છણાવટ વિસ્તૃત રીતે કરીશું આ પ્રશ્નો જોવા માટે દશમું ભુવન અગત્યનું છે.

દશમેશ સૂર્ય હોય તો નોકરી માટે ઉત્તમ સરકારી નોકરી મળે તથા ઉન્નતી થાય.

દશમેશ ચંદ્ર હોય તો વેપાર તરફ વધુ ધ્યાન રહે-ચડતી પડતી આવ્યા કરે ધંધા બદલવા પડે.

દશમેશ મંગળ હોય તો રસાયણશાસ્ત્રી થાય સર્જન અને જે ધંધામાં દૈર્ય શૌર્ય હીંમત સામર્થ્યની જરૂર હોય તેવા ધંધા તરફ રસ જાય દશમેશ બુધ હોય તો લેખન વ્યવસાય કારકુની હિસાબી ખાતું, ટપાલ ખાતું, રેલ્વે, સદા પ્રવાસ થયા કરે બદલી સ્થળાંતર વિ. બહુ થાય.

દશમેશ ગુરૂ હોય સન્માનનીય ધંધો કરે સમાજ હીતના કામો તેના હાથે થાય અધ્યાપન, ન્યાયાધિશ, ધર્માધ્યક્ષ થાય.

દશમેશ શુક્ર હોય કલા કૌશલ્યના કામો-artist, અથવા ટુંકમાં જે ધંધામાં સુખ વધારે શ્રમ ઓછો તેવા ધંધા પસંદ કરે.

દશમેશ શની હોય જવાબદારીવાળા કામ મળે નોકરી સત્તા મળે પણ તે મેળવવા ખુબ મહેનત પડે જો શની વક્રી હોય કે પાપગ્રહયુક્ત હોય તો અપયશ મળે ઘણીવાર પ્રશ્ન પુછાય છે કે વ્યાપાર કરવો કે નોકરી ગોતવી? આ માટે નીચેના યોગો વિચારવા.

વ્યાપારી—૧ દશમા ભુવન ઉપર શુભ દૃષ્ટિ વધારે.
૨ બુધ દશમે હોય.
૩ લગ્નેશ દશમેશ યુતિ હોય.
૪ લગ્નેશ દશમે હોય.
૫ લગ્નેશ કેંદ્ર ત્રિકોણમાં કે ૧૧ મે હોય.
૬ મિથુન લગ્ન હોય.
૭ દશમે ચંદ્ર હોય,
૮ દશમે ચંદ્ર શની–રાહુની દૃષ્ટિ યુતિમાં હોય તો દીવાળું કાઢે.
૯ દશમે શુક્ર હોય.
૧૦ દશમે જળ રાશી (૪–૮–૧૨)

ઉપરના યોગો હોય તે વ્યાપાર માટે શુભ છે દશમા સ્થાનમાં શુભ ગ્રહ હોય–અગર શુભ ગ્રહોની દષ્ટિ હોય, દશમેશ શુભ ગ્રહ હોય–અગર શુભ ગ્રહની દષ્ટિમાં હોય તો કીર્તિ મળે જો દશમેશ ઉપર શની–રાહુ કે કેતુની દષ્ટિ હોય અગર પાપ ગ્રહો દશમેજ હોય તો તેટલા પ્રમાણમાં નુકશાન થાય.

દશમે અગ્નિ રાશી – મહેનત કરનાર ઉત્સાહી

,, વાયુ રાશી – શાસ્ત્રીય વિષયનો શોખ વાંચન વિશેષ બુદ્ધિનાં કામે કરાવે.

,, જલ રાશી – વ્યાપારમાં લાભ અપાવે.

,, પૃથ્વી રાશી – શરીરશ્રમના કામ માટે સારી.

અગ્નિ રાશી – મેષ – સિંહ – ધન.

વાયુ રાશી – મિથુન – તુલા – કુંભ.

જળ રાશી – કર્ક – વૃશ્ચિક – મીન.

પૃથ્વી રાશી – વૃષભ – કન્યા – મકર.

દશમે સૂર્ય કે મંગળ હોય તો નોકરી કરે છે. પિતૃ તરફથી વારસો મળે છે.

દશમે બુધ કે ગુરૂ હોય વૈજ્ઞાનિક શોધ ખોળ લેખન પ્રવૃત્તિ–શિક્ષણ વિ. વ્યવસાય કરે.

દશમે ચંદ્ર કે શુક્ર – વકીલ – દીવાન – સલાહકાર બનાવે.

દશમે ચંદ્ર – સારી નોકરી અપાવે.

દશમે શની–કોન્ટ્રાક્ટર, વહીવટકર્તા–મેનેજર-એન્જીનીયર –મીકેનીકલ ખાતાનો ઉપરી, ન્યાયાધીશ બનાવે.

દશમે રાહુ – સતા અપાવે પણ તામસી વિશેષ હોય.

આ પ્રશ્ન વિચાર્યા બાદ હવે વ્યક્તિના ભાગ્ય–ધર્મ ક્રીયા વિ. તરફ જોઇએ:

# ભાગ્ય ને ધર્મક્રીયા

આ વિગતો જોવા માટે નવમું ભુવન જોવું ખાસ જરૂરી છે. નવમું ભુવન એ ધર્મસ્થાન પણ કહેવાય છે. નવમે સૂર્ય ચંદ્ર–ગુરૂ–રાહુ ધાર્મિક બાબતમાં શ્રદ્ધા વિશેષ રખાવે. આ ચારમાંથી એક કે વધારે ગ્રહ સ્વગૃહી કે મિત્ર ક્ષેત્રી હોય તો શુદ્ધ અંતઃકરણવાળો હોય નવમે મંગળ ૨–૯–૧૦–૧૧ રાશીનો હોય તો કામ્ય ઉપાસના કરે–નવમા સ્થાનમાં સૂર્ય શની; ચંદ્ર રાહુ, મંગળ રાહુ, હર્ષળ મંગળ હર્ષળ શની, કે હર્ષળ રાહુ હોય તો તે વ્યકિત ધર્મભ્રષ્ટ હોય છે. નવમાં સૂર્ય–ચંદ્ર–ગુરૂ રાહુ હોય તો પર્યટન કરે છે. ચંદ્ર હોય તો ખાસ લાંબા પ્રવાસો કરે છે.

નવમા સ્થાનને ભાગ્યસ્થાન પણ કહેવાય છે, જેની કુંડળીમાં આ સ્થાન બગડેલ હોય તેની આખી જીંદગી બગડી ગણાય. આ સ્થાનમાં ગ્રહો ક્યારથી ભાગ્યોદય થશે તે બતાવે છે. સૂર્ય ૨૨ મા વર્ષથી, ચંદ્ર ૨૪, મંગળ ૨૮, બુધ ૩૨, ગુરૂ ૧૬, શુક્ર ૨૫, શની ૩૬, રાહુ ૪૫, મા વર્ષથી ભાગ્યોદય કરે. નવમે રહેલા ગ્રહ કરતાં નવમેશ બળવાન હોય તો તેના પ્રમાણે ભાગ્યોદય થાય છે.

# ભાગ્ય માટેના યોગો

૧ નવમા ભાવ પર શુભ દ્દષ્ટિ વધારે.

૨ ચર લગ્ન, ચર લગ્નેશ, ચર રાશીમાં બેઠેલા ગ્રહની નવમા ભવનપર દ્દષ્ટિ–પરદેશમાં ભાગ્યોદય.

૩ સ્થીર લગ્ન; સ્થીર લગ્નેશ, સ્થીર રાશીમાં બેઠેલા ગ્રહની નવમા ભવનપર દષ્ટિ-સ્વદેશમાં ભાગ્યોદય.

૪ શુક્ર ત્રીજે, છઠે, સાતમે, દશમે કે અગ્યારમે હોય તો લગ્ન બાદ ભાગ્યોદય.

૫ નવમેશ-દશમેશ યુતિ અથવા નવમેશ દશમેશથી દષ્ટ અથવા નવમેશ બીજે ભાગ્યોદય સારો.

૬ લાભેશ નવમે, ધનેશ લાભમાં, નવમેશ બીજે-મોટો ભાગ્યોદય થાય.

૭ લગ્નેશ નવમે હોય તો તે ગ્રહ પ્રમાણે ભાગ્યોદય થાય જો લગ્નેશ સુર્ય હોય તો ૧૯-૩૮-૫૭. વર્ષે ચંદ્ર હોય તો ૨૪-૨૮-૩૨-૩૬, વર્ષે મંગળ હોય તો સૂર્ય પ્રમાણે, બુધ હોય તો ૨૦-૩૦-૪૦-૫૦-૬૦ વર્ષે-ગુરૂ હોય તો ૨૪-૩૬-૪૮-૬૦ વર્ષે શુક્ર હોય તો ૨૪-૩૨-૪૦-૪૮-૫૬ વર્ષે શની હોય તો ૩૦-૬૦ વર્ષે રાહુ હોય તો ૧૮-૩૬-૫૪ વર્ષે ભાગ્યોદય થાય.

## ભાગ્ય હિનતા યોગો

૧ લગ્નેશ, ધનેશ, સપ્તમેશ, બારમે.

૨ નવમેશ છઠે-અને શત્રુ વડે દષ્ટ.

૩ નવમેશ નિર્બળ-નવમે પાપગ્રહ.

૪ લગ્નેશ નિર્બળ.

૫ ચતુર્થેશ આઠમે હોય.

ઉપર મુજબ ભાગ્ય સંબંધી વિચાર કર્યા બાદ હવે મનુષ્યના જાતીય જીવન તરફ નજર કરીએ આ પ્રશ્ન વિચારવા સાતમું ભુવન વિચારવું જરૂરી છે.

# મનુષ્યજાતિય જીવન યાને સાતમુ ભુવન

સાતમા ભાવનું ફળ જોવા માટે સાતમો ભાવ, સાતમા ભાવનો સ્વામિ તથા શુક્ર ઉપર લક્ષ્ય આપવું જરૂરી છે.

૧ સાતમાભાવ સાથે ગુરૂનો યુતિ કે દૃષ્ટિ સંબધ-નિયમબદ્ધ નીતિપૂર્વકની કામવાસના.

૨ સાતમે બળવાન ગુરૂ પતિવ્રતા નારી અગર એક પત્નીવૃતધારી પતિ-સુખી લગ્નજીવન લગ્નવાદ ભાગ્યોદય.

૩ સાતમે નીચનો ગુરૂ (બીજા બળવાન યોગ ન હોય તો) સ્ત્રીના મૃત્યુથી દુ:ખી થાય લગ્ન બાદ ભાગ્ય-હાની કુંભનો ગુરૂ સાતમે હોય તો પણ સ્ત્રીનું મૃત્યુ થાય. અગર સ્ત્રીની બીમારીના કારણે કલેશ થાય.

૪ સાતમા ભાવમાં શુક્ર ઈંદ્રીય વિલાસ તથા વિલાસપ્રીયતા સૂચવે છે પણ જો આ શુક્ર પાંચમાં અઠર આઠમા ભાવનો સ્વામિ હોય તો સ્ત્રીની તંદુરસ્તી જોખમાય.

૫ સાતમા ભાવમાં ચંદ્ર-શુભ ફળ આપે-સુખી લગ્નજીવન-લગ્ન વહેલું થાય, તથા લગ્નમાં વિલાસ નું તત્વ વધારે હોય પણ જો આ ચંદ્ર સાથે શનીની યુતિ કે દૃષ્ટિનો યોગ હશે અગર બીજા પાપગ્રહની દૃષ્ટિ હશે તો પત્ની માટે અકાળમૃત્યુનો યોગ થશે.

## ૬ સાતમા સ્થાનમાં મંગળ

મંગળ આ સ્થાનમાં અશુભ ફળ આપે છે કામેચ્છા સ્થૂળ અને પ્રબળ હોય પાશવી વૃત્તિ થઈ જાય. સ્થુલ ભોગ પત્ની માટે ઘાતક છે મંગળ ૧-૨-૪-૭-૮-૧૨ સ્થાનમાં સારો નથી લગ્ન-ચંદ્ર અને શુક્રથી મંગળના સ્થાન તપાસવા તથા તે મુજબ વિચારવું ત્રણેમાં ઉપરના સ્થાનમાં આવતો હોય તો વિશેષ ખરાબ છે છતાં ૨-૪-૧૨ તથા ૧ માં મંગળની સ્થિતિ પત્ની માટે ઘાતક નથી મંગળ **બીજા સ્થાનમાં** પતિના ઉડાઉપણા કે અને અનૈતિક વલણને કારણે ઘરમાં કલેશ રખાવે છે.

**મંગળ ચોથા સ્થાનમાં**-માતાને કારણે ઘરમાં પતિ પત્ની વચ્ચે કલેશ કરાવે છે. **મંગળ લગ્ને**-વ્યક્તિના ઉદ્ધત કાર્યો અને ક્રોધી સ્વભાવથી ઘરમાં કલેશ રખાવે છે પુરૂષ કુંડળીમાં સાતમે મંગળ તથા સ્રીની કુંડળીમાં આઠમે મંગળ ખુબ અશુભ ફળ આપે છે મંગળ સાતમે હોય તથા સાથે બળવાન ચંદ્ર હોય અને શુક્ર પણ સાથે હોય તો અશુભ ફળ નષ્ટ થાય છે સાતમે મંગળ શુક્રની યુતિ અમર્યાદ ભોગશક્તિનું કારક છે, સાતમે મંગળ શનીની યુતિ ખુબ અશુભ ફળ દેનાર છે.

## ૭ સાતમા સ્થાનમાં શની

લગ્ન મોટી ઉંમરે થાય છે. ગૃહજીવનપર ઝાંખપ જણાય-પત્ની વફાદાર હોય, ઘરરખુ હોય, પત્ની તેજસ્વી ન હોય નમણી ન હોય પણ વફાદાર હોય.

### ૮ સાતમાં સ્થાનમાં સૂર્ય

પત્ની ઘમંડી-અભિમાની તથા પતિ ઉપર વર્ચસ્વ જમાવનારી હોય–જીવન સુખી નથી હોતું પણ જો ચંદ્ર અગર ગુરૂની દૃષ્ટિ હોય તો સારૂં ફળ મળે સાતમાં સ્થાનમાં સૂર્ય તુલા અગર કર્કનો હોય તો પત્નીના આયુષ્ય તથા આરોગ્ય માટે ખરાબ ફળ આપે.

### ૯ સાતમા સ્થાનમાં બુધ

વાચાળ સ્ત્રી મળે. સિંહ રાશીમાં બુધ હોય તો પત્નીને મધ્યવયમાં ઘાતક નિવડે બુધ–શનીની યુતિ સાતમે હોય તો પુરૂષત્વની ખોટ લાવે.

### ૧૦ સાતમાં સ્થાનમાં રાહુ

ફળ ખરાબ આપે ગૃહજીવન ક્લેશમય રાખે.

લગ્ને સૂર્ય હોય અને સાતમે શની હોય તેની સ્ત્રીને ગર્ભ રહે નહી ગર્ભપાત થાય સૂર્ય અને શની સાતમે હોય, ચંદ્ર દશમે હોય (ચંદ્ર પર ગુરૂની દૃષ્ટિ ન હોય) તો પણ તેની સ્ત્રીને ગર્ભ ન રહે.

સાતમા ભાવમાં પાપગ્રહો હોય અથવા પાપગ્રહથી દૃષ્ટિ હોય અને શુભ ગ્રહોની દૃષ્ટિ જ ન હોય તો સ્ત્રી યોગ ન થાય શુક્ર અને બુધ સાતમે હોય તો લગ્ન મોડા થાય ઉપર મુજબ સાતમા ભાવનું ફળ જોયા બાદ હવે સંતાન સંબધી વિચારણા કરીએ આ પ્રશ્ન માટે પાંચમો ભાવ જોવો આવશ્યક છે પાંચમાં ભાવનો કારક ગ્રહ 'ગુરૂ' છે.

# "પાંચમો ભાવ-સંતાન સુખ"

"ગુરૂ સંતાનકારક ગ્રહ છે તથા બુધ તેનો શત્રુ છે તેથી જો પંચમેશ બુધના ઘરમાં એકલો હોય તો કોઇ પુત્ર જીવે નહીં" જો પંચમેશ બુધ હોય તો આ યોગ લાગુ પડતો નથી.

પંચમેશ બુધના ઘરમાં હોય અથવા બુધની દૃષ્ટિ યુતીમાં હોય તો પુત્ર ગર્ભને હાની પહોંચે છે-તથા પત્ની સ્થુલકાય થઇ જાય છે.

પંચમેશ નીચનો હોય અને તેનો સ્વામી ઉચ્ચનો હોય અગર શુભગ્રહની દષ્ટિમાં હોય તો સારા સંતાન થાય.

પંચમેશ શનીની દૃષ્ટિમાં હોય તો સંતાન ન થાય પણ પાછલી જીંદગીમાં કદાચ એકાદ સંતાન થાય.

પંચમેશ પુરૂષ રાશીમાં અગર કેંદ્રમાં હોય તો પુત્ર સંતાન વધુ થાય.

પંચમેશ આઠમે સંતાનોત્પતી ન થાય અગર થાય તો નાશ પામે, જો પંચમેશ આઠમે પોતાનાજ ઘરમાં હોય તો આ યોગ લાગુ પડતો નથી.

પંચમેશ ક્ષીણચંદ્ર સાથે હોય તો (ગર્ભમાંજ સંતાન મરી જાય તે) થાય. પંચમેશ પાપગ્રહ સાથે હોય યા દૃષ્ટિમાં હોય તથા શુભગ્રહની દૃષ્ટિ ન હોય તો પુત્ર દોષ થાય તથા સ્ત્રી દોષ પણ થાય, બે કે ત્રણ પત્ની થાય.

પંચમેશ પરિવર્તન યોગથી ઉચ્ચનો થતો હોય તો સંતાન સારા થાય.

પંચમેશ રાહુ સાથે દશમે હોય તો સંતાન નહી થાય.

આ મુજબ પાંચમો સાતમો નવમો દશમો તથા આઠમો ભાવ વિગતવાર વિચાર્યા બાદ હવે અમુક મુખ્ય ગ્રહોના સ્વભાવ વિ. બાબત વિચારણા કરીએ.

## શુક્ર

શુક્ર આ ગ્રહ, લગ્ન, પત્ની અગર પતિ, જાતિય જીવન, મોજશોખની વસ્તુઓ, કળા–જુગાર, મંત્ર તંત્ર, જાદુ, સાધના, ઝવેરાત, રમતગમતો વિ. નો કારક છે. જેની જન્મકુંડળીમાં આ ગ્રહ શુભ હોય તથા બળવાન હોય તો જાતકને આ પ્રકારની સામગ્રી સરળતાથી પ્રાપ્ત થાય છે શુક્રની ચંદ્ર અગર મંગળ સાથે યુતિ હોય તો વિલાસી બનાવે છે આ ગ્રહ વક્રી હોય તો વધુ બળવાન થાય છે અને રાજમાન્ય પદવી આપવા સમર્થ છે શુક્રની પાપગ્રહની સાથેની યુતિ કે દૃષ્ટિ સંબંધ Vicious બનાવે છે શુક્ર અશુભ સ્થાનમાં હોય તેવી વ્યક્તિઓ-ખાઉંધરા સ્વભાવની, પીવાની ટેવવાળી બહુ લગ્ન કરનાર, સ્ત્રીથી દુઃખી માનસીક અશાંતિ વાળી હોય છે. શરીર ઉપર શુક્રની અસર શરીરના જાતીય અવયવો ઉપર વિશેષ જણાય છે.

## બુધ

આ ગ્રહ જન્મકુંડલીમાં બળવાન હોય તો વક્તા થાય,–બુધ ૧–૨–૫–૯–૧૦–૧૧ મા ભાવમાં શુભ ફળ આપનાર છે. બુધ જેટલો વધુ બળવાન તેટલો તથા વ્યવસ્થિત, માણસને બનાવે છે.

બુધ જળતત્વની રાશીમાં હોય અને શની તથા હર્ષલના aspects માં હોય (ખરાબ) તો તોતડાપણું જણાય છે બુધ સુર્યથી આગળ હોય તે સારો, બુધ સુર્યની યુતિમાં સુર્યજ ફળ આપે છે પરંતુ સુર્ય નબળો હોય તો બુધ ફળ આપશે બુધ-ગુરૂની યુતિ શુભ ફળ આપે છે આવી વ્યક્તિ કોઇપણ વિષય શીખી શકે છે બુદ્ધિશાળી હોય છે મનની ઉદારતાવાળો હોય છે. મનની ઉદારતાવાળો હોય છે. તેમજ તીક્ષ્ણ બુદ્ધિપ્રભા હોય છે. ધંધામાં આગળ વધી શકે ધર્મમાં શ્રદ્ધાવાળો હોય છે. બુધ શુક્રની યુતિ હોય તો કલા-કૌશલ્ય તરફ વધુ લક્ષ્ય જાય સંગીત-સાહિત્ય વિ. નો શોખ જન્મે કેન્દ્રમાં આવી યુતિ થાય તો તે વ્યક્તિ વકતા થાય, શની-બુધની યુતિવાળી વ્યકિત જવાબદારી ભર્યુ સ્થાન સંભાળી શકે દૂરંદેશી હોય-ગણીતશાસ્ત્રી અગર એન્જીનીયર થાય જો આ યુતિ ૨-૬-૮ ૧૨ મા ભાવમાં થાય તો ખરાબ ફળ આપે છે તેવી વ્યકિત નિરાશાવાદી થાય આંતરિક અશાંતિ ખૂબ હોય.

# ગુરૂ

આ ગ્રહનું જ્યોતિષમાં ખુબ મહત્વ છે જે કુંડળીમાં ગુરૂ નબળો હોય, અગર સુર્ય કે ચંદ્ર થી ૬-૮ મા સ્થાને ગુરૂ હોય તે કુંડળી સામાન્ય ગણાય જન્મકુંડળીમાં એકજ ગુરૂ સારો હોય તો બીજા ઘણા ખરાબ ફળનો નાશ કરે છે ગુરૂનાં લક્ષણો જ્ઞાન તથા તેમાંથી મળતું સુખ ધન, સંપતિ, બાળકો-યાત્રા. રાજદ્વારી નિપુણતા, સદાચાર ચારિત્ર્ય, જ્યોતિષજ્ઞાન, શાસ્ત્રજ્ઞતા, આસ્તિકપણું. ઇંદ્રીયજય, આશાવાદી, સહનશીલતા, સમાજ સેવા, કીર્તિ, આબરૂ, મરતબો વિ. ગુરૂનાં સ્થાનઃ-બેંકો-મંદીરો-આરામગ્રહો વિદ્વાન પંડીતોની સભાઓ કાઉન્સીલ હોલ-રાજદ્વારી મકાનો-ભવ્ય ઇમારતો ઇશાન ખૂણો-વિદ્યામંદિરો લોજ-હોસ્પીટલો વિ. ગુરૂનાં હીસાબે થતાં રોગ લોહીની

અશુધ્ધિ, ચરબીની વૃધ્ધિ, લીવરની નબળાઈ, જલોદર, મૂત્રાશયના રોગો વિ. ગુરૂના ઉપરથી શની રાહુનું ગોચરમાં ભ્રમણ તંદુરસ્તી બગાડે છે.

ગુરૂ શુક્રનો યોગ સ્ત્રીની કુંડળીમાં સારો ગણાય. ભૌતીક સુખો સારાં આપે પુરૂષની કુંડળીમાં આ યોગ ઘણો સારો ન ગણાય.

શની ગુરૂનો યોગ ચોથા કે આઠમા ઘરમાં થાય તો વારસો મળે અગર તે વ્યકિત દત્તક લેવાય, સ્ત્રીની કુંડળીમાં ૫–૭–૮ માં ઘરમાં ખુબ ખરાબ ફળ આપે. અનપત્ય યોગ બનાવે (સંતાન ન થાય).

રાહુ ગુરૂની યુતિ ૧–૫–૯–૧૦ માં ભાવમાં સારૂં ફળ આપે જીવનમાં ખુબ આગળ વધે કેતુ ગુરૂની યુતિ ખરાબ ફળ આપે જે ભાવમાં હોય તે ભાવનું ફળ બગાડે.

# શનિ

શની પાપગ્રહ છે અને તેની ખરાબ અસરોથી સમગ્ર જગત જાણીતું છે મહાન દુર્ગુણો હરામખોર–ચાલચલગત–આળસુ અને નિરૂદ્યમી સ્વભાવ તેમજ નિરાશાવાદી–આ બધુ શનીને આભારી છે. તૃષ્ણા–લોભ–ગુન્હાહીત પ્રવૃતિ–મુર્ખતા–કઠોરતા – વિશ્વાસઘાત -- ભેદ અને મુશ્કેલી એ શનિના ગુણો છે–શનિના કારણે કોઇપણ કાર્યમાં અટકાયત થાય છે–છુપી યોજનાઓ થાય છે તેની દષ્ટિ માત્રથીજ મહાન ઉપદ્રવોનો ઉદય થાય છે. શનિના સાનિધ્યથી ચંદ્ર પણ અભડાય છે અને તેથીજ તેના સાનિધ્યમાં આવતા સાડાસાતી પનોતિ શરૂ થાય છે જે ભલભલાને ડગાવી દે છે જે લોકો ભગવાનને ભુલી ગયેલા છે તેઓને શનિ પરમાત્માની યાદ કરતાં કરીદે છે શની જ્યારે સ્વગૃહી કે ઉચ્ચનો હોય છે ત્યારે લાભદાયક ફળો આપે છે. જવાબદારી વહેવાની શકિત આપે છે. ન્યાયપરાયણતા અને

વ્યવસ્થામાં આનંદ આપે છે શનિ તુલા રાશિમાં રાજયોગ કરી આપે છે રાજકીય સદ્‌ગુણો આપે છે સ્થાન પરત્વે ૩-૬-૧૦-૧૧ સ્થાનમાં શની શુભ ફળ આપે છે. નિર્બળ શનિ જે ભાવમાં હોય તે ભાવનો નાશ કરે છે અને જ્યાં જ્યાં દૃષ્ટિ કરે છે તે ભાવનો પણ નાશ કરે છે જ્યારે બળવાન શની જે ભાવમાં હોય તે ભાવની વૃદ્ધિ કરે છે ત્યાંપણ સારા ફળ આપે છે ઉપર મુજબ શનિના લગ્ન કુંડલીનાં બળ ઉપર શુભ અગર અશુભ ફળ પ્રાપ્ત થાય છે શનીના ચંદ્રથી ગોચર પરથી ૪-૮-૧૨ મે આવતાં પનોતી ગણાય છે આ પનોતીથી સારીયે દુનિયા ગભરાય છે જ્યોતિષમાં શ્રદ્ધાવાળા વિશેષ ગભરાય છે અને જ્યોતિષમાં અશ્રધ્ધા ધરાવનાર પણ પનોતીના નામ માત્રથી ભડકે તો છેજ અને આજ કારણે 'શની' ખૂબ અળખામણો ગ્રહ થઇ પડેલ છે પરંતુ ગોચર પધ્ધતી જન્મકુંડલીથી સ્વતંત્ર રીતે ફળાદેશ કહેવા માટેની પધ્ધતિ નથી. એ રીતે એનો ઉપયોગ કરી શકાયજ નહી એવો ઉપયોગ માનવીને ખોટી આશા નિરાશામાં ફસાવીને જ્યોતિષ શાસ્ત્રનો ઉપહાસ કરાવનાર નિવડે છે પનોતીની સારૂં કે નરસુ ફળ આપવાની શક્તિ જન્મકુંડળીમાંના યોગો ઉપર, પનોતીના સમયે ચાલતી દશા-અંતર્દશાના સમયો તથા અષ્ટક વર્ગ દ્વારા થતા શુભાશુભ યોગો ઉપરજ અવલંબે છે એ બધાની ઉપેક્ષા કરીને 'પનોતિ પોતાનું સ્વતંત્ર ફળ આપતી નથી જ્યોતિષ શાસ્ત્રમાં ગુરૂ-શુક્ર તથા પુર્ણ ચંદ્રને શુભ ગ્રહો અને શની મંગળ સુર્ય રાહુ તથા ક્ષીણચંદ્રને પાપગ્રહો તથા બુધને જેવા ગ્રહની સાથે હોય તેવું ફળ આપતો વર્ણવેલ છે પરંતુ આ શુભ અશુભ ગ્રહો પણ જન્મકુંડળીમાના સ્થાન પરત્વે જુદા જુદા પ્રકારના ફળો આપે છે શુભ ગ્રહો અશુભ ફળ આપતા હોય છે જ્યારે અશુભ ગ્રહો શુભ ફળ આપતા હોય છે. એજ રીતે શની પણ કુંડલી પરત્વે અને તેના સ્થાન પરત્વે બળવાન કે બળહીન બનતો હોવાથી તે અનિષ્ટજ ફળ આપે તેમ કહી શકાય નહીં, આવો શનિપણ શુભ

ફળ આપે છે રાજયોગકારક થાય છે. ચંદ્રથી બારમા સ્થાનમાં રહીને શનિ અનફા યોગ કરે છે, ચંદ્રથી બીજા સ્થાનમાં રહીને શનિ સુનફા યોગ કરે છે. આ બંને યોગો માનવીનો દારિદ્રય યોગમાંથી બચાવ કરે છે આ ઉપરાંત શનિ બીજા પણ ઘણા શુભ યોગો કરે છે અને માનવીને જીવનમાં ઘણે ઉંચે પણ લઈ જાય છે.

# મંગળ

મંગળ એટલે કલ્યાણ શુભ ધર્મ સુખ સંતોષ આનંદ વિગેરેનો સમન્વય હોય તેવી સ્થીતિ આમ છતાં મંગળનું નામ પડતાં તેને અમંગળજ માની લેવાની વૃતિ લોકોમાં થયેલી છે ખાસ કરીને લગ્નના મેળાપકમાં મંગળ' થી બધા ભડકે છે મંગળ અગ્નિતત્વ, લડાયક, તમોગુણી ક્રુર ચંચળ, ઉદાર, પિત્તપ્રકૃતિવાળો છે. ક્રોધી તીખો છે ગ્રીષ્મઋતુનો અધિષ્ટાતા છે ઉપર મુજબ મંગળના ગુણો જ્યોતિષાચાર્યોએ વર્ણાવેલ છે મંગળ એટલે અગ્નીતત્વ તથા સાહસવૃતિ બે ભેગા થાય ત્યાં થનગનાટ આવે અને શકિતથી થનગનતા માનવીના જે ગુણ હોય તેજ ગુણો મંગળના ગણી લેવા, મંગળ બગડે તો લોહી અશુધ્ધ થાય લોહીવીકારના દરદો થાય. ઓપરેશનો મંગળને આધીન છે.

ચંદ્ર એટલે રજ અને મંગળ એટલે પિત્ત એ બંનેનો સમન્વય સ્ત્રીને ઋતુધર્મ આપે તથા તે રીતે સંતાન આપે–પુરૂષને તેજરીતે પુરૂષત્વ આપે અને આજ કારણે લગ્નજીવનમાં મંગળને વધારે મહત્વ આપવામાં આવે છે લગ્નથી મંગળ ૧–૨–૪-૭–૮–૧૨ તથા પાંચમાં સ્થાનમાં મંગળ દોષકારક કહ્યો છે. આમ બધી કુંડળીઓમાં તો દોષવાળીજ બની જાય વળી આ પ્રમાણે ચંદ્રથી પણ જોવું તેમ જણાવ્યું તેથી બીજી પણ ૨૪ %કુંડળીઓ દોષવાળી અને બાકી ૧૬% ટકા શુદ્ધ રહી—

આ દોષના નિવારણ માટે વળી એક બીજો નિયમ કર્યો કે મંગળના દોષવાળી કન્યા સાથે મંગળના દોષવાળા પુરૂષના લગ્ન કરવાથી દોષ નાશ પામે તેમજ દાંપત્ય સુખ વધે બે અશુભ ભેગા થાય તો એક શુભ ઉત્પન્ન થાય—બે ઝેર ભેગા થાય તો અમૃત ઉત્પન થાય!

વળી આગળ વધ્યા મંગળની સામે શનીની દોષવાળી કુંડળી હોય તો એટલે કે બીજાની કુંડળીમાં લગ્ને—બીજે—ચોથે—પાંચમે—સાતમે—આઠમે શની હોય તો પણ દોષ નાબુદ થાય.

આ વાત બરાબર નથી બુધ્ધિગમ્ય નથી શાસ્ત્રશુધ્ધ નથી સ્ત્રીની કુંડળીનો મંગળ પતિનું કે પતિની કુંડળીનો મંગળ પત્નીનું મરણ નિપજાવે છે તે વાત સાચી નથી. મરણનો નિર્ણય દરેક વ્યકિતની પોતાની કુંડલી ઉપરથીજ કરવાનો રહે છે મંગળ પાઘડીએ કે ઘાટડીયે રહેવા છતાં યોગકારક બને છે એટલુંજ નહી પણ તેના ઉપરની શુભ ગ્રહોની દૃષ્ટિ અને અન્ય ગ્રહોના વિવિધ પ્રકારના યોગો આવા અનિષ્ટનું નિવારણ કરનાર નીવડતા હોય છે મંગળ ખરાબ ન હોય તેવી કુંડળીઓમાં પણ બીજા ગ્રહો મંગળ કરતાં પણ વધુ ખરાબ પરિણામો લાવે છે લગ્ન મેળાપક જોવામાં ફકત મંગળજ ન જોવો જોઇએ પણ બંને કુંડળીઓની સામાન્ય રૂપરેખા જોઇ બંનેના જીવનના તબક્કા તપાસી તે મુજબ નિર્ણય કરવો તે વધુ શાસ્ત્રસિધ્ધ થશે એમ સમજવું જોઇએ માનવીના લગ્નજીવન માટે સાતમા સ્થાનનું મહત્વ છે સાતમું સ્થાન તે લગ્ન સ્થાન છે કામવૃ-તિનું સ્થાન છે સાતમા સ્થાન ઉપર મંગળની દૃષ્ટિનુંજ મહત્વ છે અને તેજ કારણે ૧—૪—૧૨ સ્થાનમાં મંગળને અશુભ ગણાવેલ છે હવે સાતમા સ્થાન ઉપર મંગળની દૃષ્ટિ અન્ય શુભ દૃષ્ટિ ન હોય ત્યારે અન્ય શુભ યોગો ન હોય ત્યારે જાતિય જીવનને વણછાડે છે.

જાતીય જીવનમાં અસંતોષ ઉત્પન્ન કરે છે વળી સાતમા સ્થાન ઉપર પાપગ્રહોની દૃષ્ટિ સંતાનો ઉપર પણ ખરાબ અસર કરે છે પરંતુ મંગળ વૈધવ્યજ આપે છે તેવું નથી.

હવે મંગળ કેવી રીતે દોષકર્તા નથી તે વિચારીએ લગ્ને મેષનો, ચોથે વૃશ્ચિકનો, સાતમે મકરનો, આઠમે કર્કનો તેમજ બારમે ધનનો મંગળ હોય તો તે વૈધવ્ય યોગ કર્તા નથી અથવા દ્વિભાયા કરતો નથી.

મંગળ વક્રી હોય નીચ હોય અથવા અસ્તનો હોય શત્રુક્ષેત્રી હોય (મિથુન કે કન્યાનો) તો દોષકારક નથી કર્ક અને સીંહલગ્નની કુંડલીમાં મંગળ યોગકારક હોવાથી દોષકારક નથી ધન અને મેષ લગ્નોમાં લગ્ને મંગળ યોગકારક છે મકર લગ્નમાં લગ્ને મંગળ અને કર્કનો ચંદ્ર યોગકારક ગણાય છે મેષ-વૃશ્ચિક અને મકરનો મંગળ ૧-૪-૭-૧૦-૫-૯ સ્થાનેમાં હોય તો અનિષ્ટ થતું નથી સાતમા સ્થાનમાં પાપગૃહ પણ સ્વગૃહી હોય તો પત્નીને માટે શુભ છે મંગળની સાથે ગુરૂ હોય અથવા મંગળ ઉપર ગુરૂની શુભ દૃષ્ટિ હોય તો મંગળના બધા દોષ નાશ પામે છે. ગુરૂ અથવા શુક્ર બળવાન થઈ લગ્ને કે સાતમે પડયા હોય તો પણ મંગળનો દોષ નાશ પામે છે. મંગળ જે સ્થાનમાં હોય તે સ્થાનનો સ્વામિ કેંદ્ર કે ત્રિકોણમાં હોય તો મંગળનો દોષ લાગતો નથી. ચંદ્ર કેંદ્રમાં હોય તો મંગળનો દોષ લાગતો નથી આવા ઘણા યોગો છે જે જોવાથી મંગળનો દોષ નહિવત રહેશે અને ફકત મંગળનેજ અમુક સ્થાનમાં જોવા માત્રથી તેનો દોષ ગણવો તે હીતવાહ નથી

# ચંદ્ર

ચંદ્ર એ પૃથ્વીનો ઉપગ્રહ છે. ચંદ્રમાને પૃથ્વીની આસપાસ ફરતા ૨૭ નક્ષત્રોને ભોગવતાં ૨૭ દીવસ અને ૭II કલાક થાય છે. ચંદ્રનું પૃથ્વીથી સામાન્ય અંતર ૨ લાખ ૪૦ હજાર માઈલ થાય છે. કોઈ વખત તે પૃથ્વીની નજીકમાં આવે છે તો કોઈ વખતે તે થોડેક દૂર પણ જાય છે પરિભ્રમણ કરતાં જ્યારે ચંદ્ર સુર્ય સામસામા આવે ત્યારે પૂર્ણીમા થાય છે જ્યારે બંને નજીક આવે છે ત્યારે અમાવાસ્યા કહેવાય છે.

સ્થાવર અને જંગમ વસ્તુઓ ઉપર તેની ખૂબજ અસર થાય છે વનસ્પતિ વિ. ઉપર પણ તેની અસર થાય છે તેથીજ તેને ઔષધીશ કહેવામાં આવે છે.

મનનો કારક પણ ચંદ્ર છે મન સાથે ગાઢ સંબંધ રાખતા સુખદુઃખ ચંચળતા કવિત્વ શક્તિ ઉચ્ચ કલ્પનાઓ ઉતાવળાપણું અસ્થિરતા ભાવનાઓ વિ. દર્શાવે છે કુંડળીમાં ચંદ્રના રાશી સ્થાનપરથી જાતકની મનોવૃત્તિયો વિ. જોવામાં આવે છે સારામાં સારો ધનયોગ હોવા છતાં પાપકર્તરીનો ચંદ્ર અગર કેમદ્રુમ જેવો યોગો (શનિ રાહુ સાથે રહેલ ચંદ્ર) માનસીક આનંદ લુંટવા દેતા નથી.

મનની એકાગ્રતા જ્ઞાન ધ્યાન વિ. પણ ચંદ્ર પરથી જોવાય છે માતાનું કારકત્વ પણ ચંદ્ર પાસેજ છે અને બાળારિષ્ટ વિ. પણ ચંદ્ર પરજ જોવાય છે.

જલમુસાફરી કીર્તિ યશ લોકપ્રિયતા તરંગીપણું કન્યાપ્રજા વિ. જોવા માટે પણ ચંદ્રજ ઉપયોગી છે.

ચંદ્રના ધંધા–પ્રવાહી પદાર્થો, મોતી, દવા દરીયાઇ વેપાર નોકરી ચાંદી રૂ કપાસ સ્ત્રી શણગારના સાધનો વિ. છે.

આ બધા ફળો ચંદ્ર કયા ભાવમાં કઈ રાશીમાં છે તે તથા તેના પર કયા ગ્રહોની દૃષ્ટિ વિ. છે તે બધુ જોવાથી મળી શકશે.

ઉપર મુજબ દરેક ગ્રહોની ટુંકમાં સામાન્ય સમીક્ષા દર્શાવી છે. દરેક ગ્રહો તથા દરેક ભાવ ઉપર વિસ્તૃત વિવેચન કરતાં કદાચ આખો ગ્રંથ ભરાય તેથી આટલેથી જ ટુંકમાં સારરૂપ જણાવી દઉં છુ.

આ સિવાય જન્મકુંડલી પરથી ફળાદેશ જોવામાં ભાવકારક ગ્રહો, અષ્ટક વર્ગ, ગોચાર ગ્રહો, તથા નક્ષત્ર દશાઓ વિ. પરથી વિસ્તૃત વિચારણા થઇ શકે પરંતુ આ બધુ બહુજ સુક્ષ્મ ગણીત માંગી લે છે દરેક વ્યક્તિના જીવનમાં શકય નથી હોતું પરંતુ જેની કુંડળીમાં સ્પષ્ટ ટાઇમ હોય તથા ફળાદેશ બરાબર વરસોવરસ મળતું આવતું હોય તેઓ આ રીતે આગળ વધે તો ઘણું સુક્ષ્મ ફળાદેશ જરૂર મળી શકે.

# હસ્તરેખા વિજ્ઞાન

હાથ એ આપણા સમસ્ત જીવનનું પ્રતિબિંબ છે. જેવી રીતે મનુષ્યની આંખોથી માણસોના સ્વભાવનું કેટલુંક માપ કાઢી શકાય તે રીતે હાથની રેખાઓ પણ મનુષ્ય સ્વભાવનું સચોટ દર્શન કરાવી જાય છે.

હાથમાં મૂખ્ય રેખાએ ત્રણ છે. આપણ જૈન શાસ્ત્રમાં અને પાશ્ચમના રેખા વિજ્ઞાન શાસ્ત્રમાં ઉત્તર દક્ષિણ જેટલું અંતર છે. આપણાં શાસ્ત્રમાં જેને આયુષ્ય રેખા કહેવામાં આવે છે તેને પશ્ચિમ શાસ્ત્ર હાર્ટલાઇન અથવા હૃદય રેખા કહે છે. બીજી પીતૃરેખાને બ્રેઇન લાઇન અથવા મગજની રેખા તથા ત્રીજી માતૃરેખાને આયુષ્ય રેખા કહે છે. એકંદરે બન્ને રીતે અભ્યાસ કરતા પરિણામ સરખુંજ નીકળે છે.

હથેળીના અગ્રભાગમાં અને આંગળીઓના મૂળ પાસે ઉપસેલા પર્વતો હોય છે. તે દરેક પર્વતો ગ્રહની ગરજ સારે છે.

અંગુઠાની પછીની પેલી આંગળી તે **ગુરૂની** આંગળી કહેવાય. ને તેની નીચેના પર્વતને ગુરૂનો માઉન્ટ કહેવાય છે ત્યારપછી બીજી આંગળી એટલે વચલી **શનીની** આંગળી કહેવાય છે અને તેની નીચેના પર્વતને **શનીનો** માઉન્ટ કહેવાય ત્યારપછી **સૂર્યની** અને **બુધની** આંગળીઓ અને તે મુજબ સૂર્ય

અને બુધના પર્વતો તેના મુજબ આવેલા હોય છે હથેલીના વચ્ચેના ભાગને મંગળનું મેદાન કહેવાય છે અડખે પડખેના ભાગને ઉપલો મંગળ અને નીચલો મંગળ કહેવાય વચ્ચે રાહુ કેતુનું સ્થાન હોય છે. હથેલીના નીચલા ભાગને અંગુઠાની નીચેના અર્ધા ભાગને શુક્રનો પર્વત રોકે છે અને સામેના ભાગને ચંદ્રનો પર્વત રોકે છે.

આ રેખાઓ અને પર્વતો ઉપરથી મનુષ્યનો સ્વભાવ રીતભાત અને કાર્ય શકિત જાણી શકાય છે. સૌથી મહત્વનું કામ આંગળી અને અંગુઠાના વેઢાઓ તથા તેમાં પડેલી આડી ઉભી રેખાઓ આપે છે.

મનુષ્ય ચોર છે લફંગો છે, વ્યભીચારી છે વિગરે પર્વતોના નિરક્ષણથી અને વેઢા ઉપર પડેલી રેખાઓથી જાણી શકાય છે. પર્વતોના ઉઠાવ અને તે ઉપર પડેલી રેખાઓ ઉપરથી વ્યાપાર ધંધા નોકરી વિ. નું માર્ગદર્શન મળી શકે છે. દાખલા તરીકે સારા ડૅકટર થવા માટે બુધ તથા મંગળનો પર્વત સુદ્રઢ હોવો જોઇએ, પણ જો બુધનો પર્વત પોતાના સ્થાનમાં ન હોય વધારે પડતો ઉંચો હોય, ઝીણી રેખાઓનું જાળું હોય તો ચોરીના કામમાં નિપૂણ થાય છે એટલે એકને એક પર્વતના ઉઠાવ ઉપર ભિન્ન ભિન્ન નિદાન થાય છે. એટલે નિદાન કરતી વખતે બારીકાઈથી અવલોકન કરવું જરૂરી છે,

અત્યારે સામાન્ય રીતે માણસોને **મંગળ શની રાહુ** કે **સૂર્ય** પીડતા હોય છે તેમાં બહુધા **મંગળ** અને **શની** ઘણાંને નડતા હાય છે. ગ્રહોની શાંતી માટે ઘણાખરા જાપ કરાવે છે. કેટલાક તેને લગતા નંગ જપાવી વીંટીમાં પહેરે છે.

કર્મને હળવા કરવા માટે ભક્તિની એકાગ્રતા જરૂરી છે. મનુષ્ય પોતે જો પોતાના ધર્મ મુજબ એ માર્ગ સ્વીકારે તો તેના કર્મો જરૂર હળવા થશે અને રાહત મલશે તેમાં જરાય શંકા નથી.

# હાથ જોવાની રીત

૧ કોઈપણ માણસનો હાથ જોતી વખતે તેના હાથને પ્રથમ સ્પર્શ કરવો નહીં.

૨ હાથની આકૃતી પહેલા જોઈ લેવી હાથનો પ્રકાર નક્કી કરવો કે કયા પ્રકારનો હાથ છે.

૩ રોગ અને મનુષ્યની પ્રકૃતી **નખ** ઉપરથી જોવાય છે. તે માટે **નખનો** રંગ અને **પ્રકાર** તપાસી લેવાં પછી હાથનો પાછળનો ભાગ જોવો.

૪ પછી આંગળીઓનો વિચાર કરવો આંગળીઓ લાંબી પાતલી ગંઠીલી કે ભરાવ છે તે જાણી લેવું.

૫ પછી મૃદુતાથી હાથને સ્પર્શ કરવો હાથની હથેલી મુલાયમ છે કે રફ છે તે જાણી લેવું.

૬ ત્યારપછી મુખ્ય રેખાઓ અને બારીક નીકળતી રેખાઓનો વિચાર કરવો.

૭ પુરુષનો પ્રથમ જમણો હાથ જોવો, સ્ત્રીનો પ્રથમ ડાબો હાથ જોવો પણ સંપૂર્ણ નિદાન માટે બન્ને હાથનું નિરીક્ષણ કરવું.

# હાથના પાછળના ભાગનો વિચાર

૧ હાથના પાછળના ભાગનો ઉપર વધારે વાળ હોય તો ચાંચલ્યપણું બતાવે છે વાળ ન હોય તો તે મૂર્ખ–તર્કટી ડરપોક અને ઘણે ભાગે પુરૂષત્વ હીન હોય છે. બહુજ થોડા અને ઝીણા વાળ હોય તો દૂર દર્શીતા, આરામ ભોગવવાની ઈચ્છાવાળા હોય છે.

૨ આંગળાના ત્રીજા વેઢા ઉપર જો વાળ હોય તો કઠોર અંતઃકરણવાળો હેય છે.

૩ અંગુઠાની પાછળ વાળ હોય તો બુધીવાન થાય છે.

૪ બધી આંગળીઓ ઉપર વાળ હોય તો માણસ તમોગુણી હોય છે.

# હથેલીનો ભાગ

હથેલીનો ભાગ–હથેલી સમચોરસ હોય તો શારિરીક–માનસીક સમતોલ રાખવાવાળા બુદ્ધીવાન હોય છે. હથેલીનો રંગ સફેદ હોય તો સ્વાર્થી, આત્મપ્રશંશી અને બીજાને દુઃખ આપવા તૈયાર હોય છે. તાંબાના જેવો રંગ હોય તો આશાવાદી હોય છે; પીળો રંગ હોય તો પિત્ત–પ્રકૃત્તીવાળો અને અશાંતી કરવાવાળો હોય છે, કાળો રંગ હોય તો કફ પ્રકૃત્તી વાળો દુઃખી અને નિસ્તેજ હોય છે. ભુરો રંગ હોય તો બાયલો હોય છે. ગુલાબી રંગ હોય તો તેજસ્વીતા અને ન્યાયપ્રીય હોય છે.

## નખ

ટચલી આંગળીનો નખ નાનો હોય તો તે ઉડાઉ હોય છે. બધી આંગળીઓના નખ સફેદ અને પાતળા હોય તો તે કાર્યકુશળ ઉત્તમ પરિક્ષક અને કોમળ અંતઃકરણવાળો હોય છે. સ્વચ્છ સફેદ અગર કાળા નખ હોય તો દુષ્ટ જીદ્દી સ્વભાવવાળો પણ ખેતીના કામમાં હોશિયાર હોય છે લાંબા અને વળેલા નખ નિર્દયતા સૂચવે છે નાના અને ફીકા નખ લુચ્ચાઇ અને બદમાશી સુચવે છે નખો ઉપર સફેદ રંગના બિંદુ હોય તો પાચનશક્તિની મંદતા બતાવે છે. નખો ઉપર તેના મુળમાં અર્ધ ચંદ્રકારના જેવા જો ધાબા હોય તો લોહીની ક્રિયામાં ફેરફાર સુચવે છે સફેદ રંગ અને ચોરસ આકારવાળા નખવાળો માણસ–બદલો લેવાવાળો અવસર ઉપર ઘા કરવાવાળો અને હઠીલી પકૃત્તીવાળો હોય છે. કોઇપણ આંગળીના નખ ઉપર કાળા રંગનું બિન્દુ ખરાબ ગણાય છે આવા કાળા બિન્દુઓ નખ ઉપર હોય તો કોર્ટના મુકરદમા, ફોજદારી ગુન્હા ખાંસી, શ્વાસ, અપકિર્તી દેશ ત્યાગ–શોક–ચિન્તા–ભય વિ. આવે છે.

## સાંધી ગાંઠ આંગળીની તથા અંગુઠાની

૧ અંગુઠાની પ્રથમ સંધિગાંઠ જો બરોબર વિકસેલ હોય તો અને પ્રથમ પેરવો લાંબો હોય તો તે કુશાગ્ર બુદ્ધીવાળો માણસ હોય છે.

અંગુઠાની પ્રથમ સંધિ નાની હોય-પેરવો નાનો હોય તો તે અંધશ્રદ્ધા અને કુબુદ્ધિ સૂચક છે.

૨ અંગુઠાની બીજી સંધિ જો બળવાન અને પુષ્ટ હોય તો નિયમ બદ્ધતા કાર્યવૃદ્ધીવાળા સટ્ટામાં ચાલક હિસાબી અને પાકા સ્વાર્થી હોય છે.

૩ આંગળાની પ્રથમ સંધિ જો બળવાન હોય તો તાત્વીક વિચારશક્તિ સૂચવે છે.

૪ આંગળાની બીજી સંધિ જો બળવાન ગંઠીલી હોય તો– મહાત્વાકાંક્ષા અને વ્યાપારની કુશલતા સૂચવે છે, ત્રીજી સંધિ પુષ્ટ હોયાય તો તે કાર્યદક્ષતા અને કુશાગ્ર મનોવૃત્તી સૂચવે છે.

# આંગળા

૧ નાની આંગળીઓવાળો મનુષ્ય ચાલાક, સાહસી સંકુચિત સ્વભાવવાળો તરંગ પ્રમાણે કામ કરવાવાળો અને શિઘ્ર લેખક હોય છે. પણ નાની આંગળીઓ ભરાવદાર ન હોય તો નિર્દયતા સૂચક છે.

૨ લાંબી આંગળીઓવાળા માણસ કોઈપણ કામ જલ્દી કરતા નથી તેઓ સંશયી અને મીજાજી મગજના હોય છે. કપડા પહેરવાના શોખીન હોય છે. આવા માણસો વિશ્વાસ કરવા લાયક હોતા નથી, તેઓ સ્વભાવે લુચ્ચા હોય છે.

૩ જે માણસની આંગળીઓ જાડી હોય તે શ્રમજીવી હોય છે અને મજુરી ઉપર જીવવાનું હોય છે.

૪ જે માણસની આંગળીઓ વાંકી ટેઢી અને નખ નાના હોય તો તેવા માણસ નિર્દયી-ખુની અને જુલ્મી સ્વભાવના હોય છે.

૫ જે માણુસની આંગળીઓ હાથનાં પાછળના ભાગ તરફ વળેલી હોય તેવો માણુસ સમજદાર હોશીયાર સાધારણુ તથા વધારે ખર્ચ કરવાવાળો પણ વિચિત્ર સ્વભાવનો હોય છે.

## આયુષ્ય રેખા

૧ અંગુઠા અને ગુરૂની આંગળી વચ્ચેથી નીકળી જે રેખા વળાંક લઈ મણીબંધ તરફ જાય તેને અંગ્રેજીમાં લાઇફ લાઇન કહે છે આ રેખા સંપૂર્ણ હોય પણ બન્ને હાથમાં હાર્ટ લાઇન ન હોય તો અકાળ મૃત્યુનો ભય રહે છે આ રેખા બેઉ હાથમાં એક સરખી લંબાઇની હોય અને મધ્યમા તુટી ગઇ હોય કે કાળા રંગની હોય જવનું ચિન્હ હોય જંજીર જેવી આકૃતી પડેલી હોય તો તેવો માણુસ વારંવાર બિમાર થાય ક્રોધી–અપ્રમાણીક અલ્પ આયુષ્ય અને એવી વ્યક્તિને ઘણે ભાગે માતાનું સુખ હોતું નથી.

રેખા ઉપર આવું O જવનું ચિન્હ બીમારી સૂચક છે પણ તે હિસાબે જે વર્ષ ઉમર આવે તે વર્ષમાં બિમારી કરે

આ રેખા નાના ટુકડા જેવી કે સાંકળી જેવી હોય તો તે હોજરી તથા પાચનશક્તિની મંદતા બતાવે છે.

ઉંડી અને પહોળી રેખાવાળા માણુસમાં શરીર બળ વધારે હોય છે. આ રેખામાંથી એક રેખા નીકળી ગુરૂના પર્વત સુધી ગઇ હોય તો તે જીવનમાં આગળ વધવાની તથા સત્તા મેળવવાની નિશાની રૂપ છે.

આ રેખા ઉપર આરંભ સ્થાનમાં ✻ આવું તારા જેવું ચિન્હ હોય તો નાનપણમાં માતાનું મૃત્યુ સૂચવે છે.

આ રેખા તથા મંગળની રેખાના સમીપમાં તારા જેવું ચિન્હ હોય તો પિતાનું શિઘ્ર મૃત્યુ સૂચવે છે.

વિશેષ કરીને માતૃસુખ જમણા હાથમાં અને પિતૃસુખ ડાબા હાથની રેખા તપાસવાથી સમજાય છે.

આયુષ્ય રેખા ઉપર બેઉ હાથમાં આવું ✻ નક્ષત્ર જેવું ચિન્હ હોય તો ભયંકર ઘટનાથી મૃત્યુ સૂચવે છે, આયુષ્ય રેખા ઉપર આવું x ક્રોસનું ચિન્હ હોય તો ભયાનક રોગ અગર ભયાનક મુશીબત સૂચવે છે આયુષ્ય રેખાના દક્ષિણ ભાગમાં મણીબંધ તરફથી રેખા નીકળી ચંદ્રપર્વતથી ઉપર જાતી હોય તો તેવા માણસને મુસાફરી બહુ કરવી પડે છે, વિશ્રાંતી જેવું હોતું નથી. આવી રેખા દરીયાપારની મુસાફરી સૂચક છે.

આ રેખા ઉપર કાળા રંગનો ડાઘ હોય તો વિષમજ્વર સૂચક અથવા વિષ-પ્રયોગ સૂચક છે.

આયુષ્ય રેખામાંથી એક શાખા નીકળી ચંદ્રપર્વતથી પણ આગળ જતી હોય તો તે વિદેશમાં મૃત્યુ સૂચક છે.

શુક્રપર્વત ઉપરથી રેખા નીકળી આયુષ્ય રેખાને કાપી-મસ્તક રેખાને પણ કાપી આગળ હૃદય રેખાને જઈને મલતી હોય તો તેવા માણસને પિતાનું સુખ હોતું નથી. અને આવી રેખાવાળા માણસને એકથી વધુ સ્ત્રીઓ હોય છે.

આયુષ્ય રેખાના મુળમાંથી જે રેખા નિકળે તે ભાગ્યોદય સુચવે છે. આયુષ્ય રેખાના છેડામાંથી જો એક રેખા નીકળી મણીબંધ તરફ જતી હોય તો પ્રવાસ સૂચક છે–નિરોગીપણું તથા સ્વતંત્ર ધંધો કરવાપણું અને મોટી યાત્રા થાય તેમ બતાવે છે.

આયુષ્ય રેખાને અડીને □ આવું ચિન્હ પડેલું હોય તો તેવા માણસ માટે ફોજદારી કેસનો ભય હોય છે કદાચ કારાગાર સુધી શિક્ષા અપાવે છે. આયુષ્ય રેખામાંથી એક રેખા નિકળી સૂર્યના પર્વત ઉપર જતી હોય તો તેવો માણસ યશસ્વી તથા માન પ્રતિષ્ઠાવાળો તથા કારખાનાનો માલીક હોય છે.

આયુષ્ય રેખાના મુળમાંથી રેખા નીકળી શનીના પર્વત સુધી જાય તે માન પ્રતિભા તથા વ્યાપાર લાભ સુચવે છે.

ભાગ્ય રેખામાંથી એક ફાંટો ચંદ્રપર્વત ઉપર જાય તો તેવો માણસ બહુધા પરદેશમાં વસવાટ કરે છે.

# મસ્તક રેખા અથવા પિતૃરેખા.

૨ આ રેખા અંગુઠા ને ગુરૂની આંગળી નીચેથી નીકળી હથેલીના મધ્યભાગમાં થઇ ચંદ્ર તથા નિચલા મંગળના મેદાન સુધી આવે છે આ રેખામાંથી મનુષ્યની સ્મરણ શક્તિ–બુધ્ધીમત્તા કવિત્વશકિત લેખનશકિત સ્વભાવ વિ. જાણી શકાય છે.

આ રેખા જેની લાંબી હોય છે તે ધન પ્રાપ્ત કરે અને સંગ્રહ પણ કરી શકે છે. ચંદ્રના પર્વત સુધી પહોંચતી રેખાવાળો માણસ કવિત્વ શકિત ધરાવતો હોય છે અને પ્રાય: તે સંગીતનો શોખીન હોય છે. આ રેખા દોહરી એટલે કે ડબલ હોય તો તે બે પ્રકારના ધંધા કરી લાભ મેળવે છે.

જો આ રેખા ઉગમ સ્થાનમાં આયુષ્ય રેખાથી દુર હોય તો તે માણસનો સ્વતંત્ર મગજ અને સ્વતંત્ર વ્યવસાય સૂચવે છે. જો આ રેખા અંતમાં આંગળીઓ તરફ જતી જણાય તો નિશ્ચયી સ્વભાવ ચતુર યશસ્વી વ્યાપારમાં લાભ તથા કોન્ટ્રેકટના ધંધાથી લાભ સુચવે છે.

આ રેખા ઉપર આવું. બિન્દુ હોય તો તે મસ્તક પીડા યાને નેત્ર રોગ સુચવે છે ધોળા રંગનું બિન્દુ બ્હેરાપણું સુચવે છે. મસ્તક રેખા અને હૃદય રેખા વચ્ચે જેટલું અંતર વધારે હોય તેટલું ઉદ્દારપણું સુચવે છે. ભલમનસાઈ સુચવે છે. જો આ બે લાઇનો નજદીકમાં હોય તો બુદ્ધિનો અભાવ અને ભોળપણ સુચવે છે. આયુષ્ય રેખા અને મસ્તક રેખાનું ઉગમ સ્થાન એક હોય અને પાછળથી જુદી પડે તે અવિશ્વાસી સ્વભાવ સુચવે છે તથા બાલ્ય અવસ્થામાં રોગીપણું સુચવે છે.

આ રેખા સ્વતંત્રપણે નીકળી હોય તો-સત્યભાષી-સ્વાવલંબી અને સ્વભાવની ઉતાવળ સુચવે છે આ રેખા નાની હોય તો મંદતા સુચવે છે આ રેખા જો વાંકી ટેઢી થઇને હૃદય રેખાને મલી ગઈ હોય તો તેવા માણસ બુદ્ધી ભ્રષ્ટ અથવા ઠગ ચોર ઘાતકી કૃત્ય કરનાર થાય છે.

આ રેખા વચમાં તુટી ગઈ હોય તો માથામાં જખમ થવાની શકયતા છે. આ રેખા જંજીર આકૃતિવાળી હોય તો મંદ બુદ્ધી, મસ્તક પીડા અને કંઠ રોગ સુચવે છે.

આ રેખા લાંબી હોય અંગુઠો જાડો અને પુષ્ટ હોય તો માણણ જુલ્મી થાય છે.

આ રેખા નીચે મંગળના પર્વત ઉપર O બિન્દુનું ચિન્હ હોય તો તેવો માણસ ખુન કરવા સમાન દુષ્ટ હોય છે.

આ રેખા વાંકે વળીને ચંદ્રની ટેકરી તરફ જતી હોય તો અને તેના ઉપર આવા X ▷ O § ચોકડી, ટાપુ જવ કે સાંકળી જેવા ચિન્હો હાય તો મગજની નબળાઇ ઉન્માદ અને ગાંડપણ સુચક છે. આવી રેખા નબળી મગજશક્તિની નિશાની છે.

મસ્તક રેખા ઉપર ગુરૂના પર્વત નીચે ચોકડીની નીશાની હોય તો વિશેષ સત્તાનો ઉપયોગ કરવાની મગજ ઉપર આઘાત લાગવાની નિશાની સુચક છે આવી નિશાનો શનીના પર્વત નીચે મસ્તક રેખા ઉપર હોય તો વાહન ભય સૂચક છે–બુધના પર્વત નીચે મસ્તક રેખા ઉપર આવી ચોકડીની નિશાની હોય તો વેપાર ધંધામાં નુકશાની અને મગજ અસ્થિર થવાની નિશાની છે. બેવડી મસ્તક રેખા હોય તો વારસો મલવાનું સુચવ છે. આ રેખા ઉપર જવની નિશાની ગુરૂપર્વત નીચે જણાય તો વિદ્યાભ્યાસમાં બેદરકારી અને મહાત્વકાંક્ષાની ખામી બતાવે છે શનીપર્વતનીચે આ રેખા ઉપર જવની નિશાની હોય તો ગરમીના દર્દ અને મગજની પીડા સુચવે છે.

સૂર્યના પર્વત નીચે આ રેખા ઉપર જવની નિશાની હોય તો આંખની નબળાઈ બતાવે છે.

બુદ્ધના પર્વત નીચે આ રેખા ઉપર જવની નિશાની હોય તો કપટી સ્વભાવ સ્વાર્થવૃતી અને પ્રાયઃ વૃદ્ધાવસ્થામાં ગાંડપણ અને ધનનાશ સૂચવે છે આ રેખા જો ઉપર જઈ હૃદય રેખાને મળે તો તેવો માણસ સંપુર્ણ સ્વાર્થી હોય છે અને સ્વાર્થ ખાતર ગુન્હો કરતા અચકાતો નથી.

આ રેખાના અંતમાં ✻ તારા જેવું ચિન્હ હોય તો પાણીનો ભય સૂચવે છે. આ રેખા મધ્ય ભાગમાં જો તુટી ગઈ હોય તો મસ્તક ફુટવાની અને જખમ થવાની નિશાની છે.

મસ્તકરેખા ઉપર શનીના પર્વત નીચે જો કાળા રંગનો બિન્દુ હોય તો દંતરોગી હોવાનું સૂચવે છે. સફેદ અગર લાલરંગનો બિન્દુ હોય તો ખુની મનુષ્યના લક્ષણ છે.

# હૃદયરેખા

૩ આ રેખાનો પ્રાચિન સામુદ્રીક ગ્રંથોમાં આયુષ્ય રેખા કહે છે તે રેખા બુદ્ધની આંગળી પાસેથી નીકળી શની અને ગુરૂની આંગળી સુધી જાય છે આ રેખાથી હૃદય અંતકરણ પ્રેમ વિ. સમજાય છે. આ રેખા હાથની આંગળીઓથી જેટલી દૂર હોય તેટલી ઉદારતા સૂચક છે. ગુરૂના પર્વત સુંધી આ રેખા સ્પષ્ટ હોય તો તેવા માણસ મહાન મનોધિકાર-શ્રદ્ધાયોગી અને પૂર્ણ કર્મકામ કરતા હોય છે. આ રેખા ગુરૂપર્વત નીચે અગર કીનારે કીનારે જાતી જણાય તો તેવો માણસ વિશેષ વિષય વાસનાવાળો-અને વિષય વાસનાથી અપરાધ સુધી પહોંચે તેવી શકયતા ગણાય-આ રેખા નાની હોવી સ્વાર્થ સૂચક છે. આ રેખાના અંત: ભાગમાં બે શાખા જણાય તો તે ભાગ્યવાન મિત્ર કે સ્રીથી પ્રેમથી વ્યવહાર ચલાવનાર હોય છે. આ રેખા તર્જની આંગળીના મુળસુધી પહોંચેલી હોય તે માણસ સદાચારી હોય છે.

આ રેખા જો શનીપર્વત એટલે મધ્ય આંગળી સુધી પહોંચેલી હોય તો તેવો માણસ અપ્રમાણીક વિષયી અસંતુષ્ટ અને કૃતઘ્ન હોય છે.

આ રેખા જો જંજીર આકૃતીની હોય તો-નિર્માલ્યતા બાયલાપણું અને અપ્રમાણીકતા સૂચવે છે.

આ રેખા દોહરી (ડબલ) હોય તો પોતાની સ્રી પ્રત્યે વિશેષ કામાંધ હોય છે, આ રેખાની અંદર વચ્ચે સફેદ બિન્દુ હોય તો સન્નિપાત રોગ-રક્તબિન્દુ હોય તો અગ્નિનો ભય, કાળુ બિન્દુ હોય તો વિષ ભય, અને નક્ષત્રનું ચિન્હ હોય તો કોઈપણ કારણથી આંધળાપણું સૂચવે છે.

હૃદય રેખામાંથી ચાર રેખા ફુટેલી હોય તો તે જગત પુજનીયપણું સૂચવે છે. પૂ. મહાત્માજી અને રવિદ્રનાથ ટાગોરના હાથમાં આવી ચાર રેખાઓ ફુટેલી હતી.

આ રેખા ગુરૂના પર્વત પર નહીં જતાં વાંકુ વળીને મસ્તક રેખા અથવા આયુષ્ય રેખાને મલતી હોય તો તેવા માણસને પ્રેમની બાબતમાં નિરાશ થવાથી માનસીક આઘાત થાય છે. પોતે અપાત્રે પ્રેમ બાંધે છે પ્રેમ બહુધા પોતાથી ઉતરતા દરજ્જાવાળા સાથે કરે છે બહુધા આવા માણસો વધારે પડતા પ્રેમ અને લાગણીવાળા હોય છે. આ રેખા ગુરૂ અને શની પર્વત અથવા તર્જની અને મધ્યમા આંગળીની મધ્યભાગમાં ગયેલી જણાય તો તે કોઈપણ સ્ત્રી સંબંધી વ્યભિચારી દોષ આરોપ બતાવે છે અને સ્વભાવ સ્વસ્ત્રી ઉપર પણ શંકા લાવનારો હોય છે.

આ રેખામાંની એક રેખા નીકળી ટેઢી ઝુકીને ચંદ્ર પર્વત ઉપર ગયેલી હોય તો તે મનુષ્ય ખુની અથવા ઘાતકી હોય છે આવા માણસ સાથે કદી વિરોધ કે તકરાર કરવી નહીં.

આ રેખામાંથી એક શાખા નીકળી મસ્તક રેખાને કાપતી હોય તો તેવાનાં લગ્ન સમયમાં વિવાદ ઉતપન્ન થાય, બનેલ લગ્નની તૈયારી વિખરાઈ જાય આવા માણસો બીજાની બુદ્ધી ઉપર ચાલનારા હોય છે.

આ રેખા ઉપર શનિ પર્વતની નીચે જવનું ચિન્હ જણાય તો તેને વૃષણ વૃદ્ધિ અને સ્નાયુ સંબંધી રોગ સૂચવે છે.

આ રેખા ઉપર સુર્ય પર્વત નીચે જવનું ચિન્હ જણાય તો દૃષ્ટિમંદતા સુચવે છે.

# ભાગ્ય રેખા

ભાગ્યરેખાને–ધનરેખા ઉર્ધ્વરેખા પ્રારબ્ધરેખા શનિરેખા વિ; કહે છે. આ રેખા ભાગ્યશાળીઓના હાથમાં હોય છે, બહુ શ્રમ કરનારના હાથમાં આ રેખા હોતી નથી.

આ રેખા હથેળીના વચ્ચેથી શરૂ થતી જણાય તો પાછળની જીંદગીમાં સુખીપણું સૂચવે છે.

આ રેખા અને આયુષ્યરેખા અતિ સમીપમાં હોય અને મસ્તકરેખા પણ એજ ઠેકાણે મળતી હોય તો વૈદ હકીમ થાય છે; માણસો ઉપર પ્રભાવ પાડી શકે છે.

આ રેખા ડબલ હોય તો વૈભવ સૂચક છે.

આ રેખા વચ્ચેથી તુટેલી હોય તો તે વખતે ધંધા બદલાતા રહે છે. પણ નુકશાન થતું નથી.

આ રેખાની વચમાં જવનો ચિન્હ જો જુદો દેખાય અને જે ઠેકાણે જવ આવતો હોય તે ઠેકાણે વયમાનનો હિસાબ કરતાં – તે વખતે માનહાની થાય – નોકરી ધંધો છુટી જાય

આ રેખા ઉપર જવનું ચિન્હ જણાય તો સુખ–હિન જીવન અથવા સ્વાસ્થ્યમાં ખામી અને રોગીપણું સૂચવે છે,

આ રેખાઓને ચંદ્રપર્વત ઉપરથી એક રેખા નીકળીને મળે તો એવા માણસ ભાગીદાર બને અને તેથી ધનવાન બને છે.

જંજીર આકૃતિની આ રેખા હોય તો ભાગ્યહીન પણું બતાવે છે. આ રેખાનાં મુળમાં તારા જેવું ચિન્હ જણાય તો માતાપિતાને દુઃખ દેનારપણું સુચવે છે.

ધનરેખા આયુષ્યરેખા અતિ સમીપમાં હોય અને મસ્તકરેખા પણ એ સ્થાનમાં મલતી હોય તો ડાકટર વૈદ હકીમ થાય છે. ધંધાથી પ્રસિધ્ધિ મેળવે છે. ધનીક બને છે. અને લોકો ઉપર પ્રભાવ પાડે છે. આ રેખા પર મધ્ય ભાગમાં જવનું ચિન્હ જણાય તો તેવા માણસ તેવાજ ચિન્હવાળી સ્ત્રીને મલે છે કે તુરતજ અન્યોન્ય વશ થાય છે. ભાગ્યરેખા મણીબંધમાંથી નીકળીને મસ્તકરેખામાં રહેલા ટાપુને મલી તે ટાપુ હોય કે લીલારંગનું બિન્દુ હોય તો વર્ષમાનના હિસાબે ત્યાં સુધી ધંધો કરી શકશે નહીં. પ્રાયઃ આવો માણસ બિમાર રહ્યા કરે પણ મસ્તક રેખા ઉપરથી બીજી રેખા શનિપર્વત ઉપર જતી હોય તો પાછળની જીંદગી સુખરૂપ વીતે છે. એક ઉર્ધ્વરેખા ચંદ્રના પર્વત ઉપરથી નીકળી શનીપર્વતના મુળ સુધી જાય તો તે સુચવે છે કે કમાવેલું ધન મળે, કોઇકની પ્રસન્નતાથી-ધન મળે નોકરી દ્વારા ધન મળે. અધિકારથી ધન મળે, બહુધા આવી રેખાવાળા માણસો બીજાના સહકાર અને પ્રભાવથી આગળ વધે છે.

એક રેખા મણીબંધમાંથી નીકળી શનિપર્વતના મુળ સુધી ગયેલી હોય તો તે વકીલ, જ્યોતિષી, ડોકટર કે સ્વતંત્ર વ્યવહાર કરે છે. વડીલોપાર્જીત ધન પણ આવી રેખાવાળાઓને મળે છે. પણ આ રેખા પર્વતને છેદી આંગળીના પેરવા સુકી ગઈ હોય તો નિર્ધનપણું સુચવે છે,

ડબ ભાગ્ય રેખાવાળો માણસ સ્ત્રી મારફતે ધન મેળવે સ્ત્રીનો પ્રભાવ તેના ઉંપર પડે.

સુર્યપર્વત ઉપર આ પ્રમાણેની મસ્તક રેખા ઉપરથી જતી રેખાઓ ધન, સૌભાગ્ય સૂચક છે.

જે માણસના હાથમાં ગુરૂના પર્વત ઉપર તારો કે ક્રોસ જેવું ચિન્હ હોય તો શ્વસુર પક્ષથી ધન મળવાનું મુચક છે.

આ રેખા ઉપર તારા નક્ષત્ર જેવાં ચિન્હ જણાય તો તે ધન હાની ચિંતા કરાવે છે.

શનીપર્વત ઉપર ગયેલી આ રેખા ઉપર તારા જેવો ચિન્હ હોય તો તે અકસ્માત મૃત્યુ બતાવે છે. આ રેખામાંથી ઉપર આંગળા તરફ જાતી રેખા ભાગ્યોદય બતાવે છે. અને નીચે મુખવાળી રેખાઓ ભાગ્ય હાની ધન નાશ બતાવે છે. સ્થાન તપાસી વર્ષમાનનો હિસાબ ગણવો. ચંદ્ર પર્વત ઉપરથી રેખા નીકળીને ધન રેખાને કાપીને

આગળ ગયેલી જણાય તો ભાગીદારી શેર સટ્ટામાં હાની, સ્વસ્ત્રી સાથે અણબનાવ, આ રેખા અગર આમાંથી નીકળેલી શાખા ગુરૂ પર્વત ઉપર ગયેલી હોય તો ભાગ્યનો સંપુર્ણ ઉદય બતાવે છે.

આ રેખા અગર તેમાંથી નીકળેલી શાખા સુર્ય પર્વત ઉપર જાતી હોય તો ધન, યશની પ્રાપ્તિ સુચક છે.

આ રેખા અગર તેમાંથી શાખા બુધ પર્વત ઉપર ગયેલી હોય તો વ્યવસાયમાં તથા વૈજ્ઞાનીક ધંધામાં સફળતા સુચક છે.

# ધનિક હોવાનાં ચિન્હો

૧ જે માણસના હાથમાં ડબલ મસ્તક રેખા હોય તે માણસ ધનીક બને છે.

૨ સુર્યના પર્વત ઉપર બે ઉભી રેખાઓ હોય તો તે ધનીક બને છે.

૩ આયુષ્ય રેખામાંથી એ રેખા સાથે નીકળી શની પર્વત ઉપર ગયેલી હોય તો તે આકસ્મીક ધન અપાવે છે.

૪ જે માણસના હાથમાં ગુરૂ પર્વત ઉપર તારો અગર ક્રોસનું ચિન્હ જણાય તેવો માણસ શ્વસુર પક્ષ તરફથી ધન લાભ મેળવે છે,

૫ મણીબંધ ઉપર ક્રોસનું ચિન્હ હોય અને વચલી આંગળીના ત્રીજા ટેરવા ઉપર ત્રણ કે ચાર ઉભી રેખાઓ હોય તેવો શખ્સ વસીયાત નામાથી મિલ્કત મેળવે.

૬ મસ્તરેખા ઉંપર સફેદ રંગનું બિંદુ હોય અથવા જવ ચોકખો હોય તો આકસ્મિક ધન લાભ અપાવે છે.

૭ બેઉ હાથમાં બુધ પર્વત ઉંચે ઉઠેલો જણાય તો અને મસ્તક રેખાના મધ્યભાગમાંથી ધન રેખા નીકળતી હોય તો તેવો શખ્સ વ્યાપારથી ધન લાભ મેળવે છે.

૮ વચલી આંગળીના ત્રીજા ટેરવા ઉપર નાની નાની ત્રણ કે ચાર રેખાઓ સ્પષ્ટ હોય અને મણીબંધ ઉપર ક્રોસનું ચિન્હ હોય તો મૃત્યુ પત્ર દ્વારા સમ્પતી પ્રાપ્ત થાય છે,

૯ શુક્ર પર્વત ઉપર ઉઠાવદાર હોય અને તેના ઉંપરથી એકાદ રેખા બુધ–ચંદ્ર કે ગુરૂ પર્વત જતી હોય તો તે માણસ દરેક પ્રકારે ભોગ વિલાસ વૈભવ અને કુટુંબ સુખ પ્રાપ્ત કરે છે, મિત્ર કે સ્ત્રી પાસેથી લાભ મેળવી શકે છે. કલ્પના શકિત પ્રબળ હોય છે. આવી રેખાવાળા માણસનો ભાગ્યોદય ૨૬ કે ૪૬ વર્ષ સુધીમાં થાય છે.

# ગુરૂ પર્વત

ગુરૂપર્વત તર્જની એટલે અંગુઠા પાસેની પહેલી આંગળીના મુળમાં જે ભાગ ઉપસેલો જણાય તેને ગુરૂપર્વત કહે છે.

૧ આ ભાગ જો પૂર્ણ ઉઠેલો હોય તો માણસ ઉચ્ચભિલાષી, ધનવાન મિત્રવાળા સમાજ તથા કુટુંબમાં પ્રિતી રાખવાવાળો, આનન્દી, કિર્તીની ઇચ્છા રાખવાવાળો સૌંદર્ય પ્રીય, ગર્વ રાખવાવાળો મનુષ્ય હોય છે.

૨ પણ આ પર્વતનો ભાગ જો અધિક ઉઠેલો જણાય તો તે મનુષ્ય અહંકારી હોય છે અને એના લખાણમાં અહંકાર ગર્વના શબ્દો જાજા હોય છે. એ અક્ષરો જાડા લખે છે અને આરંભનો અક્ષર ઘણો મોટો લખે છે.

૩ જે હાથમાં ગુરૂપર્વતનો અભાવ જણાય તો તે સ્વાર્થી અધર્મી દુરાચારી પુરૂષ હોવાના લક્ષણ છે.

૪ ગુરૂપર્વત અને ચંદ્રપર્વત બેઉ ઉઠાવદાર હોય અને બુદ્ધપર્વત બીલકુલ ન હોય તો વિચાર મોટા મોટા કરે પણ કાંઇ કરી શકે નહિં.

૫ ગુરૂપર્વત ઉપર એક ઉભી રેખા યશસ્વી મનુષ્યોને હોય છે.

૬ ગુરૂપર્વત ઉપર વધારે રેખા હોવી અપયશ કારક છે.

૭ આ પર્વત ઉપર ફુલીનું (*) નું ચિન્હ હોય તો તે શુભ છે. પણ પર્વતની બહાર હોય તો કુટુંબ સંતાપ, અને અગ્નિનો ભય સૂચક છે.

૮ આ પર્વત ઉપર (<) ક્રોસ ચિન્હ હોય તે સુખી વિવાહ બતાવે છે અભિલાષા પૂર્ણ થાય છે. અસ્પષ્ટ ક્રોસ માથાનો જખમ સૂચક છે.

૯ આ પર્વત ઉપર જવનું ચિન્હ હોય તો માણસ ઝઘડાળુ થાય છે. કુટુંબને તેનાથી કલંક લાગે તેવા કામો કરે છે.

૧૦ આ પર્વત ઉપર ત્રીકોણ (△) નું ચિન્હ હોય તો તેવો માણસ લોકહીતનું કામ કરનાર સગાઈ વ્યવહારના કામો કરનાર રાજદુત મુત્સદ્દી હોય છે અને સરળ કુશાગ્ર બુધ્ધીવાળો હોય છે.

૧૧ આ પર્વત ઉપર ચતુષ્કોણ (□) હોય તો તેવો માણસ બહુમાન પ્રતિષ્ઠાવાળો થાય છે. કપરા સંજોગોમાંથી પણ માર્ગ કાઢી શકે છે અને ઉત્તરોત્તર પ્રગતિ સાધે છે.

૧૨ આ પર્વત ઉપર બિન્દુ (૦) નું ચિન્હ હોય તો તેવા માણસની પ્રતિષ્ઠા જવાની હાનીનો સંભવ છે.

૧૩ આ પર્વત ઉપર જાળી (÷+) નું ચિન્હ હોય તો તેવો માણસ દુષ્ટ સ્વભાવનો નીચ કર્મ કરવાવાળો દુષ્ટ સ્વભાવથી પ્રભાવ પાડવાવાળો અને સમાજમાં આવા માણસોનું સ્થાન રહેતું નથી.

# ૨ શની પર્વત

મધ્ય આંગળી નીચે ઉઠેલા પ્રદેશને શનિનો પર્વત કહે છે.

૧ આ પર્વત પૂર્ણપણે ઉઠાવદાર જણાય તો તે માણસ શાંત સ્વભાવી મીત્તભાષી એકાંતવાસ સેવન કરવાવાળો સદાચારી હોય છે બાગ બગીચાનો શોખ હોય છે એવો માણસ અક્ષરે અક્ષર બાજુબાજુમાં અને ઝીણાં લખે છે અને લખાણવાળો છેલ્લો અક્ષર ન વંચાય તેવો લખે છે અથવા પછી લખતાજ નથી.

૨ આ પર્વતનો અભાવ હોય એટલે કે જગ્યા ઉઠેલ ન હોય અગર એ પર્વત ઉપર જાળીનું ચિન્હ હોય તો તેવો માણસ અસત્યવકતા ભાગ્યહીન વ્યભિચારી અને બહુ બોલવાવાળો હોય છે.

૩ આ પર્વત ઉપર જો તારા (·×·) નું ચિન્હ હોય તો અશુભ ઘટના અને દુ:ખ સૂચક છે પણ જો એ તારાની નીચે ઉર્ધ્વ રેખા આવી પહોંચી હોય તો તે શુભ ચિન્હ ગણાય છે. જો માત્ર તારાનુંજ ચિન્હ હોય તો તેવા માણસો સર્પ દંશ વીજળી અને પડવાથી વાગવું એટલો ભય સૂચવે છે તથા અર્ધાંગવાયુ અકસ્માત મૃત્યુ પણ સૂચવે છે પણ જો ગુરૂ પર્વત પર ત્રીકોણ કે ચૌકોન ચિન્હ હોય તો આ પર્વત ઉપરનું તારાનું અશુભ ચિન્હ કંઈ અસર કરી શકતું નથી.

૪ આ પર્વત ઉપર ક્રોસનું ચિન્હ હોય તો શરીર સ્વાસ્થય બગાડે છે. એક બીજાથી છેદાયેલ રેખા આ પર્વત ઉપર આવેલ હોય તો તે પણ દુર્ભાગ્યની નિશાની છે.

૫ આ પર્વત ઉપર ત્રીકોણનું ચિહ્ન હોય તો તે સામુદ્રીક જાણવાવાળાં અગર મંત્ર તંત્ર તથા ગુપ્ત વિદ્યાનો જાણકાર બને છે, સ્વાભીમાની હોય છે આ ત્રિકોણ વચ્ચે જો તારાનું ચિહ્ન હોય તો તેવા માણસનું ખુન થાય-થવાની શકયતા ગણાય પણ બહુધા તેમાંથી બચી જવાય છે.

૬ આ પર્વત ઉપર જાળીનું ચિહ્ન વ્યભીચારપણું સુચવે છે.
૭ આ પર્વત ઉંપર ચતુષ્કોણ ચિહ્ન શુભ ફળ આપનાર ગણાય છે.

૮ આ પર્વત ઉપર જવનું ચિહ્ન દુઃખદાયક વૃધાવસ્થામાં આપદા અને દરિદ્રતા સુચવે છે.

૯ આ પર્વત ઉપર બિન્દુનું ચિહ્ન વૃધાવસ્થામાં દુઃખ કે ધન નાશ કરાવે છે.

૧૦ કેવળ એકજ શનીનો પર્વત ઉંઠેલો હોય તો દંત રોગ--વાત્ રોગ અપચા એવા રોગ બતાવે છે.

૧૧ શની અને ગુરૂ પર્વત હાથમાં વધારે બીજા પર્વતો કરતાં ઉઠાવદાર હોય તો તે શાંત સ્વભાવ અને વિચારશીલતા સુચવે છે; અને અધિક વધારે ઉઠેલો હોય તો તે હીસ્ટીરીયા દર્દનું સૂચક છે.

૧૨ શની, ગુરૂ બુધ એ ત્રણ પવત વધારે ઉઠેલા જણાય તો તે શોધક બુદ્ધિના ડોકટર વૈધ કે હકીમ હોવાનું બતાવે છે.

૧૩ શની-બુધ એ બેજ પર્વત ઉઠેલા જણાય તો તે ચોર, ફસાવવાવાળા, લુચ્ચા, સમાજમાં પ્રસન્ન અને વ્યવહારીક રીતે ચાલવાવાળા હોય છે.

૧૪ શની એને શુક્ર એ બે પર્વતો વધારે ઉઠેલા જણાય તો તે યોગાભિલાસીપણું સૂચવે છે.

# ૩ સૂર્ય પર્વત

આ સૂર્ય પર્વતનું સ્થાન અનામીકા આંગળીના (ટચલી પછીની પહેલી) હેઠળના ભાગમાં છે તે પૂર્ણ વિકસેલ હોય તો તે કળા કૌશલ્ય નવીન શોધ કરવાવાળો, ઉદાર સ્વભાવનો પ્રેમી બહુ વિદ્વાન-નિષ્કામ-સ્ત્રીયો પ્રત્યે શુભ પ્રેમ રાખવાવાળો-સૌંદર્ય પ્રીય અને ક્ષણીક બુદ્ધીવાળો હોય છે.

૧ સૂર્ય બુધ એ બન્ને પર્વત ઉઠાવદાર હોય તો સમજદાર ચતુર બુદ્ધીમાન તત્વવેતા અને લેખક હોય છે.

૨ સૂર્ય અને ચંદ્ર બીજા પર્વતો કરતાં અધિક જણાય તો ધુર્ત કપટી પણ લોકપ્રિય હોય છે.

૩ સૂર્ય પર્વત ઉપર તારાનું ચિન્હ ધન હાની સૂચવે છે; દૈવ યોગથી ખ્યાતી મલી હોય તો તે ગુમાવનાર અને અસ્થાઈ ખ્યાતીનું સૂચન છે.

૪ આ પર્વત ઉપર ક્રોસનું ચિન્હ સટ્ટામાં નુકશાની કરાવે દેવાળુ કાઢે ધન સંબંધી ચિન્તા રખાવ્યા કરે.

૫ આ પર્વત ઉપર ત્રીકોણનું ચિન્હ ઔષધ સંબંધી કૌશલ્યવાન અને પદાધિકારી પણાનું સૂચક ચિન્હ છે.

૬ આ પર્વત ઉપર ચતુષ્કોણનું ચિન્હ શુભદાયી ગણાય છે.

૭ આ પર્વત ઉપર જવ અથવા બિન્દુનું ચિન્હ અશુભ સમજવું.

# ૪ બુધ પર્વત

કનિષ્ટિકા આંગળીના નીચેના ભાગને બુધનો પર્વત કહેવાય છે.

૧ બુધનો પર્વત પુર્ણ ઉપસેલો હોય તો સાહસીક-ઉત્સાહી-બુધ્ધીમાન-ગર્વ રહીત વિનોદી કૌતુકી-ધર્મજ્ઞાન વેતા-પ્રવાસમાં અનેક સ્થળોમાં ફરનાર–વિપત્તી સામે ટક્કર ઝીલનાર ઝીણા પણ સાફ અક્ષર લખવાવાળો હોય છે.

૨ આ પર્વત વધારે ઉઠાવદાર હોય તો લુચ્ચા ઠગ–અપ્રમાણીક હોય છે.

૩ આ પર્વત ઉપર ક્રોસનું ચિન્હ ચોરીપણું બતાવે છે–અને તેમાં ટચલી આંગળી ટેઢી હોય તો તે જાતક અવશ્ય ચોર બને છે.

૪ આ પર્વત ઉપર ત્રીકોણનું ચિન્હ હોય તો તેવો મણસ યશસ્વી અને વ્યાપારમાં અગ્રસ્થાન ભોગવે છે. ચતુષ્કોણનું ચિન્હ પણ આ પર્વત ઉપર હોય તો શુભ લક્ષણ ગણાય છે.

૫ આ પર્વત ઉપર જાળી, જવ, બીન્દુ જે માણસના હાથમાં હોય તો તે માણસ પોતાના સંબંધીની સ્ત્રી સાથે અયોગ્ય સંબંધ રાખે છે.

# ૫ મંગલ પર્વત

મંગળ પર્વત હથેલીના બન્ને મધ્યભાગમાં છોડાના અંતરે–ઉપલો મંગળ અને નીચલો મંગળ એમ બે પર્વતો આવેલા છે.

૧ જો મંગલપર્વત ઉઠાવદાર હોય તો, સાહસીકતા-આત્મનિયમતા ક્ષમાશીલતા, સામર્થ્ય વાનના ગુણો બતાવે છે–વધારે ઉઠાવદાર હોય તો ઉતાવળો ક્રોધી સ્વભાવ–અને હઠીલી પ્રકૃત્તી અને સંકુચીત માનસ બતાવે છે.

૨ આ પર્વત એટલે કે (બુધ નીચેનો મંગલ) નીચલા મંગલમાં તારા અથવા નક્ષત્રનું ચિન્હ હોય તો તેવા માણસો ખુની બને છે–તેઓનું મૃત્યુ યુદ્ધમાં કે ઝઘડામાં થાય છે. આત્મ-હત્યા કરવાવાળા માણસના હાથમાં આવું ચીન્હ હોય છે.

૩ આ પર્વત ઉપર ક્રોસનું ચિન્હ શત્રુનો ભય બતાવે છે.

૪ આ પર્વત ઉપર બિન્દુનું ચિન્હ હોય તો જમીન ઝઘડામાં ચાલી જસે તેમ બતાવે છે.

૫ નીચલા મંગળમાં જો ત્રીકોણનું ચિન્હ હોય તો તેવો માણસ દ્રઢનિશ્ચયી–એક વાત પકડનાર–સૈનિક કે અધિકારી બને છે.

૬ નીચલા મંગળમાં જો કાળા રંગનું બિન્દુ હોય તો સ્થાવર મિલ્કત ઝઘડાથી નષ્ટ થાય છે.

# ૬ ચંદ્ર પર્વત

૧ ચંદ્ર પર્વત સરખી રીતે ઉપસેલો હોય તો તે બેફીકરાઈપણું-પરાવલંબીપણું-ઓછી જવાબદારી-મોજીલો સ્વભાવ સાથે કલ્પના શકિતના ગુણો-અને રચનાત્મક શકિત પણ હોય છે.

૨ આ પર્વત ઉપર તારા અગર નક્ષત્રનું ચિન્હ રોગપણું સૂચવે છે, પાણીમાં ડુબી મરવાનો ભય રહે છે.

૩ આ પર્વત ઉપર ક્રોસનું ચિન્હ હોય તો અસત્યવાદી ઠગ હોય છે અને આવા માણસનું મૃત્યુ પ્રાય: સમુદ્રમાં કે પાણીમાં ડુબી મરવાથી થાય છે.

૪ વર્તુલ (O) ચિન્હ અવ્યવસ્થપણું-બતાવે છે અવિચારી હોવાના કારણે આવા માણસોએ પોતાની પાસે કંઇ હથીયારો રાખવા નહીં. નહીંતર હથીયારનો ઉપયોગ ઝગડામાં થઇ જાય છે. અને ખુન પણ થઈ જાય છે. આવા ચિન્હવાળાને ભય હોય છે.

૫ આ પર્વત ઉપર ત્રીકોણનું ચિન્હ અન્તર્જ્ઞાન પ્રાપ્ત કરવાનું સૂચક છે.

૬ આ પર્વત ઉપર ચતુષ્કોણનું ચિન્હ સંકટોમાંથી બચી જવાની નિશાની છે.

૭ આ પર્વત ઉપર જવ-બિન્દુ જાળી વિ. ચીન્હો હોય તો અશુભ ગણાય છે; દુ:ખ ભાગ્ય-હાની વિ. થયા કરે છે. સ્ત્રીના હાથમાં જો જાળીનું ચિન્હ હોય તો હીસ્ટીરીયાનું દર્દ સૂચવે છે અને આવી સ્ત્રી બહુધા વ્યભીચારીણી હોય છે.

# ૭ શુક્ર પર્વત

શુક્ર પર્વત પુર્ણ પણે ઉપસેલ હોય તો તે વિચારવાન જીવનના અંતિમ ભાગમાં સારો લાભ મેળવે છે. મોટા હુદ્દાની નોકરી, જમીનદાર, ડહાપણવાળો શાંત સ્વભાવનો માણસ હોય છે.

આ પર્વત અંગુઠાથી કરીને મણીબંધ સુધી હોય છે. આ પર્વત સંપૂર્ણ વિકસેલ હોય તો તેવો માણસ ચારિત્રશીલ-સ્વધર્મપ્રિય-અને લોકપ્રિય હોય છે આવો માણસ સુડોળ સુંદર અક્ષર લખે છે-અક્ષર લખવામાં વચ્ચે અંતર રહેતો નથી-અક્ષરો સાફ હોય છે, ધ્યાન મગ્ન માણસનો શુક્ર પર્વત પણ વિકસેલ હોય છે.

૧ આ પર્વત અધિક પ્રમાણમાં ઉઠાવદાર હોય તો વિષયની આશક્તા બતાવે છે.

૨ આખા હાથમાં ગુરૂ અને શુક્ર એ બે પર્વત પુરા ઉઠેલા હોય તો તેને આત્મ પ્રશંષા રૂચે છે. અને સમાજમાં સારૂ સ્થાન ભોગવવાની ઇચ્છાવાળા હોય છે.

૩ શુક્ર પર્વત જમણા હાથમાં જો તારાનું ચિન્હ જણાય તો તે નાનપણમાં પિતાનુ સુખ ગુમાવ્યું હોય છે. એજ ચિન્હ ડાબા હાથમાં હોય તો નાનપણમાં માતાનું મૃત્યુ સુચવે છે.

૪ શુક્ર પર્વત ઉપર જો તારાનું ચિન્હ હોય તો પ્રેમી પત્નિ સાથેના વિવાહમાં કષ્ટ થાશે તથા કોઈ સંબંધી કે મિત્ર તરફથી આપત્તી આવશે. ભાગ્યહાની થવાનો સંભવ રહે છે.

૫ આ પર્વત ઉપર જો ક્રોસનું ચિન્હ હોય તો પ્રેમી પત્નિ હોવાનું સુચવે છે.

૬ આ પર્વત ઉપર ત્રીકોણ હોય તો તે ગણીત શાસ્ત્રી-હોય છે તેઓનો પ્રેમ સાચો હોતો નથી. માત્ર સ્વાર્થ-ધન પ્રાપ્તી માટેજ-બીજા સાથે સંબંધ રાખે છે.

૭ આ પર્વત ઉપર ચતુષ્કોણનું ચિન્હ હોય તો તે સ્ત્રીના મોહપાશમાંથી કોઈ જાતની માન હાનીના પ્રસંગમાંથી બચે છે. આવો માણસ લગભગ સાધુ હોય છે; આ ચતુષ્કોણ સ્પષ્ટ ન હોય અને ખંડીત હોય તો, જેલ નીવાસ સુચવે છે.

૮ જવ વર્તુલ કે બિન્દુ આ પર્વત ઉપર હોય તો તે અશુભ છે. જવનું ચિન્હ હોય તો તેવો માણસ પોતાના ઉપકારી સાથે કૃતઘ્ની નિવડે છે.

૯ આ પર્વત ઉપર જાળીનું ચિન્હ હોય તો તેવો માણસ વ્યભીચારી મલીન-દાંભીક હોય છે આવા માણસને બંદીખાનામાં કે પાગલ ખાનામાં અથવા જેલમાં જવાનું બને છે, જાળીનુ ચિન્હ જો વધારે જાડાઈમાં દેખાય તો ખાનગી રીતે સ્ત્રીઓ સાથે વિશેષ વ્યભિચારીપણું સુચવે છે.

૧૦ આ પર્વત ઉપરથી એક રેખા નીકળી, આયુષ્યરેખા, મસ્તકરેખા અને હૃદયરેખાને ઓળંગી બુધ પર્વત ઉપર પડેલી સ્ત્રીની રેખાને જઈને મલી હોય તો તેવા માણસને પોતાની સ્ત્રી

સાથે બનતું નથી. આખા જન્મભર તેને જુદુ રહેવું પડે છે પણ આ રેખા હૃદયરેખાને મલતી હોય અને જરાપણ આગળ ન ગઇ હોય તો તેવો માણસ પોતાની સ્ત્રી સાથે અતિ પ્રેમ ભરી રીતે રહે છે, અને તેવા માણસોને સ્ત્રી મારફતે ધન પણ મલે છે.

૧૧ શુક્ર પર્વતમાંથી એક ઉર્ધ્વરેખા નીકળી-આયુષ્ય રેખાને છેદીને ગુરૂ પર્વત ઉપર જઈ ત્યાં અટકતી હોય તો આવો માણસ ઉદાર કર્મશીલ દેવ ધર્મ ઉપર શ્રદ્ધા રાખવાવાળો હોય છે.

૧૨ શુક્ર પર્વતમાંથી એક ટેઢી રેખા નીકળી હાથના હથેલીની વચ્ચે ગએલી જણાય તો તેવો માણસ શ્વાસ રોગથી હેરાન-ગતી ભોગવે છે આ પર્વતમાંથી એક રેખા નીકળી મંગળના મેદાન સુધી જતી હોઇ તો સ્ત્રીં સાથે વિખવાદ થાય છે. અને કોર્ટનો આસરો લેવો પડે છે,

૧૩ આ પર્વતમાંથી એક રેખા નીકળી આયુષ્ય રેખાને છેદી આગળ ધન રેખાને જઇને મલતી હોય તો તેવા માણસને તેના કોઈ મૃત-સંબંધીનું ધન વારસામાં મલશે તેમ સુચવે છે.

૧૪ શુક્ર પર્વત ઉપરથી જેટલી રેખાઓ નીકળી આયુષ્ય રેખાને મલતી હોય તેટલા સ્ત્રીં-સંબંધ થાશે. તેમ અચુક જાણવું પણ આ રેખાઓ આયુષ્ય રેખાને છેદીને જતી હોય તો વિવાહ કે સંબંધમાં અડચણો બતાવે છે.

# આંગળીઓ વિષે.

## ૧ તર્જની આંગળી અથવા ગુરૂ પર્વતની આંગળી

૧ આ આંગળી સરળ અને સીધી સપ્રમાણ લંબાઇની હોય તો તે મનુષ્ય બળવાન આજ્ઞાકર્તા પોતાની મતલબ સાધવાવાળો સદાચારી પણ ગર્વીષ્ઠ હોય છે.

૨ આ આંગળી સપ્રમાણથી કંઇક નાની હોય તો તેવો માણસ પોતાની ઇચ્છાનુસાર કામ કરવાવાળો- કૃતઘ્ન—સારા નરસાનો વિચાર ન કરવાવાળો—બીજાને દુઃખ આપવાવાળો અને જોખમનું કામ કરવા માટે અયોગ્ય હોય છે.

૩ આ આંગળી શનીની આંગળી તરફ ઝુકી પડેલી હોય તો તેવો માણસ ઘમંડી હોય છે.

૪ આ આંગળીની લંબાઇ—વચલી આંગળીની પ્રથમ સંધી સુધીની હોય તો તે દંભી ધર્માચરણ કરવાવાળો અને ઢોંગી હોય છે.

૫ આ આંગળીની પ્રથમ સંધિ બીજી બે આંગળીના બે સાંધાથી જો લંબાઇમાં વધુ જણાય તો મનુષ્ય ધાર્મિક વિષયો ઉપર વકતા હોય છે અને વિશેષ કરીને આધ્યાત્મીક વાતાવરણ પસંદ કરે છે.

૬ એજ આંગળીની બીજી સંધી લાંબી હોય તો તે મહત્વકાંક્ષા દર્શાવે છે.

૭ એજ આંગળીની ત્રીજી સંધિ લાંબી હોય તો વધુ ગર્વીષ્ટ તથા હુકમ કરવાના કામમાં પ્રિતી રાખવવાળો હોય છે.

૮ આ આંગળીના પ્રથમ પર્વત ઉપર તારાનું ચિન્હ હોય છે તે મનુષ્ય લાંબા પ્રવાસથી અને તેના અંતમાં સાર્વજનિક કાર્યમાં યશ મેળવે છે.

૯ આ આંગળીના બીજા સાંધા ઉપર ક્રોસ કે ફુલીનું ચિન્હ હોય તો તેવો માણસ મોટા શ્રીમંતો સાથે મિત્રતા કરે છે.

૧૦ આ આંગળીના પ્રથમ સાંધા ઉપર જો તારાનું ચિન્હ હોય તો ઘણો ભાગ્યશાળી હોય છે.

૧૧ આ આંગળીના ત્રીજા સાંધા ઉપર જો તારાનું ચિન્હ હોય તો તે મનુષ્ય વ્યભિચારી હોય છે.

૧૨ આ આંગળીના પ્રથમ ટેરવા ઉપર જો ચક્રનું ચિન્હ હોય તો સુખકારક જાણવું; ધન લોભી અને મહત્વકાંક્ષી પણ હોય છે.

૧૩ આ આંગળીના અગ્ર ભાગ ઉપર શંખ કે શકિતનું ચિન્હ હોય તો તેવો માણસ અધિક ખર્ચ કરવાવાળો અસ્થિર સ્વભાવનો હોય છે.

# મધ્યમા અંગુલી-શનીની આંગળી

## આ આંગળીથી મનુષ્યનું પ્રસંગાવધાન તથા ઇષ્ટ નિંત્ય પરીણામ કલ્પાય છે.

૧ આ આંગળી જાડી અને અધિક લાંબી હોય તો તેવો માણસ અસરવાદી હોય છે. અને બુધ્ધીવાળો હાય છે જવાબદારીના કામથી હંમેશા બીતો હોય છે.

૨ આ આંગળી ટેઢી વળેલી હોય તો તેવો માણસ ભય પ્રકૃત્તીવાળો અને નિત્ય રોગી હોય છે.

૩ બહુધા આ આંગળી અર્ધ વર્તુલાકાર આકૃતિની હોય છે. આ અર્ધ વર્તુલાકારની આંગળીવાળા માણસની કલ્પના શકિત ઉંચી હોય છે કલાપ્રીય શાસ્ત્રમાં પ્રેમ તથા વાજિત્રમાં રસવાળા હોય છે.

૪ આ આંગળી નોકદાર હોય; સાથે મસ્તક રેખાનો અભાવ હોય તો તેવો માણસ બીજાને ફસાવે છે.

૫ આ આંગળીની પ્રથમ પેરવી લાંબી હોય તો તેવો માણસ અંધશ્રધ્ધાળુ ખીન્નસ્વભાવી અને અંધાન્ન અને ઉદાસી પ્રવૃતીના હોય છે.

૬ આ આંગળીની બીજી પેરવી લાંબી હોય તો તેવો માણસ યાંત્રીક કલામાં પ્રિતી રાખે છે અને આવી પેરવીવાળા માણસની બીજી આંગળીઓ પણ ગાંઠા વગરની હોય તો તેવો માણસ જ્યોતિષ-ગુપ્ત વિદ્યા યોગ-વેદાંતીક વિ. માં શોખીન હોય છે.

૭ આ આંગળીનો ત્રીજો પેરવો જો લાંબો હોય તો તેવો માણસ લોકપ્રિય વ્યવસ્થિત જીવન ગાળવાવાળો હોય છે.

૮ મધ્ય આંગળીના ત્રીજા પેરવામાંથી એક સરળ રેખા નીકળી ને પહેલા પેરવા પર્યંત ગયેલી હોય તો તેવો માણસ ખનીજ પદાર્થોમાંથી કે તેના વેપારમાંથી ધન કમાય છે,

૯ આ આંગળીના પ્રથમ પેરવા ઉપર જો એક ખડી રેખા હોય તો તે બીજાનો દ્વેષ કરવાવાળો હોય છે.

૧૦ આંગળીના પહેલાં સાંધા ઉપર તારાનું ચિન્હ અશુભ સુચક છે.

૧૧ આ આંગળીના ત્રીજા પેરવા ઉપર તારાનું ચિન્હ હોય તો શસ્ત્રોથી મરણ થાય.

૧૨ સ્ત્રીના હાથમાં આ આંગળીના મુળમાં ત્રીજા પેરવા ઉપર તારાનું ચિન્હ હોય તો તે બહુધા વંધ્યા થવાનું સુચક છે.

૧૩ આ આંગળીના અગ્રભાગ ઉપર શંખનું ચિન્હ હોય તો તે વિદ્વાન શાસ્ત્રજ્ઞ હોય છે.

૧૪ આ આંગળીના અગ્રભાગ ઉપર ચક્રનું ચિન્હ હોય તો તે ભાગ્યવાન સ્વપરાક્રમી વિપુલ ધન કમાય છે.

૧૫ આ આંગળીના મુળમાં જો જવનું ચિન્હ હોય તો તેવો માણસ બહુ પુત્ર–પુત્રીઓનો પિતા થાય છે.

# ૩ અનામીકા આંગળી

૧ આ આંગળી તર્જની આંગળી (પહેલી આંગળી) જેટલીજ લાંબી હોય તો તેવો માણસ યાંત્રીક કળામાં રૂચી રાખવાવાળો અને તેમાંથી કીર્તીની જંખના કરવાવાળો હોય છે.

૨ આ આંગળીનો અગ્રભાગ અર્ધવર્તુલાકારનો હોય તો તેવો માણસ સટ્ટાના કામમાં અને બીજાને ફસાવવાના કામમાં પ્રિતિ રાખવાવાળો હોય છે.

૩ આ આંગળી જો મધ્યમાં આંગળી કરતાં લાંબી હોય તો તેવો માણસ સર્પવ સંકટમાંથી બચી જાય છે, કલા કુશળ હોય છે અને સંપાદન કરે છે.

૪ આ આંગળીના પ્રથમ અગ્રભાગ ઉપર ચૌકોન પડેલો હોય તો તેવો માણસ શોધક, પ્રત્યેક હુન્નરના કાર્યમાં સ્વબુદ્ધિથી નવું નવું કરનાર હોય છે પણ તેઓ, એ હુન્નર બીજાને બતાવી શકતા નથી. ચૌકોન જો આંગળીનાં પ્રથમ ભાગ ઉપર પડેલો હોય તો તેવો માણસ સાહિત્ય પ્રેમી–પ્રગતી કરનાર અને પુરૂષાર્થી હોય છે.

૫ આ આંગળીનો જે પ્રથમ પેરવો લાંબો હોય તો તેવો માણસ કલામાં તથા સુંદરતામાં વધુ પ્રિતી રાખવાવાળો હોય છે.

૬ જો બીજો પેરવો લાંબો હોય તો ચિત્રકળામાં પ્રવીણતા મેળવે છે.

૭ જો આ આંગળીનો ત્રીજો પેરવો લાંબો હોય તો ધન તથા દેખાવનાં કામમાં પ્રવિણ તથા મિથ્યાભિમાની હોય છે.

૮ આ આંગળીના મુળમાંથી એક સરળરેખા નિકળી ઉપરના પ્રથમ પેરવાની સંધિ સુધી ગઈ હોય તો તેવો માણસ ખુબ ભાગ્યશાળી હોય છે. આવા માણસો મિલ માલીક અથવા મોટા કારખાનાના માલીક બને છે, સંપત્તીવાન બને છે.

૯ આ આંગળીના ત્રીજા સાંધામાંથી કોઇપણ રેખા જો નીકળીને આંગળીના મુળમાં નીચે જઇને મલતી હોય તો તેવો માણસ વૃથભિમાની–મોહક ભાષણ કરવાવાળો તથા વ્યંગમાં બોલવાવાળો હોય છે. આવા માણસો પોતાની ભાષા દ્વારા પ્રભાવ પાડીને દ્રવ્યોપાર્જન કરે છે.

૧૦ આ આંગળીના અગ્રભાગ ઉપર જો ચક્રનું ચિન્હ હોય તો તેવો માણસ લોકપ્રિય-લોકમાં માન મેળવનાર દ્રવ્ય સુખ અને બીજા અનેક સુખોના ભોગવાવાળો હોય છે.

૧૧ આ આંગળી પર જો બીન્દુનું ચિન્હ હોય તો તેવા માણસનું દ્રવ્ય કોઇ યવન દ્વારા લુંટી લેવાનું સૂચવે છે.

# કનિષ્ટિકા આંગળી-બુધની આંગળી

૧ આબુદ્ધની આંગળી જો તદન સિધિ હોય તા તેવો માણસ સમાજ તથા વ્યવહારમાં સફળતા મેળવે છે અને યોગ્ય વખતે લાભ ઉઠાવી શકે છે.

૨ આ આંગળી જો પ્રમાણ કરતાં લાંબી હોય તો અપ્રમાણીક પણું બતાવે છે લાંબી હોવા છતા સુંદર–મોટી–ચૌડી અને આગળ વધેલી દેખાય તો તેવો માણસ મુશ્કીબતોનો સામનો કરીને પણ કાર્યમાં યશ મેળવે છે–મુસીબતો અને મુઝવણોનો સામનો કરવો એ તેઓની પ્રકૃત્તીમાં હોય છે.

૩ આ આંગળીની લંબાઈ તર્જની (પહેલી) આંગળી જેટલીજ હોય તો તેવા માણસોના પ્રભાવ બીજા પર પડતો નથી. અને ઇચ્છિા મુજબનું કાર્ય આવો માણસ કરી શકતો નથી.

૪ આ આંગળીની લંબાઈ મધ્યમા (બીજી આંગળી) ના પ્રથમ પેરવા સુધી પહોંચી હોય તો તેવો માણસ લાલચુ શિક્ષણ પ્રેમી, શાસ્ત્રનો ઉંડો અભ્યાસ કરનાર, અને ઝીણામાં ઝીણી વાતને બરોબર સમજી અને સમજાવી શકવાની શકિતવાળો હોય છે.

૫ જો આ આંગળી (અનામીકા) ત્રીજી આંગળીની લંબાઈ જેટલીજ હોય તો તેવો માણસ વેદાંતી તત્વચિંતક હોય છે. પણ તે ઉપર જો અશુભ ચિન્હ પડેલું હોય તો ઢોંગી હોય છે.

૬ જો આ આંગળી ઘણીજ નાની હોય તો તેવામાં ગ્રહણશકિત ઘણી હોય છે. પણ ઇચ્છીત વાતો નષ્ટ થઈ જાય છે અને એવામાં સદગુણોનો અભાવ હોય છે. આવી નાની આંગળીમાં જો હાથનો અંગુઠો પુષ્ટ હોય, મસ્તકરેખા પૂર્ણ લંબાઇની હોય, તો તેવો માણસ ઇચ્છાનુસાર કામ કરી શકે છે અને યશ મેળવે છે.

૭ આ આંગળી જો ટેઢી અગર વાંકી હોય તો તેવા માણસોમાં નૈતિક હિંમત હોતી નથી, સારાસારનો વિચાર હોતો નથી તે બીજા પાસેથી લાભ પણ લઈ શકતો નથી અને હલકી વિચાર શ્રેણી ધરાવતો હોય છે.

૮ આ આંગળીનો પ્રથમ ભાગ કડણ હોય તો તેવો માણસ હોશીયાર હોય છે પોતાની ન્યુનતના બીજાને જણાવા દેતો નથી. આવા માણસનો બોલવાનો પ્રભાવ બીજા ઉપર પડતો નથી. પણ જો આંગળીનો પ્રથમ અગ્રભાગ વધારે કડણ જણાય તો તેવો માણસ બીજાને ફસાવવાળો હોય છે.

૯ આ આંગળીનો પ્રથમ પેરવો ચપટો હોય તો તેવો માણસ મશીનરી કામમાં શોખીન અને હોશીયાર હોય છે.

૧૦ આ આંગળીનો પ્રથમ પેરવો જો લાંબો હોય તો તેવો માણસ બોલવામાં ચતુર અને શાસ્ત્રમાં પ્રીતી રાખવાવાળો હોય છે.

૧૧ આ આંગળીનો બીજો પેરવો જો લાંબો હોય તો તેવો માણસ વેપારદષ્ટિવાળો, ઉત્તમ લેખક તથા વિજ્ઞાનમાં પ્રિતી રાખનારો હોય છે.

૧૨ આ આંગળીનો ત્રીજો પેરવો જો લાંબો હોય તો તે રાજનિતીજ્ઞ પુર્ણ કુશાગ્રબુદ્ધીવાળો વ્યવહારીક હોય છે. પણ આ પેરવાની લંબાઈ પ્રમાણથી અધિક હોય તો લફંગાઈ દુરાચાર ધુર્તતા સૂચક છે.

૧૩ આ આંગળીના પ્રથમ સાંધાપર અથવા પેરવા પર એક સરળ મોટી ઉભી રેખા હોય તો તેવાની પ્રકૃત્તી અ-સ્વસ્થ રહે છે અને પ્રતિદિન રોગી રહે છે.

૧૪ આ આંગળીના બીજા પેરવા પર જો જાડી અને વાંકી ટેઢી રેખા હોય તો આવો માણસ વ્યભીચારી અને વિષયી હોય છે.

૧૫ આંગળીના ત્રીજા સાંધામાંથી એક રેખા નીકળી બીજા સાંધા સુધી ઉભી સીધી ગયેલી હોય તો તેવો માણસ ઉત્તમ વકતા હોય છે. અને તેથી પ્રસિદ્ધિ મેળવે છે.

૧૬ આ આંગળીના પ્રથમ સાંધા પર જો તારાનું ચિન્હ હોય તો તેવા માણસનો વિવાહ થાતા નથી અને ગરિબીમાં જીવન પસાર કરે છે.

૧૭ આ આંગળી પર જો બિન્દુનું ચિન્હ હોય તો તેવા માણસની બધી મિલ્કત ચોરાઈ જાશે તેમ બતાવે છે.

૧૮ આ આંગળીના અગ્રભાગ ઉપર જો ચક્રનું ચિન્હ હોય તો તે વ્યાપાર દ્વારા ધન કમાય છે અથવા શાસ્ત્રકાર કે ગ્રંથકર્તા બને છે. ચક્રનું ચિન્હ ન હોય-પણ એ ભાગ ઉપર જો સીધી રેખા હોય તો વ્યાપારમાં ધન ગુમાવશે એમ બતાવે છે.

# બંદીખાના નિવારણ મંત્ર

૧ ॐ नमो राय भय जक्ख रक्ख रय स्वाहा

આ મંત્ર પોષ વદી ૧૦ પાર્શ્વનાથ ભગવાનના જન્મ કલ્યાણકના દિવસે અથવા કોઈ પણ કૃષ્ણ પક્ષની દશમીના દિવસે એકાસણનું વ્રત કરી ભાવનાની સન્મુખ દશ માળા ગણવાની. પછી જ્યારે કાર્ય પડે ત્યારે આ મંત્રને સાત વાર બોલીને ઘરમાંથી પગ ઉપાડવો. અવશ્ય કાર્ય સિદ્ધિ થાય છે.

### ભક્તામર સ્તોત્રની ૪૨મી ગાથા

आपाद कंठमुरूश्रृंखलवेष्टितांगा, गांठबृहन्निगडकोटि निघृष्टजंघा ।
त्वन्नाम मंत्रमनिशंमनुजास्मरन्तः, सद्यः स्वयं विगतबंधमया भवन्ति ॥

ઋષભદેવ ભગવાનની સમક્ષ ઉત્તરદિશા સન્મુખ બેસી ધુપ દીપ કરી ઉપરની ગાથાની એક માળા ગણવાની. ॐ ऋषभायनमः એ મંત્રના સવાલાખ જાપ કરવાના.

# વિષ નિવારણ મંત્ર

रक्तेक्षणं समदकोकिल कंठनीलं, क्रोधोध्धतंफणिनमुत्फणमापतंतं
आक्रामति क्रमयुगेन निरस्तशंक त्वन्नामनागदमनीहृदियस्यपुंसः

ભક્તામર સ્તોત્રની આગાથા ને ૨૧ વાર બોલી પાણી મંત્રી ને દઈને પાવાનું તથા શરીર ઉપર છાંટવાનું જેનાથી વિષનો પ્રભાવ દૂર થઈ જાય છે.

# રોગ નિવારણ મંત્ર

ॐ अमृते अमृतोद्भवे अमृत श्रावय श्रावय ममसर्वरोगान्
प्लावय प्लाव्य ठः ठः ठः स्वाहा :

૧— આ મંત્ર ૨૧ વાર બોલીને પાણીમાં વાસક્ષેપ મંત્રીને નાખે. પછી તે પાણી પાવાથી સર્વ રોગ વ્યાધિ પીડામાં શાંતિ થાય છે.

૨— મૂળમંત્ર તથા ભક્તામર સ્તોત્રની તેરમી ગાથાની માળા ગણવાથી મહાન અસાધ્ય રોગો પણ નષ્ટ થાય છે. અનુભવ સિધ્ધ અને સત્ય હુકીકત છે.

ભક્તામરની તેરમી ગાથા

वक्त्रं क्वतेसुरनरोरग नेत्रहारि, निःशेषनिर्जित जगत्रितयोपमानम्।
बिम्बं कलंकमलिनं क्वनिशाकरस्य, यद्वासरे भवति पांडुपलाशकल्पम्॥

મૂલમંત્ર = ॐ ह्रीँ पूर्वं आमोसहिलब्धिणं, ॐ ह्रीँ विप्पोसहिलब्धिणं
ॐ ह्रीँ खेलोसहिलब्धिणं, ॐ ह्रीँ जलोसहिलब्धिणं
ॐ ह्रीँ सव्वोसहिलब्धिणं, नमः स्वाहा.

આ પાંચપદનો મંત્ર ત્રિકાળ ગણવાનો. મંત્રની માળા ગણતાં પહેલાં ભક્તામર સ્તોત્રની તેરમી ગાથા સાતવાર બોલ્યા પછી મંત્રની શરૂઆત કરવી.

# વિદ્યાદેવીનો મંત્ર

ऐंनम: આ ત્રણ અક્ષરનો મંત્ર મહાપ્રભાવિક છે દરરોજ ત્રિકાળ દશદશ માળા ગણવાથી વિદ્યા ચઢે છે સફેદ માળાનો ઉપયોગ કરવો.

# અહોરાત્ર—જૈન ચોઘડીયાં આરંભ

# સિદ્ધના આધારે

| ક્રમ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શુભ | શુભ | કંટક | કાળ | યમઘંટા | શુભ | કુલિક |
| ૨ | શુભ | કંટક | કુવેલા | યમઘંટા | શુભ | કુલિક | કાળ |
| ૩ | કંટક | કાળ | યમઘંટા | શુભ | કુલિક | કુવેળા | શુભ |
| ૪ | કુવેલા | યમઘંટા | શુભ | કુલિક | કાળ | શુભ | કંટક |
| ૫ | યમઘંટા | શુભ | કુલિક | કુવેળા | શુભ | કંટક | શુભ |
| ૬ | શુભ | કુલિક | કાળ | શુભ | કંટક | શુભ | કુવેળા |
| ૭ | કુલિક | કુવેળા | શુભ | કંટક | શુભ | યમઘંટા | શુભ |
| ૮ | કાળ | શુભ | શુભ | શુભ | કુવેલા | શુભ | શુભ |

## સમજાણુ

દરેક વારમાં દિવસ કે રાત્રીના સમયનો આઠમો ભાગ શુભાદિનામ પ્રમાણે આરંભ સિદ્ધિ જ્યોતિષના મહાન ગ્રંથમાં શુભાશુભ સમય પ્રમાણ બતાવેલ છે. તેના આધારેજ સ્પષ્ટ ગણિત કરીને પોતાના શુભ કાર્યમાં શુભ ચોઘડીયા નો ઉપયોગ કરવો. શુભ સિવાયના ચોઘડીયા અનિષ્ઠ અને નિષ્ફળ સમજવા. તે ઉપરાંત ચલ, લાભ, અમૃતાદિ ચોઘડીયા કે હોરા જે આવે છે તે સર્વે દુષિત થયેલા સમજવા માટે તેનો ઉપયોગ વર્જ્ય ગણવો. દિન શુદ્ધિ માટે ચોઘડીયાનો સમય ઉત્તમ ફળદાયક છે.

## મે. ભવાનજી કરમસી ની કું.

૧૫૯, કાલાચોકી રોડ, દિગ્વીજય મીલ ચાલ,
મુંબઈ નં. ૪૦૦ ૦૩૩.

卐

અમારે ત્યાં હંમેશા શુદ્ધ અને તાજું શીંગતેલ,
ઓપરેલ તેમજ સરસુ તેલ અને રીફાઈન્ડ તેલ
હોલસેલ અને છુટક મળશે.

## 卐 લક્ષ્મી કટપીશ શેન્ટર 卐

ઠે. રાનડે રોડ, શ્યામ વાડી,
દાદર (W. R.) મુંબઈ–૪૦૦ ૦૨૮.

અમારે ત્યાં દરેક જાતનાં કટપીશ તથા શુંટીગ
અને શર્ટીંગ કીફાયત ભાવે મળશે.